અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

23 JUNE-2026 TUESDAY | Vol. : 17 | Issue : 351 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

નેતન્યાહુએ કહ્યું- હું ટ્રમ્પના ઈશારે નથી ચાલતો

4

પૃથ્વી ઉપર હવે સૂર્યપ્રકાશનું બેલેન્સ પણ ડગમગી રહ્યું છે!

6

માતા-પિતા છૂટા પડ્યા બાદ હું 'જવાબદાર' બની: દિયા મિર્ઝા

7

ચાંદી આજે ₹5,826 મોંઘી, ₹2.37 લાખ પર પહોંચી: સોનાનો ભાવ ₹1,694 વધ્યો, 10 ગ્રામ 24 કેરેટ સોનું ₹1.46 લાખ થયું

## જીવ બચાવવા લોકો છત પરથી કૂદ્યા

# લખનૌમાં કોચિંગ સેન્ટરમાં લાગી ભીષણ આગ, 14 લોકોના મોત

### અલીગંજના પૂર્ણિયા વિસ્તારમાં એક બિલ્ડિંગમાં લાગેલી ભીષણ આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો : ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા

**લખનૌ, તા.22**

લખનૌના અલીગંજના પૂર્ણિયા વિસ્તારમાં એક બિલ્ડિંગમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગ ફાટી નીકળવાના કારણે સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને થોડીવારમાં જ આખી બિલ્ડિંગ આગની લપેટમાં આવી ગઈ હતી. આગમાં ૧૪ લોકોના મોત થયાના અહેવાલ છે. શરૂઆતના અહેવાલોમાં કોચિંગ સેન્ટર અને લાઈબ્રેરી હોવાનું સામે આવ્યું હતું, પરંતુ વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે,ગ્રાઉન્ડ ફ્લોર પર એક પેટ શોપ હતી અને ઉપરના માળે ગેમિંગ ઝોન આવેલું છે.



આગ લાગ્યા બાદ ઉપરના માળે રહેલા લોકો ગભરાઈ ગયા હતા. લોકો બાથરૂમમાં ફસાયેલા હોવાના અહેવાલો હતા, પરંતુ બચાવ કામગીરી દરમિયાન તમામ વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગનો કોલ મળતાં જ ફાયર અને પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક લોકોએ પણ બચાવ પ્રયાસોમાં મદદ કરી હતી. આગની તીવ્રતાને જોતાં ઘણા લોકો બિલ્ડિંગમાંથી બહાર નીકળવા માટે છત પરથી કુદ્યા હતા. તો ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી કાર્યાલયે પણ આ અકસ્માત પર દુ:ખ વ્યક્ત કર્યું છે અને મૃતકોના પરિવારજનોને સહાયની જાહેરાત કરી છે. PMOએ જણાવ્યું હતું કે મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી રૂ.૨ લાખ અને ઘાયલોને રૂ.૫૦,૦૦૦ની સહાય આપવામાં આવશે.

અગ્નિશામકોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો છે. હાલમાં કુલિંગ ઓપરેશન ચાલી રહ્યું છે. ઘટનાની જાણ થતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ બાબતની નોંધ લીધી અને અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવા નિર્દેશ આપ્યો. તેમણે વહીવટીતંત્રને સતર્ક રહેવા અને ઘાયલોને યોગ્ય તબીબી સારવાર સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી.

નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે પણ ઘટના અંગે પૂછપરછ કરી અને રાહત પ્રયાસોનું નિરીક્ષણ કર્યું. પ્રારંભિક આશંકા વચ્ચે, ૪-૫ લોકો ફસાયેલા હોવાની શક્યતા હોવાના અહેવાલો હતા. ઘટના બાદ વિસ્તારમાં ફેલાયેલી અરાજકતા ઓછી થઈ ગઈ છે અને પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

ઘટના બાદ ચૌદ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જોકે, બાળકો અને અન્ય લોકોની સંખ્યા હજુ સુધી જાણી શકાઈ નથી. અધિકારીઓનું કહેવું છે કે બચાવ કામગીરી પૂર્ણ થયા પછી અને તમામ ઘાયલોની સ્થિતિ સ્પષ્ટ થયા પછી જ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવશે. જોકે, કેટલાક લોકોને ગંભીર હાલતમાં બહાર કાઢવામાં આવ્યા હોવાને કારણે, મૃત્યુઆંક વધવાની શક્યતા નકારી શકાતી નથી.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાની કડક નોંધ લઈને ડીજીપી અને ગૃહ વિભાગના વરિષ્ઠ અધિકારીઓને સ્થળની મુલાકાત લઈને વિગતવાર રિપોર્ટ સોંપવા આદેશ આપ્યો છે. ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક, ડીએમ વિશાખ અને એડીસીપી નોર્થ ટ્વિંકલ જૈન સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્યોની સીધી દેખરેખ રાખી હતી. મુખ્યમંત્રીએ ઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર આપવા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાના સંકેત આપ્યા છે. હાલ સમગ્ર વિસ્તારમાં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને તપાસ ચાલુ છે.

## બંગાળમાં ભાજપ સરકારના પ્રથમ બજેટમાં 1 લાખ નોકરીઓ:

# 33% મહિલા અનામત, બેરોજગારોને ₹3000 માસિક ભથ્થું

**કોલકાતા, તા.22**

પશ્ચિમ બંગાળની BJP સરકારે સોમવારે પોતાનું પહેલું બજેટ રજૂ કર્યું. નાણાં મંત્રી સ્વપ્ન દાસગુપ્તાએ 1 લાખ સરકારી પદો પર ભરતીની જાહેરાત કરી. જેમાં 20 હજાર પોલીસ અને 50 હજાર શિક્ષક અને બિન-શૈક્ષણિક પદોનો સમાવેશ થાય છે. તેમાંથી 33% નોકરીઓ મહિલાઓ માટે અનામત રહેશે. અગ્નિવીરોને 10% અનામત મળશે. સરકારે કહ્યું કે 1 ઓક્ટોબરથી સરકારી કર્મચારીઓનો DA 18% થી વધારીને 38% કરવામાં આવશે. મહિલાઓની અન્નપૂર્ણા યોજના પર 36 હજાર કરોડ ખર્ચ કરવામાં આવશે. સરકારે લઘુમતી કલ્યાણ અને મદ્રેસા વિભાગ માટે ભંડોળ 5,713 કરોડથી ઘટાડીને 2,165.42 કરોડ કરી દીધું છે. સરકારે કહ્યું કે તેને અગાઉની TMC સરકાર પાસેથી 8.15 લાખ કરોડનું દેવું મળ્યું છે. તેમ છતાં, વહીવટી સુધારા અને ભ્રષ્ટાચાર મુક્ત વ્યવસ્થા બનાવવા પર ભાર મૂકવામાં આવશે. પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યના લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગ હેઠળ આવતી તમામ મદરેસાઓમાં 'વંદે માતરમ' ગીત ગાવાનું ફરજિયાત કર્યું છે. 19 મેના રોજ જારી કરાયેલા આદેશ મુજબ, આ નિયમ સરકારી મોડેલ મદરેસાઓ, સરકારી સહાયિત અને બિન-સહાયિત મદરેસાઓને તાત્કાલિક લાગુ પડશે. આ પહેલા મદરેસાઓમાં સવારની પ્રાર્થના દરમિયાન રાષ્ટ્રગાન 'જન ગણ મન' અને કવિ ગુલામ મુસ્તફાનું 'અનંત અસીમ પ્રેમમય તુમી' (બંગાળી ગીત) ગાવામાં આવતું હતું. હવે તમામ



મદરેસાઓએ આ આદેશનો અમલ કર્યા બાદ તેનો રિપોર્ટ પણ વિભાગને સુપરત કરવો પડશે.

બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો 4 મેના રોજ આવ્યા હતા. ભાજપે 294માંથી 207 બેઠકો જીતીને રાજ્યમાં પ્રથમ વખત સરકાર બનાવી હતી. 9 જાન્યુઆરીના રોજ શુભેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી પદના શપથ લીધા. ત્યારબાદ બંગાળ સરકારે BSFને ફેન્સિંગ માટે જમીન, વસ્તી ગણતરી અને ધર્મ આધારિત કલ્યાણકારી યોજનાઓ સંબંધિત અનેક નિર્ણયો લીધા હતા.BSFને સરહદ પર ફેન્સિંગ કરવા માટે જમીન સોંપવી- ભારત-બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા મજબૂત કરવા અને વાડ (ફેન્સિંગ) લગાવવા માટે સીમા સુરક્ષા દળ (BSF) ને 600 એકર જમીન 45 દિવસની અંદર આપવામાં આવશે, જેનાથી સરહદ સંબંધિત જૂનો વિવાદ સમાપ્ત થશે.

બંગાળમાં CAAની પ્રક્રિયા શરૂ- CAA હેઠળ આવતા 7 સમુદાયો અને 31 ડિસેમ્બર 2024 સુધીમાં ભારતમાં આવેલા લોકોને નાગરિકતા કાયદાનો લાભ મળશે. પોલીસ તેમને અટકાયતમાં લઈ શકશે નહીં. આયુષ્માન ભારત અને કેન્દ્રીય યોજનાઓનો અમલ કરવો- પશ્ચિમ બંગાળ સરકાર હવે કેન્દ્ર સરકારની 'આયુષ્માન ભારત' યોજના સાથે જોડાઈ ગઈ છે, જે અંતર્ગત ગરીબ પરિવારોને 5 લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે. વસ્તી ગણતરી શરૂ કરવાનો નિર્ણય- રાજ્યમાં લાંબા સમયથી અટકેલી વસ્તી ગણતરીને તાત્કાલિક શરૂ કરવા માટે વહીવટી આદેશ જારી કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જૂન 2025ના આ આદેશ પર અગાઉની સરકારે કોઈ પગલું ભર્યું ન હતું. સરકારી નોકરીઓની વય મર્યાદામાં છૂટ- સરકારી નોકરીઓ અને શિક્ષક ભરતીની તૈયારી કરી રહેલા યુવાનોને મોટી રાહત આપતા સરકારે અરજીની વય મર્યાદામાં 5 વર્ષની છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓને કેન્દ્રીય તાલીમ પર મોકલવાની મંજૂરી- જૂની નીતિ બદલીને હવે રાજ્યના IAS (IAS), IPS (IPS) અને WBPS (WBPS) અધિકારીઓને કેન્દ્ર સરકારના ટ્રેનિંગ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. ભારતીય ન્યાય સંહિતા અપનાવવી- સરકારે રાજ્યમાં નવા કેન્દ્રીય ફોજદારી કાયદાઓ (જેમ કે ભારતીય ન્યાય સંહિતા) ને સંપૂર્ણપણે લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ કાયદાઓ જૂના IPC અને CrPCનું સ્થાન લેશે, જેને અગાઉની સરકારે રાજ્યમાં સત્તાવાર રીતે લાગુ કર્યા ન હતા. હિંસા પીડિત ભાજપ કાર્યકરોના પરિવારોને મદદ- વર્ષ 2021ની ચૂંટણી હિંસામાં માર્યા ગયેલા 321 ભાજપ કાર્યકરોના પરિવારોને સરકારી નોકરી અથવા આર્થિક મદદ આપવામાં આવશે. આ સાથે, સરકાર આ કેસોની ફરીથી તપાસ કરાવવા અને પીડિત પરિવારોને સંપૂર્ણ કાનૂની સહાય પૂરી પાડવા માટે પણ તૈયાર છે.

## ભારત પાસેથી UAE બ્રહ્મોસ મિસાઈલ ખરીદી શકે છે:

# એર ડિફેન્સ સિસ્ટમ આકાશતીર પર પણ વાતચીત ચાલુ

**નવી દિલ્હી, તા.22**

ભારત અને UAE વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે નવી વાતચીત શરૂ થઈ છે. રોઈટર્સના અહેવાલ મુજબ, UAE ભારતની બ્રહ્મોસ મિસાઈલ અને આકાશતીર એર ડિફેન્સ સિસ્ટમ ખરીદી શકે છે. આ સંબંધમાં બંને દેશો વચ્ચે પ્રારંભિક ચર્ચા ચાલી રહી છે. બ્રહ્મોસ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રુઝ મિસાઈલોમાંની એક છે. તેને ભારત અને રશિયાએ મળીને બનાવી છે. આ મિસાઈલ જમીન, સમુદ્ર અને ફાઈટર જેટ પરથી છોડી શકાય છે. જોકે, આ ભારત-રશિયાનો સંયુક્ત પ્રોજેક્ટ છે, તેથી તેની નિકાસ માટે રશિયાની મંજૂરી જરૂરી છે. સૂત્રોનું કહેવું છે કે આ મામલે કોઈ મોટી અડચણની શક્યતા નથી. તાજેતરના મહિનાઓમાં ઈરાન-ઈઝરાયલ યુદ્ધ અને મધ્ય પૂર્વમાં તણાવને કારણે સુરક્ષા પડકારો વધ્યા છે. આ જ




કારણોસર UAE પોતાની સૈન્ય તાકાત મજબૂત કરી રહ્યું છે. ઓઈલ અને વેપાર માટે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટની સુરક્ષા તેની સૌથી મોટી પ્રાથમિકતાઓમાંની એક છે. બ્રહ્મોસ એક સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે, જેને સબમરીન, જહાજ, એરક્રાફ્ટ કે જમીન પરથી ગમે ત્યાંથી છોડી શકાય છે. બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતના બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીઓના નામોને ભેગા કરીને બનાવવામાં આવ્યું છે.

બ્રહ્મોસ રશિયાની P-800 ઓકિન્સ ક્રુઝ મિસાઈલ ટેકનોલોજી પર આધારિત છે. આ મિસાઈલ ભારતીય સેનાના ત્રણેય અંગો, આર્મી, નેવી અને એરફોર્સને સોંપવામાં આવી છે. બ્રહ્મોસ મિસાઈલના ઘણા વર્ઝન ઉપલબ્ધ છે. બ્રહ્મોસના લેન્ડ-લોન્ચ, શિપ-લોન્ચ, સબમરીન-લોન્ચ અને એર-લોન્ચ વર્ઝનનું પરીક્ષણ થઈ ચૂક્યું છે. જમીન કે સમુદ્રમાંથી છોડવામાં આવે ત્યારે બ્રહ્મોસ 290 કિલોમીટરની રેન્જમાં મેક 2 ની ઝડપે (2500 કિમી/કલાક) પોતાના લક્ષ્યનો નાશ કરી શકે છે. સબમરીનમાંથી બ્રહ્મોસ મિસાઈલને પાણીની અંદરથી 40-50 મીટરની ઊંડાઈએથી છોડી શકાય છે. સબમરીનમાંથી બ્રહ્મોસ મિસાઈલ છોડવાનું પરીક્ષણ 2013માં થયું હતું. બ્રહ્મોસની સાથે-સાથે UAE ભારતની આકાશતીર એર ડિફેન્સ સિસ્ટમ પણ ખરીદવા માંગે છે. આ સિસ્ટમને ભારતીય સેના અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) એ મળીને તૈયાર કરી છે.

## ઉદ્ધવના 6 સાંસદો શિંદેની શિવસેનામાં જોડાયા: 4 વર્ષમાં બીજી વખત ભંગાણ,

# શિંદે બોલ્યા- છગ્ગો માર્યો, આદિત્યએ પક્ષ બદલનારાઓને વેચાયેલા કહ્યા

**મુંબઈ, તા.22**

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના 9માંથી 6 સાંસદો સોમવારે એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા. બળવાખોર સાંસદોએ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે તેમના નંદનવન બંગલા પર બેઠક કરી. ત્યારબાદ બળવાખોર સાંસદોએ શિંદે સાથે પ્રેસ કોન્ફરન્સ કરીને પાર્ટી બદલવાની જાહેરાત કરી.

આ દરમિયાન શિંદેએ કહ્યું- જ્યારે 2022માં અમે પાર્ટી અને ધનુષ-બાણ બચાવવા માટે વિદ્રોહ કર્યો હતો, ત્યારે 40 ધારાસભ્યો હતા અને હવે છગ્ગો લાગી ચૂક્યો છે. અમારી લડાઈ બાલાસાહેબના વિચારોને બચાવવા માટે છે, એટલા માટે આજે આ 6 સાંસદો બાલાસાહેબની અસલી શિવસેનામાં જોડાયા.

ઉદ્ધવના પુત્ર આદિત્ય ઠાકરેએ



X પર લખ્યું- પાર્ટી છોડનારા સાંસદોએ સાબિત કરી દીધું છે કે તેમની વફાદારી વેચાઈ શકે તેવી છે. ઓછામાં ઓછું એ માની લો કે લોભને કારણે તમે રાતોરાત કોઈ શરમ વિના આ બધું છોડી દીધું.

6 સાંસદોના જોડાણ પછી લોકસભામાં શિંદે જૂથના સાંસદોની સંખ્યા 7 થી વધીને 13 થઈ ગઈ છે. જ્યારે ઉદ્ધવ જૂથમાં 9 માંથી ફક્ત 3 સાંસદો બચ્યા છે. 2022 પછી શિવસેનામાં બીજી વખત ભંગાણ પડ્યું.

આ પહેલા ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં પોતાના ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યો (MLC) સાથે બેઠક કરી, જેમાં વર્તમાન રાજકીય ઘટનાક્રમ પર ચર્ચા થઈ. જોકે, બેઠકમાં ઉદ્ધવ જૂથના 4 ધારાસભ્યો અંગત કારણોસર પહોંચ્યા નહીં. પાર્ટીએ 2024ની વિધાનસભા ચૂંટણીમાં 288માંથી 20 બેઠકો જીતી હતી.

ઉદ્ધવે ધારાસભ્યો અને વિધાન પરિષદના સભ્યો સાથેની બેઠક બાદ મીડિયાને કહ્યું- તેમને (બળવાખોર સાંસદોને) પોતાનો પક્ષ રજૂ કરવા દો. યોગ્ય સમય આવ્યે અમે અમારો પક્ષ રજૂ કરીશું. જ્યારે પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું- શિંદેએ 6 ગદ્દારો પેદા કર્યા છે. પરિસ્થિતિને સંભાળવા માટે હવે સર્જરી કરવી પડશે.

આ પહેલા સંજય રાઉતે X પર જણાવ્યું હતું કે ઉદ્ધવ 27 જૂનથી મહારાષ્ટ્રમાં જનસંપર્ક અભિયાન શરૂ કરવા જઈ રહ્યા છે. આ દરમિયાન તેઓ બળવાખોર સાંસદોના લોકસભા ક્ષેત્રોમાં પણ જશે. જાહેર કરાયેલા શેડ્યૂલ મુજબ, ઉદ્ધવ 27 જૂને યવતમાલ, વાશિમ અને હિંગોલી જશે. 28 જૂને પરભણી અને ધારાશિવની મુલાકાત લેશે. 29 જૂને શિરડી પહોંચશે.

ઉદ્ધવ જૂથના 6 સાંસદોના બળવાખોર બનવાથી લોકસભામાં શિંદે જૂથની સંખ્યા 7 થી વધીને 13 થઈ જશે. ઉદ્ધવ જૂથમાં 9 માંથી માત્ર 3 સાંસદો બચશે. બળવાખોર સાંસદોમાં સંજય દેશમુખ, નાગેશ પાટીલ અષ્ટિકર, સંજય જાધવ, ભાઉસાહેબ વાકચૌરે, સંજય દીના પાટીલ અને ઓમપ્રકાશ રાજે નિંબાળકરનો સમાવેશ થાય છે.

આ તમામ સાંસદો 18 જૂને શિવસેના (UBT)ની સંસદીય દળની બેઠકમાં હાજર રહ્યા ન હતા. બેઠકમાં માત્ર 3 સાંસદો - અનિલ દેસાઈ, અરવિંદ સાવંત અને રાજાભાઉ વાજે પહોંચ્યા હતા. પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે અમારા સાંસદોનું અપહરણ કરવામાં આવ્યું છે. જે બેઠકમાં નહીં આવે તે ગદ્દાર છે.



# સુરતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## લિંબાયત ગરનાળામાં પાણી ભરાતા વાહનો બંધ, ઉધના વોટર વર્કસ પાસે ટ્રાફિક, પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

**સુરત, તા.22**

સુરત શહેર અને તેના આસપાસના પંથકમાં (22 જૂન) વહેલી સવારથી જ વાતાવરણમાં અચાનક મોટો પલટો જોવા મળ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી સુરતીઓ કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટનો સામનો કરી રહ્યા હતા. લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા, ત્યારે આજે સવારે અચાનક જ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. સૂર્યદેવના દર્શન થાય તે પહેલાં જ અનેક વિસ્તારોમાં ગાજવીજ તથા તેજ પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થઈ ગયા હતા. જોતજોતામાં હળવા ઝાપટાંએ ધોધમાર વરસાદનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આ અણધાર્યા વરસાદના આગમનથી શહેરીજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



સુરતમાં વરસેલા વરસાદને પગલે સુરત મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂનની કામગીરીની પોલ છતી થઈ ગઈ છે. લિંબાયત ગરનાળામાં ભારે વરસાદી પાણી ભરાઈ જતાં દર વર્ષની જેમ આ વખતે પણ સ્થિતિ 'જૈસે થી વેસે' જોવા મળી રહી છે. પાલિકા દ્વારા દર વર્ષે પ્રિમોન્સૂન કામગીરી પાછળ કરોડો રૂપિયાનો આંધણ કરવામાં આવે છે, તેમ છતાં સામાન્ય વરસાદમાં જ ગરનાળું બેટમાં ફેરવાઈ જતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં લોકો જીવના જોખમે આ ભરાયેલા પાણીમાંથી પસાર થવા માટે મજબૂર બન્યા છે, જે તંત્રની બેદરકારી દર્શાવે છે.

સુરતમાં પડેલા પહેલા જ વરસાદે મહાનગરપાલિકાની પોલ છતી કરી દીધી છે. ઉધના વોટર વર્કસ પાસે એક તરફના રસ્તા પર ભારે પાણી ભરાઈ ગયા છે. આ ભરાયેલા પાણીના કારણે વાહનચાલકો અટવાયા છે અને સમગ્ર વિસ્તારમાં ટ્રાફિકજામની ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. પાલિકાની કરોડો રૂપિયાની પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી ગઈ હોય તેમ સામાન્ય વરસાદમાં જ રસ્તાઓ પાણી-પાણી થઈ જતાં સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગની આગાહીના પગલે શહેરમાં સર્જાયેલા આ વરસાદી માહોલને કારણે સુરતના લગભગ તમામ મોટા વિસ્તારોમાં જળવર્ષા થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત શહેરમાં ઉધના, પાંડેસરા, અઠવાગેટ, અને ભટાર જેવા દક્ષિણ અને મધ્ય ઝોનના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત તાપી નદીની પાર આવેલા જહાંગીરપુરા, અડાજણ અને રાંદેરમાં પણ મેઘરાજાએ પોતાની બેટિંગ શરૂ કરી દીધી હતી. બીજી તરફ ડુમસ, નાનપુરા, હીરા ઉદ્યોગનું હબ ગણાતા વરાછા, કતારગામ અને છેવાડાના સચિન સહિતના વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ પડ્યો છે. આ તમામ વિસ્તારોમાં વરસાદ આવતાની સાથે જ વાતાવરણમાં એકદમ ઠંડક જેવો માહોલ છવાઈ ગયો હતો.

વરસાદે ગરમીથી રાહત તો આપી છે, પરંતુ સવારના પીક-અવર્સમાં જ તેનું આગમન થતાં લોકોની દિનચર્યા પર માઠી અસર પહોંચી છે. આ અણધાર્યા અને ધોધમાર વરસાદને કારણે સુરતના અનેક નીચાણવાળા રસ્તાઓ પર પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ હતી. સવારનો સમય હોવાથી નોકરી-ધંધે જતા લોકો, ફેક્ટરી અને ડાયમંડ યુનિટમાં જતા રત્નકલાકારો તેમજ શાળા-કૉલેજ જતા વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પાણી ભરાવાના કારણે અનેક જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. ટુ-વ્હીલર ચાલકોને વરસાદથી બચવા માટે બ્રિજ નીચે કે દુકાનોના શેડનો આશરો લેવાની ફરજ પડી હતી.

નોંધનીય છે કે, રાજ્યના હવામાન વિભાગ દ્વારા અગાઉથી જ દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને સુરત પંથકમાં વરસાદી માહોલ સર્જાવાની આગાહી કરવામાં આવી હતી, જે સંપૂર્ણપણે સાચી ઠરી છે. છેલ્લા કેટલાક દિવસોથી સુરતનું તાપમાન ખૂબ ઊંચું જઈ રહ્યું હતું અને ભેજવાળા વાતાવરણના કારણે લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા હતા. આ અસહ્ય બફારા વચ્ચે પડેલા આ વરસાદથી સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે અને સ્થાનિક લોકોને ગરમીથી મોટી રાહત મળી છે. હાલમાં પણ આકાશમાં વાદળોનો જમાવડો જોવા મળી રહ્યો છે અને ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેને જોતા આગામી સમયમાં હજુ પણ વધુ વરસાદ ખાબકે તેવી પૂરેપૂરી સંભાવનાઓ છે.

# સનાથલની સીમમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર પોલીસના દરોડા, ₹15 લાખના મુદ્દામાલ સાથે 5 ઝડપાયા



**અમદાવાદ, તા.22**

અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે જુગારના કારોબાર સામે લાલ આંખ કરી છે. ચાંગોદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સનાથલ ગામની સીમમાં એક ખેતરમાં ચાલતા મોટા જુગારધામ પર LCBની ટીમે મોડી રાત્રે માહિતીના આધારે દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે જુગાર રમતા 5 શખસોને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે અન્ય 8 શખસો નાસી જવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ ગ્રામ્ય LCBની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને બાતમી મળી હતી કે સનાથલ ગામની સીમમાં આવેલા એક ખેતરમાં મોટા પાયે જુગારધામ ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે ખેતરમાં દરોડા પાડ્યા હતા, જ્યાં પૈસાની હાર-જીતનો જુગાર રમી રહેલા કૌશીક પટેલ, દિગ્વીજયસિંહ ચૌહાણ, ચીંતન પટેલ, વિક્રમ ઠાકોર અને સિધ્ધરાજસિંહ ચૌહાણની ધરપકડ કરી હતી. આ ઉપરાંત મહાવિરસિંહ ઉર્ફે માવુ ચૌહાણ, ગોવિંદસિંહ પરમાર, જગદીશસિંહ ચૌહાણ, રોહીત પટેલ, નરેન્દ્ર ઉર્ફે ટીના ઠાકોર, અશ્વિન પરમાર, નીતેષ ઉર્ફે લાલા પ્રજાપતિ અને રસીક ઉર્ફે કાળુ ઠાકોર. ઘટનાસ્થળેથી નાસી જવામાં સફળ રહ્યા હતા. જેને વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.

પોલીસે દરોડા દરમિયાન જુગારના પટમાંથી અને આરોપીઓ પાસેથી મોટી માત્રામાં મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ઘટનાસ્થળેથી રોકડા 1,75,000 રૂપિયા, 50,000 રૂપિયાની કિંમતના 6 નંગ મોબાઈલ ફોન અને 13,50,000 રૂપિયાની કિંમતના 8 વાહનો મળી કુલ 15,75,000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાય હતો. આ મામલે ચાંગોદર પોલીસ મથકે ગુનો નોંધીને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વહેલી સવારે ઘરની બહારથી પશુની ચોરી કરતી ગેંગનો સાગરીત ઝડપાયો, દોઢ વર્ષથી ફરાર હતો

**અમદાવાદ, તા.22**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને મોટી સફળતા મળી છે. ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત વર્ષ 2025માં થયેલી પશુ ચોરીના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીરને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે અને તેની સામે અલગ-અલગ જિલ્લામાં અનેક ગુનાઓ નોંધાયેલા છે. મળતી માહિતી અનુસાર, વર્ષ 2025માં ચાંગોદર ગામમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા કેતનગીરી ગોસ્વામીની ગાયને વહેલી સવારે કારમાં આવેલા ચાર શખસો ચોરી કરીને ભાગી રહ્યા હતા. આ દરમિયાન કેતનગીરી જાગી જતાં તેણે ચોરોનો પીછો પણ કર્યો હતો, પરંતુ આરોપીઓ ગાયને કારમાં ભરીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ અંગે



ચાંગોદરા પોલીસમાં પશુ ચોરીનો ગુનો નોંધાયો હતો.

ચાંગોદર પોલીસ આ ગુનાના આરોપીઓને શોધી રહી હતી, તે દરમિયાન અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે આ ગેંગનો મુખ્ય વોન્ટેડ આરોપી કમરૂદ્દીન ઉર્ફે લાલા મીર શહેરમાં આસપાસ ફરી રહ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને આરોપીને દબોચી લીધો હતો અને હવે તેને કાયદેસરની કાર્યવાહી તથા આગળની પૂછપરછ માટે ચાંગોદર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

પકડાયેલ આરોપી સામે અમદાવાદ ગ્રામ્ય, વડોદરા અને સુરેન્દ્રનગર સહિત વિવિધ પોલીસ સ્ટેશનોમાં પશુ ચોરી, ચોરી, પ્રોહિબિશન અને અન્ય ગંભીર પ્રકારના કુલ 16 ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

# માર્કેટના ઝઘડાની અદાવતમાં ભાઈ જ બન્યો ભાઈનો કાળ!

## સુરતમાં વાહન ચેકિંગ દરમિયાન કમરમાં ચપ્પુ છુપાવી નીકળેલો ચેતન પાટીલ ઝડપાયો

**સુરત, તા.22**

શહેરના લિંબાયત વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કરાતા વાહન ચેકિંગ દરમિયાન પોલીસે એક મોટી અને લોહીયાળ ઘટના બનતા અટકાવી દીધી છે. લિંબાયત પોલીસે સંજયનગર સર્કલ પાસેથી એક શંકાસ્પદ બાઈક સવારને રોકી તેની તલાશી લેતા તેની કમરમાંથી એક ઘાતક અને તીક્ષ્ણ ચપ્પુ મળી આવ્યું હતું.

પોલીસની કડક પૂછપરછમાં જે ખુલાસો થયો તેણે બધાના હોશ ઉડાવી દીધા છે. પકડાયેલો આરોપી કોઈ સામાન્ય ગુનેગાર નહોતો, પરંતુ તે જૂની અદાવત અને માર્કેટના ઝઘડાની ખાર રાખીને પોતાના જ સગા ભાઈને જાનથી મારી નાખવાના ઈરાદે લાઈવ ચપ્પુ સાથે નીકળ્યો હતો. જો પોલીસે તેને સમયસર ન ઝડપ્યો હોત તો લિમ્બાયતમાં સગા ભાઈઓ વચ્ચે



લોહીયાળ જંગ ખેલાઈ ગયો હોત.

સુરત પોલીસ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓની સૂચના હેઠળ લિંબાયત પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.ડી. ચૌહાણ અને સેકન્ડ પી.આઈ. ડી.બી. ચાવડાની સીધી દેખરેખ હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. પોલીસની ટીમ જ્યારે સંજયનગર સર્કલ પાસે સઘન વાહન ચેકિંગ કરી રહી હતી, ત્યારે ત્યાંથી પસાર થતા એક મોટરસાઈકલ સવાર પર પોલીસને શંકા ગઈ હતી. પોલીસે તેને રોકીને જ્યારે તેની ઝડતી લીધી તો તેની કમરમાં ગુપ્ત રીતે છુપાવેલું ઘાતક ચપ્પુ મળી આવ્યું હતું, જેને પોલીસે તુરંત જ જપ્ત કરી લીધું હતું.

પોલીસના સકંજામાં આવેલા આ આરોપીની ઓળખ ચેતન સંજય પાટીલ તરીકે થઈ છે. તે લિમ્બાયત વિસ્તારમાં આવેલા વિનોબાનગર, મદીના મસ્જિદની પાસેનો રહેવાસી છે. આરોપી એટલો આક્રોશમાં હતો કે, તે રસ્તા પર કોઈની પણ પરવા કર્યા વગર પોતાના ભાઈની જ શોધમાં બાઈક લઈને નીકળ્યો હતો.

પોલીસ લોકઅપમાં બંધ આરોપી ચેતન પાટીલની જ્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક પૂછપરછ કરવામાં આવી, ત્યારે આ હુમલા પાછળનું અસલી અને ચોંકાવનારું કારણ સામે આવ્યું હતું. આરોપી ચેતન અને તેના સગા ભાઈ વચ્ચે થોડા સમય પહેલા માર્કેટમાં કામકાજ બાબતે કોઈ વાતને લઈને ઉગ્ર બોલાચાલી અને મોટો ઝઘડો થયો હતો.

આ ઝઘડાને કારણે ચેતનના મનમાં પોતાના ભાઈ પ્રત્યે ભારે અદાવત અને નફરત પેદા થઈ ગઈ હતી. તે પોતાના ભાઈને પાઠ ભણાવવા અને તેને હંમેશા માટે રસ્તામાંથી હટાવી દેવાના ઈરાદે ઘરથી જ તીક્ષ્ણ ચપ્પુ ખરીદીને નીકળ્યો હતો. તે ભાઈ પર ઘાતક હુમલો કરે તે પહેલા જ પોલીસ આડી આવી ગઈ હતી અને તેનો પ્લાન નિષ્ફળ ગયો હતો.

લિંબાયત પોલીસે સમયસૂચકતા વાપરીને આરોપી ચેતન સંજય પાટીલને કોઈ મોટી અને ગંભીર ગુનાહિત ઘટનાને અંજામ આપે તે પહેલાં જ દબોચી લીધો છે. પોલીસે આરોપી વિરૂદ્ધ આર્મ્સ એક્ટ અને હત્યાના પ્રયાસની પૂર્વતૈયારી કરવા બદલ ગુનો નોંધીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે અને આગળની તપાસ તેજ કરી છે.

# 10 વેબસાઈટ પરથી સાબુ મંગાવ્યા, તમામે ડુપ્લિકેટ મોકલ્યો

## સુરતમાં વોશિંગ પાઉડર અને શેમ્પુ બાદ નકલી સાબુ પકડાયા, ઘરમાં જ ડુપ્લીકેટ સાબુ બનાવવાની ફેક્ટરી ચાલતી હતી

**સુરત, તા.22**

સુરત શહેરમાં થોડા દિવસો પહેલા જ નકલી વોશિંગ પાઉડર અને શેમ્પુ બનાવવાનું ગોડાઉન ઝડપાયું હતું. ત્યારે સરથાણા વિસ્તારમાં બ્રાન્ડેડ કંપનીના લોગો અને ટ્રેડમાર્કનો દુરુપયોગ કરીને ડુપ્લીકેટ કોસ્મેટીક વસ્તુઓ બનાવવાનું એક મોટું કૌભાંડ સરથાણા પોલીસે ઝડપી પાડ્યું છે. જાણીતી કંપની 'યામી ઘર શોપ પ્રા.લી.' ના નામે નકલી સાબુ અને સ્ટીકરો લગાવીને વેચાણ કરતા એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે. ઘટનાસ્થળેથી સાબુ બનાવવાની પ્લેટો, ખાલી કવરો અને હજારોની સંખ્યામાં નકલી સ્ટીકરો મળી કુલ 6,67,500નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અલગ અલગ 10 વેબસાઈટ પરથી ઓરીજનલ કંપનીના લોકોએ આ સાબુ મંગાવ્યા હતા તે તમામ પરથી નકલી સાબુ આવ્યા હતા. જેથી આ ટોળકીને પકડી પાડવા માટે તપાસ કરવામાં આવી રહી હતી.

મૂળ અમદાવાદના ન્યુ રાણીપ વિસ્તારમાં રહેતા અને મહારાષ્ટ્રની 'યામી ઘર શોપ પ્રા.લી.' કંપનીમાં ઓથોરાઈઝ્ડ પર્સન તરીકે નોકરી કરતા જયદીપભાઈ સુભાષભાઈ ભટ્ટી (ઉ.વ. 30) એ આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. જયદીપભાઈ અને તેમની કંપનીના અન્ય એક કર્મચારી સુભાષભાઈ ભુતોરીયાએ સુરતના સરથાણા વિસ્તારમાં આવેલ સૂર્યોદય રો-હાઉસના મકાન નંબર 21માં



'mydoux' નામ હેઠળ ડુપ્લીકેટ કોસ્મેટીક વસ્તુઓ બનાવવાનું કામ ચાલતું હોવાની બાતમી મળી હતી. આ અંગે તેમણે સરથાણા પોલીસ સ્ટેશનમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટે મદદ માંગી હતી.

ફરિયાદના આધારે સરથાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ ચેતનભાઈ, પી.સી કનકસિંહ સહિતના સ્ટાફે બે સ્વતંત્ર પંચોના માણસોને સાથે રાખી સૂર્યોદય રો-હાઉસના મકાન નંબર 21 પર દરોડો પાડ્યો હતો. આ ત્રણ માળના મકાનમાં પ્રવેશતા જ પ્રથમ હોલમાંથી સાબુ બનાવવાની ડાઈ મળી આવી હતી.

પોલીસ અને કંપનીના માણસોએ તપાસ કરતા ત્યાં હાજર મકાન માલિક રાજભાઈ પ્રેમજીભાઈ ઘેવરીયા (ઉ.વ. 32, રહે. કવિતા રો-હાઉસ, સરથાણા) એ જણાવ્યું હતું કે આ તેની પોતાની કંપની 'mydoux' નું પ્રોડક્શન છે. જો કે, બારીકાઈથી તપાસ કરતા ત્યાં મોટા પાયે બ્રાન્ડેડ કંપનીના નામે ડુપ્લીકેટ સાબુ બનાવવાનું કૌભાંડ સામે આવ્યું હતું. પોલીસે મકાનના બીજા ભાગમાં તપાસ કરતા અલગ-અલગ બોક્સમાંથી 'GHAR SOAP' અને 'MAGIC BAR' ના સ્ટીકર લગાડેલા નકલી સાબુઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી 'GHAR SOAP, MAGIC BAR' ના સ્ટીકર મારેલા 150ની કિંમતના 850 નંગ સાબુ અને 100ની કિંમતના 5,370 નંગ ડુપ્લીકેટ સાબુ, અલગ-અલગ બ્રાન્ડના સાબુના થ્રી-પેક ખાલી કવર નંગ 68 અને વન-પેક ખાલી કવર નંગ 59, AQUA SOAP ના 400 નંગ, ALOE CERAMIDE SOAPના 400 નંગ, COFFEE SOAPના 130 નંગ, COCNUT SOAPના 380 નંગ અને KOJIC SOAPના 280 નંગ સ્ટીકરો અને સાબુ બનાવવાની 30 નંગ પ્લેટો કબ્જે કરી છે.

### મૃત નવજાતના શરીરમાંથી કીડા નીકળતા હતા

# અમદાવાદમાં રાયફલ ક્લબ પાસે ફૂટપાથ પરથી કપડામાં લપેટેલું મૃત બાળક મળ્યું, દુર્ગંધ આવતા લોકોએ પોલીસને જાણ કરી

**અમદાવાદ, તા.22**

અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં આવેલા રાયફલ ક્લબની પાસે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા નવજાત મૃત બાળકને મૂકી દેવામાં આવ્યું છે.આસપાસના લોકોને તીવ્ર ગંધ આવતા પોલીસને જાણ કરી હતી.પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરતા બાળકના શરીરમાંથી કીડા નીકળવા લાગ્યા હતા.બાળકને આ સ્થિતિમાં કોણ મૂકી ગયું તે અંગે શાહપુર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. રાયફલ ક્લબ પાસેથી ગઈકાલે(21 જૂન) મોડી રાતે લોકોની અવરજવર વચ્ચે તીવ્ર દુર્ગંધ આવી રહી હતી ત્યારે લોકોએ ફૂટપાથ પર ગાડીની પાછળ જઈને જોયું તો એક



કપડામાં લપેટેલું નવજાત બાળક મૃત હાલતમાં હતું. સ્થાનિકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી જેથી પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.પોલીસે જઈને તપાસ કરી ત્યારે ફાટેલા મરૂન કલરના કપડામાં લપેટેલું મૃત બાળક હતું. બાળકના શરીરમાં અલગ અલગ જગ્યાએથી કીડા નીકળી રહ્યા હતા.પોલીસ દ્વારા તાત્કાલિક મૃતદેહને ત્યાંથી પીએમ માટે મોકલી દેવામાં આવ્યો હતો. બાળક આ જગ્યા સુધી કેવી રીતે પહોંચ્યું અને કોણ મૂકી ગયું તે મામલે તપાસ કરવામાં આવી રહી છે. શાહપુર પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. 25 મે, 2026ના રોજ રાત્રિના આશરે એક વાગ્યાની આસપાસ સુરતના કતારગામ અવધૂતનગર સોસાયટી, સીતારામ ફ્લોર મીલની સામે ભક્તિનગર તરફ જતા રોડ પર એક પ્લાસ્ટિકની ફાટેલી થેલીમાં આશરે એકાદ દિવસનું તાજું જન્મેલું બાળક મૃત હાલતમાં બિનવારસી મળી આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને જોતાં ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ગ્રાઉન્ડ ફ્લોર પર ભાવતાલ ને બીજા માળે દેહવ્યાપાર: પેલેડિયમ મોલમાં હેર કેર અને સ્પાની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

**■ 8 મહિલાઓ મુક્ત, મહિલા સંચાલક-માલિક સહિત 3ની ધરપકડ**

**સુરત, તા.22**

સુરત શહેરમાં સ્પા અને મસાજ પાર્લરની આડમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ પર સરથાણા પોલીસે મોટી કાર્યવાહી કરી છે. યોગીચોક પાસે આવેલા પેલેડિયમ મોલમાં હેર આર્ટ અને સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના રેકેટોનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડા પાડીને દેહવ્યાપારના નરકમાંથી 8 ભારતીય મહિલાઓને મુક્ત કરાવી છે, જ્યારે સ્પાના માલિક, મહિલા સંચાલક અને એક ગ્રાહકને રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરથાણા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. પટેલના નેતૃત્વ હેઠળ PSI એસ.ડી. ચૌધરી અને તેમની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમી હતી કે, પેલેડિયમ મોલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી 'ક્લાસીક હેર કેર' (દુકાન નં. G-84) અને બીજા માળે આવેલી 'વેલકમ સ્પા' (દુકાન નં. 2092)માં સ્પાની આડમાં ભારતીય મહિલાઓ રાખીને દેહવેપારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને અચાનક મોલમાં દરોડો પાડ્યો હતો. ગ્રાઉન્ડ ફ્લોર પર આવતા ગ્રાહકો સાથે ભાવતાલ થતો અને ત્યારબાદ તેમને બીજા માળે મોકલવામાં આવતા હતા.



પોલીસની ટીમે બીજા માળે આવેલા વેલકમ સ્પામાં દરોડો પાડ્યો હતો. ત્યાં કાઉન્ટર પર બેસેલી મહિલા સંચાલક શબાના મંડલની પૂછપરછ કરી દુકાનની તપાસ કરતા અંદર પાર્ટેશનવાળી રૂમો મળી આવી હતી. એક રૂમનો દરવાજો અંદરથી બંધ હોઈ પોલીસે મહિલા પોલીસની મદદથી ખખડાવતા અંદરથી મહિલાઓ મળી આવી હતી. ત્યારબાદ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી ક્લાસીક હેર કેર દુકાનમાં તપાસ કરતા ત્યાં હાજર માલિક વિનોદ શર્મા મળી આવ્યો હતો. અહીં પાર્ટેશનવાળા રૂમની તપાસ કરતા એક રૂમમાંથી ગ્રાહક સુનીલકુમાર યાદવ અને એક મહિલા કઢંગી હાલતમાં ઝડપાયા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે,સ્પાના માલિક વિનોદ શર્મા અને સંચાલક શબાના મંડલ બહારથી મહિલાઓને આર્થિક લાલચ આપીને અહીં બોલાવતા હતા. ગ્રાકો પાસેથી શરીર સુખ માણવા માટે ગ્રાહક દીઠ 1,000 વસૂલવામાં આવતા હતા. જેમાંથી જે-તે મહિલાને 500 આપીને બાકીના 500 માલિક અને સંચાલક પોતાના કમિશન પેટે રાખી આર્થિક ફાયદો મેળવતા હતા. પોલીસે સ્થળ પરથી ભોગ બનનાર કુલ 8 મહિલાઓને નરકાગારમાંથી મુક્ત કરાવી છે.

પોલીસે આ રેડ દરમિયાન ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા મળી કુલ 27,600નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે પકડાયેલા સ્પા માલિક વિનોદભાઈ માતાબદલ શર્મા (રહે. કોસાડ આવાસ, અમરોલી), સંચાલક શબાના અસરફ મંડલ (રહે. ચૌટાબજાર, લાલગેટ) અને ગ્રાહક સુનીલકુમાર દુર્ગાપ્રસાદ યાદવ (રહે. વરાછા, સુરત) વિરૂદ્ધ ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એકટ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ ડી.પી. બારૈયાને સોંપી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નેતન્યાહુએ કહ્યું- હું ટ્રમ્પના ઈશારે નથી ચાલતો

## લેબનોનમાંથી ઈઝરાયલી સેના હટાવવાની ના પાડી, અમેરિકા-ઈરાનની વાતચીત ફરી શરૂ

**તેલ અવિવ, તા.22**

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે લોકો એવું સમજે છે કે તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કહેવા પર કામ કરે છે, પરંતુ આ સાચું નથી.

યરૂશાલેમમાં આયોજિત એક સમિટમાં બોલતા નેતન્યાહૂએ કહ્યું, ‘અમેરિકામાં લોકો કહે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ તે જ કરે છે જે હું તેમને કહું છું. જ્યારે ઈઝરાયલમાં કેટલાક લોકો વિચારે છે કે હું તે જ કરું છું જે ટ્રમ્પ ઈચ્છે છે. પરંતુ બંને વાતો ખોટી છે.‘

ઈઝરાયલી પીએમએ કહ્યું કે ઈઝરાયલ અને અમેરિકા નજીકના સહયોગી ચોક્કસ છે, પરંતુ બંને દેશોના પોતાના હિતો છે અને દરેક મુદ્દે તેમનો મત એક સરખો હોતો નથી.

નેતન્યાહૂએ પુનરોચ્ચાર કર્યો કે ઈઝરાયલ, ઈરાનને પરમાણુ હથિયારો પ્રાપ્ત કરવા દેશે નહીં. તેમણે કહ્યું કે તેમની સરકાર આ અંગે કોઈ સમાધાન કરશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે જ્યાં સુધી જરૂરિયાત અનુભવાશે ત્યાં સુધી ઈઝરાયલી સેના દક્ષિણ લેબનોનમાં રહેશે.

આ દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીત બીજા દિવસે શરૂ થઈ ગઈ છે. પ્રથમ દિવસ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તીખા નિવેદનોને કારણે તણાવપૂર્ણ રહ્યો હતો.

ટ્રમ્પે કહ્યું હિઝબુલ્લાહને રોકો, નહીં તો ફરી હુમલો કરીશું: ટ્રમ્પે કહ્યું કે ઈરાન લેબનોનમાં તેના સમર્થક હિઝબુલ્લાહને તરત રોકે. તેમણે ચેતવણી આપી કે જો આવું નહીં થાય તો અમેરિકા ગયા અઠવાડિયા કરતાં પણ વધુ કડક કાર્યવાહી કરશે.

વેન્સે કહ્યું- અમેરિકા અને ઈરાન મળીને શાંતિ માટે કામ કરશે: અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું કે વાતચીતમાં સારી પ્રગતિ થઈ છે. તેમના મતે, બંને દેશો મળીને શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપી શકે છે અને ટ્રમ્પ આગામી 10 વર્ષમાં પશ્ચિમ એશિયાની તસવીર બદલવા માંગે છે.

હોર્મુઝ સ્ટ્રેટ પર સસ્પેન્સ વચ્ચે અમેરિકા બોલ્યું- 24 કલાકમાં 67 જહાજ પસાર થયા: ઈરાનના હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાના દાવા છતાં અમેરિકી ઊર્જા મંત્રી ક્રિસ રાઈટે કહ્યું કે દરિયાઈ ટ્રાફિક ચાલુ છે. અમેરિકાએ વૈકલ્પિક માર્ગ પણ ખોલ્યો છે અને જહાજોને સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે.

લેબનોનમાં મૃત્યુઆંક 4,100ને પાર: લેબનોનના સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, 2 માર્ચથી અત્યાર સુધીમાં 4,106 લોકોનાં મોત થયા છે અને 12,153 લોકો ઘાયલ થયા છે. જ્યારે, ઈઝરાયલી સેના પ્રમુખ ઈયાલ ઝમીરે કહ્યું કે હિઝબુલ્લાહ સાથેની લડાઈ ફરી શરૂ થઈ શકે છે.

ઈરાનનો દાવો- કતરમાં ફસાયેલા 6 અબજ ડોલર મળશે: ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને કહ્યું કે અમેરિકા સાથે થયેલા પ્રારંભિક કરાર હેઠળ કતરમાં જમા ઈરાનના 6 અબજ ડોલર પાછા મળશે. તેમણે દાવો કર્યો કે કરારની શરતો તેહરાનની તરફેણમાં છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું છે કે સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી વાટાઘાટો સફળ રહી છે. શાહબાઝ શરીફે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે



બંને પક્ષો આગામી 60 દિવસની અંદર અંતિમ કરાર પર પહોંચવા માટે એક રોડમેપ પર સહમત થયા છે.

આ ઉપરાંત, રાજકીય સ્તરે દેખરેખ માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિ બનાવવાનો અને આગળ તકનીકી સ્તરની વાતચીત શરૂ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન શાંતિ અને કાયમી ઉકેલ માટે સંવાદ અને રાજદ્વારીને આગળ વધારવામાં પોતાની ભૂમિકા ભજવતો રહેશે.

ઈરાની સમાચાર એજન્સી તસ્નીમે સોમવારે દાવો કર્યો હતો કે સ્વિટ્ઝલૅન્ડમાં ઈરાન અને અમેરિકા વચ્ચે અત્યાર સુધી પરમાણુ મુદ્દા પર કોઈ વાતચીત થઈ નથી. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) સાથે જોડાયેલી એજન્સીએ ઈરાની પ્રતિનિધિમંડળની નજીકના સ્ત્રોતને ટાંકીને આ દાવો કર્યો છે.

પાકિસ્તાન અને કતારના વિદેશ મંત્રાલયોએ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી પ્રારંભિક વાટાઘાટો અંગે નિવેદનો જારી કર્યા છે. આ નિવેદનો અનુસાર:

યુએસ, ઈરાન, કતાર અને પાકિસ્તાનના પ્રતિનિધિઓએ સ્વિટ્ઝલૅન્ડના બર્જેનસ્ટોકમાં તેમની પ્રથમ બેઠક યોજી હતી. બધા પક્ષોએ જણાવ્યું હતું કે ચર્ચાઓ સકારાત્મક રહી હતી અને કેટલીક પ્રગતિ થઈ છે.

બંને દેશોએ 60 દિવસમાં અંતિમ કરાર પર પહોંચવાનો ટારગેટ નક્કી કર્યો છે. આ હેતુ માટે એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રારંભિક બેઠકમાં મુખ્ય રાજકીય મુદ્દાઓ પર સર્વસંમતિ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. હવે, નિષ્ણાતોની અલગ ટીમો પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધો અને અન્ય ટેક્નિકલી મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરશે.

સમગ્ર વાટાઘાટો પ્રક્રિયાની દેખરેખ રાખવા અને વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધે તે સુનિશ્ચિત કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવશે. બંને દેશોના મુખ્ય વાટાઘાટકારો નિયમિતપણે આ સમિતિને માહિતી આપશે.

બંને દેશો વચ્ચે એક સીધો સંદેશાવ્યવહાર તંત્ર (જેમ કે હોટલાઇન) સ્થાપિત કરવામાં આવશે. આનાથી બંને પક્ષો કોઈપણ તણાવ કે ગેરસમજ ઊભી થાય તો સીધી વાતચીત કરી શકશે.

આ હોટલાઈન-શૈલીની સિસ્ટમ સ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા તેલ ટેન્કરો અને વાણિજ્યિક જહાજોની સલામતી સુનિશ્ચિત કરવાનો છે, જેથી તેમને સંભવિત સંઘર્ષથી બચાવી શકાય.

લેબનોનમાં ફરી સંઘર્ષ ન વધે માટે એક ડી-કોન્ફિલક્શન સેલની સ્થાપના કરવામાં આવશે. આ તંત્ર યુદ્ધવિરામનું પાલન કરે છે કે નહીં તેનું નિરીક્ષણ કરશે અને તણાવમાં કોઈપણ વધારો થતો અટકાવવાનો પ્રયાસ કરશે.

નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે બર્ગેનસ્ટોક ખાતે આખા અઠવાડિયા દરમિયાન ટેકનિકલ સ્તરની વાટાઘાટો ચાલુ રહેશે.

ઈરાને હોર્મુઝને ફરીથી બંધ કરવાની જાહેરાત કરી હોવા છતાં, કતારના ચાર LNG (પ્રવાહીકૃત કુદરતી ગેસ) ટેન્કરો સોમવારે આ માર્ગેથી પસાર થયા.

શિપ ટ્રેકિંગ ડેટા કંપની કેપ્લર અનુસાર, યુદ્ધ શરૂ થયા પછી પ્રથમ વખત આ જહાજો ઈરાની માર્ગેથી થઈને ખાડી પ્રદેશમાં પહોંચ્યા છે.

ડેટા અનુસાર, રવિવારે ફક્ત 5 જહાજો હોર્મુઝમાંથી પસાર થયા, જ્યારે એક દિવસ પહેલા આ સંખ્યા 26 હતી.

આમાં સાઉદી અરેબિયાનું તેલ અને ઈંધણ લઈ જઈ રહેલા ત્રણ મોટા તેલ ટેન્કરો પણ શામેલ હતા. તેમાંથી એક જહાજ જાપાન જઈ રહ્યું હતું.

નિષ્ણાતોનું માનવું છે કે વાસ્તવિક સંખ્યા આનાથી વધુ હોઈ શકે છે, કારણ કે કેટલાક જહાજો તેમની ટ્રેકિંગ સિસ્ટમ (ટ્રાન્સપોન્ડર) બંધ કરીને પણ મુસાફરી કરી રહ્યા છે.

આ દરમિયાન, અમેરિકી સેનાના સેન્ટકોમનો દાવો છે કે શનિવારે 55 જહાજો હોર્મુઝમાંથી પસાર થયા, જેમાં 1.7 કરોડ બેરલથી વધુ તેલ લઈ જવામાં આવી રહ્યું હતું.

ઈરાનની સરકારી તેલ કંપનીના પ્રમુખ હમીદ બોવાર્દ અનુસાર, 15 જૂન પછી 2.5 કરોડ બેરલથી વધુ ઈરાની તેલ હોર્મુઝ માર્ગેથી પસાર થઈ ચૂક્યું છે.

# અમે ફરીથી યુદ્ધ શરૂ કરી દઈશું, પાકિસ્તાનની ભારતને ખોખલી ધમકી

- સિંધુ જળ સંધિ મુદ્દે PAK રક્ષામંત્રી બગડ્યા, કહ્યું, અમને જે ક્ષણે પાણી પર જોખમ જણાશે ફરી યુદ્ધ થશે

**ઈસ્લામાબાદ, તા.22**

પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે સિંધુ જળ સંધિ સ્થગિત રહેવા અંગે ભારતને ધમકી આપી છે. પાકિસ્તાની ચેનલ ARY ન્યૂઝ સાથેની વાતચીતમાં ખ્વાજા આસિફે કહ્યું કે, જો અમને લાગશે કે અમારી રાષ્ટ્રીય સુરક્ષાને ખતરો છે અને પાણી પણ અમારી સુરક્ષાનો એક ભાગ છે, તો અમે ચોક્કસપણે ભારત વિરુદ્ધ યુદ્ધ કરીશું. તેમણે એમ પણ કહ્યું કે જો ભારત પાકિસ્તાન માટે પાણીની ઉપલબ્ધતાને ઝડપથી અસર કરવાનો પ્રયાસ કરતું જોવા મળશે તો લશ્કરી કાર્યવાહી પર વિચાર કરી શકાય છે. એપ્રિલ 2025માં પહેલગામ આતંકી હુમલામાં 26 લોકોના મોત બાદ ભારતે 1960ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતનું કહેવું છે કે જ્યાં સુધી પાકિસ્તાન સરહદ પાર આતંકવાદ વિરુદ્ધ નક્કર કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી સંધિ પુનઃસ્થાપિત કરવામાં આવશે નહીં.

સિંધુ નદી પ્રણાલીમાં કુલ 6 નદીઓ છે - સિંધુ, ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ. તેના કિનારાનો વિસ્તાર લગભગ 11.2 લાખ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. તેમાં 47% જમીન પાકિસ્તાનમાં, 39% જમીન ભારતમાં, 8% જમીન ચીનમાં અને 6% જમીન અફઘાનિસ્તાનમાં છે. આ તમામ દેશોના લગભગ 30 કરોડ લોકો આ વિસ્તારોમાં રહે છે.



1947માં ભારત અને પાકિસ્તાનના ભાગલા પહેલાંથી જ ભારતના પંજાબ અને પાકિસ્તાનના સિંધ પ્રાંત વચ્ચે નદીઓના પાણીની વહેંચણીનો ઝઘડો શરૂ થઈ ગયો હતો. 1947 માં ભારત અને પાકિસ્તાનના ઈજનેરો વચ્ચે ’સ્ટેન્ડસ્ટિલ કરાર’ થયો. આ અંતર્ગત બે મુખ્ય નહેરોમાંથી પાકિસ્તાનને પાણી મળતું રહ્યું. આ કરાર 31 માર્ચ 1948 સુધી ચાલ્યો.

1 એપ્રિલ 1948 ના રોજ જ્યારે કરાર લાગુ ન રહ્યો ત્યારે ભારતે બંને નહેરોનું પાણી રોકી દીધું. આનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતની 17 લાખ એકર જમીન પર ખેતી બરબાદ થઈ ગઈ. ફરીથી થયેલા કરારમાં ભારત પાણી આપવા સંમત થયું.

આ પછી 1951 થી 1960 સુધી વર્લ્ડ બેંકની મધ્યસ્થીમાં ભારત-પાકિસ્તાન વચ્ચે પાણીની વહેંચણીને લઈને વાતચીત ચાલી અને આખરે 19 સપ્ટેમ્બર 1960 ના રોજ કરાચીમાં ભારતના PM નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન વચ્ચે હસ્તાક્ષર થયા. આને ઈન્ડસ વોટર ટ્રીટી અથવા સિંધુ જળ સંધિ કહેવામાં આવે છે.

પાકિસ્તાનમાં ખેતીની 90% જમીન એટલે કે 4.7 કરોડ એકર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી સિંધુ નદી પ્રણાલીમાંથી મળે છે. પાકિસ્તાનની રાષ્ટ્રીય આવકમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો 23% છે અને તેનાથી 68% ગ્રામીણ પાકિસ્તાનીઓની આજીવિકા ચાલે છે. આવા સંજોગોમાં પાકિસ્તાનમાં સામાન્ય લોકોની સાથે-સાથે ત્યાંની કથળતી અર્થવ્યવસ્થા વધુ ખરાબ થવા લાગી છે. પાકિસ્તાનના મંગલા અને તરબેલા હાઈડ્રોપાવર ડેમને પાણી મળી રહ્યું નથી. આનાથી પાકિસ્તાનના વીજ ઉત્પાદનમાં 30% થી 50% સુધીનો ઘટાડો આવી શકે છે. સાથે જ ઔદ્યોગિક ઉત્પાદન અને રોજગાર પર અસર પડશે.

# બ્રિટિશ PM સ્ટાર્મરનું રાજીનામું: 10 વર્ષમાં રાજીનામું આપનારા છઠ્ઠા વડાપ્રધાન, એન્ડી બર્નહેમ નવા વડાપ્રધાન બની શકે છે

**લંડન, તા.22**

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે સોમવારે વડાપ્રધાન અને લેબર પાર્ટીના નેતા પદ પરથી રાજીનામું આપી દીધું છે. 10 ડાઉનિંગ સ્ટ્રીટની બહાર રાષ્ટ્રને સંબોધન કરતા તેમણે કહ્યું કે લેબર પાર્ટીને નથી લાગતું કે હું આગામી ચૂંટણીમાં નેતૃત્વ કરવા માટે યોગ્ય વ્યક્તિ છું.

સ્ટાર્મરનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે લેબર પાર્ટીની અંદર તેમના નેતૃત્વને લઈને લાંબા સમયથી અસંતોષ વધી રહ્યો હતો. હાલના મહિનાઓમાં ઘણા સાંસદો અને મંત્રીઓએ તેમના નેતૃત્વ પર સવાલો ઉઠાવ્યા હતા. સ્થાનિક ચૂંટણીઓમાં પાર્ટીના ખરાબ પ્રદર્શન અને ઘટતી લોકપ્રિયતાએ પણ તેમના પર દબાણ વધાર્યું હતું.

બીબીસીના રિપોર્ટ અનુસાર, એન્ડી બર્નહેમ તેમના ઉત્તરાધિકારી બનવાની રેસમાં સૌથી આગળ છે. બર્નહેમે હાલમાં મેકરફિલ્ડ પેટાચૂંટણી જીતીને સંસદમાં વાપસી કરી છે અને તેમને લેબર સાંસદોના મોટા ગ્રુપનો ટેકો હોવાનું કહેવાય છે.

આ ઘટનાક્રમથી બ્રિટનમાં રાજકીય અસ્થિરતા વધુ ઘેરી બની છે. કીર સ્ટાર્મર છેલ્લા દસ વર્ષમાં પદ પરથી રાજીનામું આપનારા છઠ્ઠા વડાપ્રધાન છે.

સ્ટાર્મરે જણાવ્યું હતું કે લેબર પાર્ટી જુલાઈના મધ્ય સુધીમાં તેના નવા નેતાની પસંદગી કરશે. નવા નેતા અને વડાપ્રધાનની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ તેમના પદ પર



રહેશે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ તેમના ઉત્તરાધિકારીને સંપૂર્ણ સહયોગ આપશે.

સ્ટાર્મરે જણાવ્યું હતું કે તેમણે સોમવારે સવારે બ્રિટનના રાજા ચાર્લ્સ IIIને તેમના નિર્ણયની જાણ કરી હતી. લેબર પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિ (NEC) હવે નવા નેતાની પસંદગી માટેનો કાર્યક્રમ નક્કી કરશે.

આ યોજના હેઠળ, નામાંકન પ્રક્રિયા 9 જુલાઈથી શરૂ થશે, અને 17 જુલાઈથી શરૂ થનારા સંસદની ઉનાળાની રજા પહેલાં નવા નેતાની પસંદગી પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવશે.

બ્રિટનમાં, જનતા સીધી રીતે વડાપ્રધાનની પસંદગી કરતી નથી. લોકો તેમના સંબંધિત મતવિસ્તારમાંથી સંસદ સભ્યો (સાંસદો)ને ચૂંટે છે. સંસદમાં બહુમતી ધરાવનાર પક્ષનો નેતા વડાપ્રધાન બને છે.

હાલમાં, લેબર પાર્ટી સત્તામાં છે. તેથી, જે વ્યક્તિ પક્ષનો નવો નેતા બનશે તે વડાપ્રધાન બનવા માટે મુખ્ય દાવેદાર હશે. આ હેતુ માટે દેશભરમાં સામાન્ય ચૂંટણી યોજવાની જરૂર નથી.

સ્ટાર્મરે 2024માં લેબર પાર્ટીને મોટી ચૂંટણી જીત અપાવી હતી, પરંતુ ત્યારબાદ તેમની લોકપ્રિયતા સતત ઘટી છે. ઘણા વિવાદો, નીતિગત યુ-ટર્ન અને જીવનધોરણમાં સુધારાના વચનો પૂરા ન કરી શકવાને કારણે તેમની છબી ખરડાઈ છે.

સ્ટાર્મરની મુશ્કેલીઓ ત્યારે વધી ગઈ, જ્યારે તેમના વિરોધી એન્ડી બર્નહેમે શુક્રવારે પેટાચૂંટણી જીતી લીધી. આ જીત પછી બર્નહેમ પાર્ટીની કમાન સંભાળવાની દાવેદારી રજૂ કરી શકે છે. જીત પછી બર્નહેમે કહ્યું કે તેઓ દેશને નવી દિશા આપવા માંગે છે. બર્નહેમના સહયોગીઓ સ્ટાર્મર પાસેથી રાજીનામું આપવાની માંગ કરી રહ્યા હતા.

પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી વેસ સ્ટ્રીટિંગે પણ સંકેત આપ્યો કે તેઓ જરૂર પડ્યે સ્ટાર્મરને નેતૃત્વ માટે પડકારી શકે છે. જોકે, સ્ટાર્મરે 19 જૂને સ્પષ્ટ કહ્યું હતું કે હું મારા નેતૃત્વ વિરુદ્ધ આવનારા કોઈપણ પડકારનો સામનો કરીશ. સાથે જ લેબર પાર્ટીના નેતાઓને પરસ્પર ખેંચતાણથી બચવા અપીલ કરી હતી.

સ્ટાર્મર છેલ્લા દાયકામાં છઠ્ઠા બ્રિટિશ વડાપ્રધાન હશે જેમણે પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યા વિના પદ છોડ્યું હશે. તેમના પહેલા ડેવિડ કેમરન, થેરેસા મે, બોરિસ જોહ્નસન, લિઝ ટ્રસ અને ઋષિ સુનક પણ પોતાનો કાર્યકાળ પુરો કરી શક્યા નહોતા.

2016ના બ્રેક્ઝિટ લોકમતમાં હાર બાદ ડેવિડ કેમરને રાજીનામું આપ્યું હતું. તેમના પછી વડાપ્રધાન બનેલા થેરેસા મે, બ્રેક્ઝિટ સોદો સંસદમાં પસાર કરાવી શક્યા નહીં અને 2019માં તેમને પદ છોડવું પડ્યું હતું. ત્યારબાદ, 2022માં કોવિડ-19 લોકડાઉન દરમિયાન તેમના સત્તાવાર નિવાસસ્થાને યોજાયેલા રાજકીય વિવાદો અને આસપાસના કૌભાંડો વચ્ચે બોરિસ જોહ્નસને પણ રાજીનામું આપ્યું હતું.

જોહ્નસન બાદ લિઝ ટ્રસ વડાપ્રધાન બન્યા, પરંતુ તેમની આર્થિક નીતિઓએ બજારમાં ભારે ઉથલપાથલ મચાવી. તેઓ ફક્ત 49 દિવસ માટે જ પદ પર રહ્યા અને ઓક્ટોબર 2022માં તેમને રાજીનામું આપવું પડ્યું. પછી ઋષિ સુનક તેમના સ્થાને આવ્યા, પરંતુ વધતો જતો ફુગાવો, આર્થિક પડકારો અને સામાન્ય ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટીની હાર બાદ તેમણે પણ જુલાઈ 2024માં પદ છોડ્યું.

હવે, કીર સ્ટાર્મરના રાજીનામા સાથે, બ્રિટનને સાત વર્ષમાં છઠ્ઠા અને દસ વર્ષમાં સાતમા વડાપ્રધાન મળવાની તૈયારી છે.

એક્સપર્ટના મતે, બ્રિટનમાં વડાપ્રધાન વારંવાર બદલાવવાનું મુખ્ય કારણ ત્યાંની સંસદીય વ્યવસ્થા છે. ત્યાં લોકો વડાપ્રધાનને સીધા ચૂંટતા નથી, પરંતુ તેમની પાર્ટીના સાંસદો તેમને સમર્થન આપે છે. વડાપ્રધાન ત્યાં સુધી પદ પર રહે છે જ્યાં સુધી પાર્ટીના સાંસદો તેમની સાથે ઊભા હોય.

જો સાંસદોને લાગે કે કોઈ નેતાની ઘટતી લોકપ્રિયતાથી આગામી ચૂંટણીમાં પાર્ટીને નુકસાન થઈ શકે છે, તો તેઓ સામાન્ય ચૂંટણી કરાવ્યા વિના પણ નવા નેતાની પસંદગી પ્રક્રિયા શરૂ કરી શકે છે. આ જ કારણ છે કે બ્રિટનમાં પાર્ટીનું સમર્થન નબળું પડતાં જ વડાપ્રધાન બદલવાની જરૂરિયાત ઝડપથી ઊભી થાય છે.

બ્રિટનની મોટી પાર્ટીઓના નિયમો પણ નેતાઓને હટાવવાનો માર્ગ સરળ બનાવે છે. કન્ઝર્વેટિવ પાર્ટીમાં જો 15% સાંસદો કોઈ નેતા વિરુદ્ધ પત્ર લખે, તો તેની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય છે. જ્યારે, લેબર પાર્ટીમાં કોઈ અન્ય નેતા ત્યારે દાવેદારી રજૂ કરી શકે છે, જ્યારે તેને પાર્ટીના 20%થી વધુ સાંસદો અને સભ્યોનું સમર્થન મળે.

# રાજ્યસભામાં કોંગ્રેસની હારથી મહાગઠબંધનમાં તણાવ

રાજ્યસભા ચૂંટણી પછી ઝારખંડમાં શાસક ગઠબંધન મુશ્કેલીમાં છે. કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝાની હાર પછી પ્રભારી કે રાજુએ આરજેડી અને ભાકપા - માલે ધારાસભ્યો પર દગો આપવાનો આરોપ મૂક્યો છે. એમણે મુખ્યમંત્રી હેમંત સોરેનને આ બાબતે તપાસ કરવા પણ કહ્યું છે. બીજી તરફ આરજેડીએ કે રાજુને જ ગદ્દાર કહ્યા છે. હવે જેએમએમએ સમીક્ષા કરવાની વાત કરી છે. હાર પછી ઝામુમોએ કહ્યું છે કે, એમના તમામ ધારાસભ્યો એક સાથે રહ્યા હતા અને ગઠબંધનની રણનીતિ પ્રમાણે મતદાન કર્યું હતું. પક્ષના કેન્દ્રીય મહામંત્રી વિનોદ પાંડયએ કહ્યું હતું કે જેએમએમના તમામ ૩૪ ધારાસભ્યોએ મતદાન કર્યું હતું અને ગઠબંધનના બંને ઉમેદવારો માટે જ મત આપ્યા હતા. એમના કહેવા પ્રમાણે તેઓ પોતે પક્ષના એજન્ટ તરીકે મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન કેન્દ્રમાં હાજર રહ્યા હતા.

રામ મંદિરમાં ભેટ અને ચઢાવાની ચોરી થઈ હોવાની ચર્ચા ચાલી રહી છે. આ ચર્ચા વચ્ચે મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નુપેન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે, ધ્યાન રાખવામાં ચૂક થઈ ગઈ છે. એમના કહેવા પ્રમાણે સુરક્ષા માટે મંદિર પરિસરમાં સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. એમણે જોકે શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયને ક્લીન ચીટ આપી છે. મિશ્રાના કહેવા પ્રમાણે એમની સૂચના હતી કે મંદિરમાં આવતી ભેટ કે ચઢાવાની ગણતરી કઈ રીતે થશે અને એના માટે પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જુદા જુદા લોકોની જવાબદારી પણ નક્કી છે. બીજી તરફ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અલગ વાત કરી રહ્યા છે. યોગીનું કહેવું છે કે મંદિરમાંથી મોટા પાયે ચોરી થઈ હોવાના પુરાવા રજુ કરવા જોઈએ. પુરાવા વગર અયોધ્યાને બદનામ કરનારા તત્વો કોણ છે એવો સવાલ પણ એમણે પૂછ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સરહદને વધુ સુરક્ષીત કરવા માટે બંગાળની નવી ભાજપ સરકારે યોજના બનાવી છે. રાજ્ય મંત્રીમંડળએ સીલીગુડી ખાતે ભારત - તીબેટ સરહદી પોલીસ (આઈટીબીપી)ને ૧૦૦ એકર તેમજ નદીયા અને દક્ષિણ દિનાજપુર જિલ્લામાં બીએસએફને ૬ એકર સરકારી જમીન આપી છે. કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી. આ જમીનનો ઉપયોગ નવી સરહદી ચોકીઓ બનાવવા માટે તેમજ સરહદે વાડબંધી કરવા માટે કરવામાં આવશે. ત્યાર પછી ઘૂસણખોરી અને દાણચોરી જેવી પ્રવૃત્તિ પર બ્રેક લાગશે એમ મનાય છે. આગામી ૪૫ દિવસોની અંદર આંતરરાષ્ટ્રીય સરહદે જ્યાં તારબંધી નથી એવા ક્ષેત્રોમાં કાટાળી તાર લગાડવા માટે ૬૦૦ એકર જમીન સુરક્ષા દળોને આપવામાં આવશે.

કેરલમની યુડીએફ સરકાર દ્વારા બજેટ રજુ થયાના એક દિવસ પછી કોંગ્રેસ નેતા શશી થરૂરએ વિપક્ષ સીપીઆઇ (એમ)ના નેતૃત્વવાળી એલડીએફ પર શાબ્દીક હુમલા કર્યા હતા. એમનો આરોપ છે કે એલડીએફએ એક સુંદર બજેટના જવાબમાં ફક્ત જૂની અને ઘસાઈ ગયેલા વિચારોની વાતો કરી.



સોશ્યલ મીડિયા એક્સ પર થરૂર લખ્યુ હતું કે બજેટ પર સામ્યવાદીઓની પ્રતિક્રિયા યોગ્ય નહોતી. વિરોધ પક્ષના નેતા વીનારાય વિજયનની ટીપ્પણીઓ બાબતે પણ એમણે નુકતેચીની કરી હતી. સામ્યવાદી મોડલને કારણે રાજ્ય દેવામાં ડુબી ગયું હતું. અગાઉની સરકાર રાજ્ય પર ૫.૦૭ લાખ કરોડ રૂપિયાનું દેવુ છોડીને ગઈ છે. પગાર અને બોનસ આપવા માટે આગલી સરકારે પૈસા ઉધાર લીધા હતા.

કેન્દ્ર સરકારના પ્રવક્તાઓ દેશના વિકાસની વાત કરતી વખતે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું ઉદાહરણ ખાસ આપે છે. વંદે ભારત ટ્રેનોનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરતા રહે છે. હવે ધીમે ધીમે આ સુપર આધુનિક ટ્રેનની કડવી વાસ્તવિકતા બહાર આવી રહી છે. ઉત્તર પ્રદેશના વારાણસીથી ઝારખંડના રાંચી જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન બિહારના રોહતાસ જિલ્લામાં ખરાબ થઈ રહી હતી. નવાઈની વાત એ છે કે ડીડીયુ - ગયા રેલવે ટ્રેક પર શિવસાગર રેલવે સ્ટેશન પહેલા પાંચ કલાક સુધી ટ્રેન અટકી ગઈ હતી. એરકન્ડીશન્ડ બંધ હોવાને કારણે ટ્રેનમાં બેઠેલા પ્રવાસીઓ હેરાન થઈ ગયા હતા. એમના માટે ખાવા - પીવાની વ્યવસ્થા પણ નહોતી. ટ્રેનમાં ટેક્નિકલ સમસ્યા કઈ છે એ પણ કોઈને ખબર નહોતી. ત્યાર પછી નવુ એન્જિન લગાડીને ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ માટે ખરાબ દિવસો ચાલી રહ્યા છે. ટીએમસી ઈતિહાસના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે. સાંસદથી લઈને સંગઠન સુધી પક્ષના નેતાઓ બળવાના મૂડમાં છે. જિલ્લા અને તાલુકાસ્તરે પણ પક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓ ક્યાં તો પક્ષ છોડી રહ્યા છે ક્યાં તો એમની ધરપકડ થઈ રહી છે. પાર્ટી ફંડ પણ સુરક્ષીત છે કે નહીં એની પણ કોઈને ખબર નથી. જેલમાં બંધ કે વિવિધ કેસનો સામનો કરી રહેલા કાર્યકર્તાઓની મદદે પણ કોઈ આવતું નથી. આવા ગંભીર સંકટ વચ્ચે પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની લક્ઝરી લાઈફસ્ટાઈલ ચર્ચામાં છે. તેઓ જ્યારે લોકસભા સ્પિકરને મળવા દિલ્હી ગયા ત્યારે પ્રાઈવેટ જેટમાં ગયા હતા. પક્ષના સિનિયર નેતા અને ધારાસભ્ય કુણાલ ઘોષએ આ બાબતે જાહેરમાં નારાજગી બતાવી છે.

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેંસે અમેરિકા - ઈરાન સમજૂતીની ટીકા કરી રહેલા ઈઝરાયલી કેબિનેટના મંત્રીઓની આકરી ટીકા કરી હતી. વેંસે કહ્યું હતું કે, ઈઝરાયલને અમેરિકા સિવાય કોઈનો સાથ નથી ત્યારે પોતાના સહયોગી દેશની ટીકા કરવી જોઈએ નહીં. નેતન્યાહુ કેબિનેટના કેટલાક સભ્યોએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર વ્યક્તિગત ટીપ્પણી કરી હતી જે એમને પસંદ આવી નથી. વેંસે કહ્યું હતું કે, ’ઈઝરાયલમાં જો કોઈ એમ વિચારતું હોય કે એમની સૌથી મોટી સમસ્યા અમેરિકાના પ્રેમુખ છે તો એમણે પોતાના દેશની પરિસ્થિતિ સમજવી જોઈએ. છેલ્લા વર્ષોમાં કોઈ અમેરિકને ઈઝરાયલની કરેલી આ સૌથી કડવી ટીકા ગણાય છે. ઈઝરાયલના રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે વેંસની ટીકા વધુ પડતી કડક છે. નેતન્યાહુ પણ આ ટીકાથી નારાજ છે.

## તંત્રી લેખ

# મોદી શાસનના બાર વર્ષ: શાસકીય સિદ્ધિઓ અને રાજકીય જાહેરાતોમાં ફરક છે

9 જૂન, 2026ના રોજ અથવા તેની આસપાસ અનેક અંગ્રેજી અને તમિલ અખબારોમાં, અને લગભગ તમામ ભારતીય અખબારોમાં નરેન્દ્ર મોદી સરકારની બાર વર્ષની સિદ્ધિઓની યાદી પ્રકાશિત કરાઈ હતી. બાર વર્ષ મહત્વનું સીમાચિહ્ન ગણી શકાય. મોદી સરકાર પ્રથમ વાર ૨૦૧૪માં ચૂંટાઈ હતી, ૨૦૧૯માં ફરી ચૂંટાઈ અને ૨૦૨૪માં ફરી ચૂંટાઈ પણ નોંધપાત્ર રીતે ઓછી સંખ્યા સાથે. ભાજપે મોદીના સમયગાળાને કોઈપણ ચૂંટાયેલા વડા પ્રધાન કરતા સૌથી લાંબો ગણાવીને પ્રશંસા કરી. તદ્દન બિનજરૂરી રીતે આ સમયગાળાની જવાહરલાલ નહેરુ સાથે સરખામણી કરાઈ. તમામને જાણ છે કે નહેરુ સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન હતા, તેમણે ૧૯૫૨, ૧૯૫૭ અને ૧૯૬૨માં ચૂંટણીઓ જીતી હતી, અને તેઓ ૧૭ વર્ષ વડા પ્રધાન રહ્યા હતા. તેમણે અત્યાર સુધી સૌથી વધુ વર્ષો માટે વડા પ્રધાન તરીકે કામગીરી બજાવી. દરેક સરકારને દાવા કરવાનો અધિકાર છે અને થોડા પ્રમાણમાં અતિશ્યોક્તિ પણ વાજબી છે. પણ હાલની જાહેરાતો આ અતિશ્યોક્તિથી આગળ નીકળી ગઈ. લોકોએ બે વર્ષ અગાઉ મોદીના અતિશ્યોક્તિભર્યા દાવા માપી લીધા અને લોકસભામાં ભાજપની બેઠકો ૨૪૦ સુધી મર્યાદિત રાખીને ગૃહમાં પક્ષને સાદી બહુમતિથી વંચિત રાખ્યો. બે વર્ષ પછી ફરી આવા જ દાવા કરાઈ રહ્યા છે. સરકારની વ્યાખ્યા મુજબ લખપતિ દીદી સેલ્ફ હેલ્પ ગ્રુપ (એસએચજી)ની મહિલા સભ્ય છે. ઓગસ્ટ ૨૦૨૫માં એવા અહેવાલ હતા કે ૧,૪૮,૦૦,૦૦૦ એસએચજી સભ્યો લખપતિ દીદી બન્યા છે. માર્ચ ૨૦૨૬માં એક સંસદીય સવાલના જવાબમાં જણાવાયું હતું કે ૩,૦૭,૩૩,૮૨૦ એસએચજી સભ્યોએ સ્વ જાહેરાત કરી હતી કે તેઓ લખપતિ દીદી છે. એસએચજી કાર્યક્રમ મોદી સરકાર અગાઉ શરૂ થયો હતો, તેમાં મહિલાઓનું સશક્તિકરણ થયું હતું અને તેઓ વધુ આવક કરી શકે તેવી કુશળતા શીખવવામાં આવી હતી. પણ મોદી સરકારે ત્રણ કરોડ લખપતિ દીદી બનાવી એવો દાવો વધુ પડતો છે. આ દાવાના ખરાપણા બાબતે કોઈ સ્વતંત્ર ચકાસણી થઈ હોવા વિશે મને શંકા છે.

આપણે આ દાવાનું બારીકાઈથી વિશ્લેષણ કરીએ. ભારતની કામ કરતી મહિલાઓની વસતી (૧૫ વર્ષ અને વધુ) ૫૩ કરોડ છે અને મહિલા ભાગીદારી(લગભગ ૪૧.૭ ટકા પ્રમાણે) લગભગ બાવીસ કરોડ છે, આ સંખ્યા એવી મહિલાઓની છે જે કામ કરે છે અથવા તો સક્રિયપણે કામ માગી રહી છે.જો ત્રણ કરોડ લખપતિ દીદીનો દાવો એમ જ સ્વીકારી લેવામાં આવે, તો કામ કરતી મહિલાઓના સાતમાંથી એક લખપતિ છે. એસએચજી સભ્યો (લગભગ તમામ મહિલાઓ)ની સંખ્યા અંદાજે ૯થી ૧૦ કરોડ છે, જેનો અર્થ એવો થયો કે એસએચજીના દરેક ત્રણમાંથી એક સભ્ય લખપતિ છે!

સત્ય એ છે કે આ દાવો મહિલાની ચોખ્ખી સંપતિ બાબતે નથી પણ તેના પરિવારની વાર્ષિક આવક બાબતે છે. પરિવારના અન્ય સભ્યોની આવક હોઈ શકે, પરિવારની કુલ વાર્ષિક આવક એક લાખ રૂપિયા હોઈ શકે અને તેમાં મહિલાનો હિસ્સો નજીવો હોઈ શકે તેવી બાબતો આ દાવામાં છુપાડવામાં આવી છે. પરિવારની વાર્ષિક આવક એક લાખ રૂપિયા હોવી કોઈ દુર્લભ અથવા અસાધારણ બાબત નથી. હકીકતમાં રૂા. ૨,૦૫,૩૨૪ની માથા દીઠ આવક સાથેના દેશમાં આ બાબત સામાન્ય છે. આથી સરકારે ત્રણ કરોડ લખપતિ દીદીનું સર્જન કર્યું તેવો દાવો પોકળ સાબિત થાય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર દર વર્ષે બનતું રહે છે, અને તેમાં એએઆઈ માલિકીના એરપોર્ટ સામેલ હોય છે જે પીપીપી મોડલ અને ખાનગી એરપોર્ટના આધારે હોય છે. ૧૬૪ની સંખ્યા ખરી છે, પણ મહત્વનો શબ્દ છે કાર્યરત. સામાન્ય નાગરિક માનવા પ્રેરાય કે કાર્યરત એરપોર્ટ એટલે નિયમિત કમર્શિયલ ફ્લાઈટ સંભાળતા એરપોર્ટ. આ દ્રષ્ટિએ સરકારનો દાવો ખરો નથી. એરપોર્ટમાં એવા પણ એરપોર્ટ સામેલ હોય છે જે સંરક્ષણ, કાર્ગો અને તાલીમ સંબંધિત હોય છે, પણ તેમાં કોઈ નિયમિત કમર્શિયલ પેસેન્જર ફ્લાઈટ નથી હોતી.

**આર્કટિક અને એન્ટાર્કટિકા જેવા ઠંડા પ્રદેશોમાં ગરમી વધે તો વાદળોમાં પાણીનું સ્તર વધવા લાગે છે. પાણીથી ભરેલા વાદળો વધારે સફેદ અને ચમકદાર હોય છે. સૂર્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી તરફ આવે છે ત્યારે આ સફેદ વાદળો જ તેને અવકાશમાં પરાવર્તિત કરવા લાગે છે. ધ્રુવીય પ્રદેશોમાં ભેજ, વરાળ અને તેના કારણે બનતા વાદળોને પગલે સૂર્યપ્રકાશ વધારે પરાવર્તિત થાય છે. તેથી અહીંયા ગરમી ઓછી લાગે છે : જ્યારે સૂર્યપ્રકાશ વાતાવરણને પાર કરીને સીધો જ જમીન સુધી પહોંચે છે. તેને ડાઉનવર્ડ સરફેસ સોલાર રેડિયેશન કહેવાય છે. આ સૂર્યપ્રકાશ આકરો હોય છે. તે જમીનને ગરમ કરે છે અને બરફ ઓગાળવા લાગે છે**

# પૃથ્વી ઉપર હવે સૂર્યપ્રકાશનું બેલેન્સ પણ ડગમગી રહ્યું છે!

## ગરમીમાં ક્યાંક વધારો તો ક્યાંક અત્યંત ઘટાડો નોંધાશે, જાણકારોના મતે ક્યાંક ધરતી ઉપર સૂર્ય દેખાશે જ્યારે ક્યાંક માત્ર અંધારું રહેશે અને પ્રકાશ કે ગરમી મળશે જ નહીં



સોલાર ફાર્મ ચલાવવામાં આવી ગરમી ઉપયોગી સાબિત થાય તેમ છે પણ બાકીના વિસ્તારોની સ્થિતિ વધારે કફોડી થઈ જાય : નોર્ધન મિડ લેટીટયૂડમાં આવેલા દેશોની સ્થિતિ ધ્રુવીય પ્રદેશો કરતા કફોડી થવાની છે. ખાસ કરીને આ વિસ્તારમાં નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયાના મોટાભાગના પ્રદેશોનો સમાવેશ થાય છે. ખાસ કરીને ભારત ઉપર પણ તેની આડઅસરો અને ઘાતક અસરો જોવા મળશે.

પૃથ્વી ઉપર જીવન ટકાવવા અને ચલાવવામાં સૂર્ય પ્રકાશ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હવામાનમાં ફેરફાર, વૃક્ષો અને અન્ય સજીવ સૃષ્ટિનું સંચાલન આ બધું જ સૂર્યપ્રકાશ ઉપર આધારિત છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે, પૃથ્વી ઉપર તમામ જગ્યાઓએ સૂર્યનો પ્રકાશ સમયાંતરે એક સરખો આવતો રહે છે. તેના કારણે બધાને એક સરખી ગરમી અને ઊર્જા મળી રહે છે. તાજેતરમાં થયેલા સંશોધનોએ જણાવ્યું કે, પૃથ્વીનું સંતુલન ખોટકાયું છે. ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે સૂર્ય પ્રકાશની પૃથ્વી ઉપર વહેંચણીમાં મોટાપાયે ફેરફાર આવ્યા છે. આગામી સમયમાં આ સ્થિતિ વધારે ખરાબ થવાની છે. તેના કારણે પૃથ્વી ઉપર કેટલાક ભાગમાં અસહ્ય પ્રકાશ આવશે જ્યારે કેટલાક ભાગમાં અંધકાર જ રહેશે.

ઉલ્લેખનીય છે કે, ચીનની ઓશન યુનિવર્સિટીમાં આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધકોએ દુનિયાભરના એડવાન્સ ક્લાઈમેટ મોડલ્સનો ઉપયોગ કરીને સૂર્ય પ્રકાશ અને તેના વિસ્તરણનો અભ્યાસ કર્યો હતો. સંશધકો માને છે કે, સૂર્યપ્રકાશની વહેંચણીમાં જ તફાવત આવશે અને તેના કારણે હવામાન, સોલાર પાવર અને ખેતી ઉપર વ્યાપક અસર પડશે. છેલ્લાં કેટલાક સમયથી દુનિયાભરના કેટલાક પ્રદેશોમાં જે રીતે ગરમી વધી રહી છે અને કેટલાક પ્રદેશોમાં ઠંડીમાં સખત વધારો થઈ રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને આ અભ્યાસ હાથ ધરાયો હતો. ગ્લોબલ વોર્મિંગની સૂર્યપ્રકાશ ઉપર કેવી અને કેટલી અસર થઈ છે તે જોવા માટે એડવાન્સ મલ્ટિપલ ક્લાઈમેટ મોડલ્સની મદદ લેવામાં આવી હતી. આ ઉપરાંત કમ્પ્યૂટર સિમ્યુલેશનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ચિંતાજનક બાબત એવી હતી કે, દુનિયાભરની લેબમાંથી વિવિધ ડેટા લેવામાં આવ્યા હતા. હવામાનના આ ડેટાને જ્યારે કમ્પ્યૂટર સિમ્યુલેશનની મદદથી અલગ અલગ એડવાન્સ ક્લાઈમેટ મોડલ્સ સાથે જોડવામાં આવ્યા તો તેના પરિણામો એક જેવા જ જોવા મળ્યા હતા. તેમાં જણાવાયું હતું કે, ધ્રુવીય વિસ્તારોમાં એટલે કે પોલ ઝોનમાં ધીમે ધીમે સૂર્યપ્રકાશ વધારે ઝાંખો થવા લાગશે. બીજી તરફ નોર્થ મીડ લેટીટયૂડ વિસ્તારોમાં સૂર્યપ્રકાશમાં અતિશય વધારો થઈ જશે. આ વધારાની અસર ઉનાળા દરમિયાન સૌથી વધારે વર્તાશે.

જ્યારે સૂર્યપ્રકાશ વાતાવરણને પાર કરીને સીધો જ જમીન સુધી પહોંચે છે. તેને ડાઉનવર્ડ સરફેસ સોલાર રેડિયેશન કહેવાય છે. આ સૂર્યપ્રકાશ આકરો હોય છે. તે જમીનને ગરમ કરે છે અને બરફ ઓગાળવા લાગે છે. સોલાર ફાર્મ ચલાવવામાં આવી ગરમી ઉપયોગી સાબિત થાય તેમ છે પણ બાકીના વિસ્તારોની સ્થિતિ વધારે કફોડી થઈ જાય. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ ઘણી વખત સૂર્યપ્રકાશની ગરમીમાં વધારો અને ઘટાડો નોંધાયો છે. તાજેતરની જ વાત કરીએ તો ૧૯૫૦થી ૧૯૮૦ સુધીમાં પૃથ્વી ઉપર આવતા સૂર્યપ્રકાશમાં ઘટાડો થયેલો હતો. ત્યારબાદ તેમાં ધીમે ધીમે વધારો થવા લાગ્યો છે. તાજેતરનું સંશોધન ચેતવણી આપે છે કે, હવે જે રીતે વધારો અને ફેરફાર થઈ રહ્યા છે તે આગામી સમયમાં પૃથ્વી ઉપર ઉથલપાથલ લાવી દેશે.

ઉલ્લેખનીય છે કે, દુનિયાભરમાં સૂર્યપ્રકાશના સ્તરમાં ફેરફાર થવાનો છે. તેમાંય ધ્રુવીય પ્રદેશોમાં તેમાં ઘટાડો થવાનો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે જ દુનિયાભરમાં આ પરિવર્તન આવવાનું છે. તેના પાછળ વોટર વેપર અને વાદળોની પણ મોટી ભૂમિકા રહેલી છે. સામાન્ય રીતે હવા જ્યારે ગરમ થાય છે ત્યારે તેમાં વોટર વેપર એટલે વરાળને રોકવાની ક્ષમતા વધી જાય છે. આ ભેજ આકાશમાંથી આવતા સૂર્યના કિરણોને જમીન સુધી પહોંચતા પહેલાં જ પોતાનામાં શોષી લે છે. તેના પગલે વાતાવરણ સાફ હોવા છતાં આકાશ સ્વચ્છ દેખાવા છતાં ભેજના કારણે તડકો ઓછો લાગે છે. જાણકારો માને છે કે, માત્ર ભેજ અને વરાળના કારણે આવું થતું હોત તો સમગ્ર વિશ્વમાં સૂર્યપ્રકાશની તિવ્રતા ઘટી ગઈ હોત. અહીંયા વાદળોની ભૂમિકા પણ એટલી જ મહત્ત્વની છે. આર્કટિક અને એન્ટાર્કટિકા જેવા ઠંડા પ્રદેશોમાં ગરમી વધે તો વાદળોમાં પાણીનું સ્તર વધવા લાગે છે.

પાણીથી ભરેલા વાદળો વધારે સફેદ અને ચમકદાર હોય છે. સૂર્યનો પ્રકાશ જ્યારે પૃથ્વી તરફ આવે છે ત્યારે આ સફેદ વાદળો જ તેને અવકાશમાં પરાવર્તિત કરવા લાગે છે. ધ્રુવીય પ્રદેશોમાં ભેજ, વરાળ અને તેના કારણે બનતા વાદળોને પગલે સૂર્યપ્રકાશ વધારે પરાવર્તિત થાય છે. તેથી અહીંયા ગરમી ઓછી લાગે છે.

ઉલ્લેખનીય છે કે, સૂર્યપ્રકાશ અને ગરમીનું જે અસંતુલન સધાયું છે તે ૨૦૮૦ કે તેના પછી વધારે આક્રમક દેખાશે તેવું નથી. તેની શરૂઆત ઘણા સમય પહેલાં થઈ ગઈ હતી અને આગામી સમયમાં તેની અસર વધારે આકરી થશે. છેલ્લાં બે દાયકામાં પણ તેની પેટર્નમાં તફાવત જોવા મળ્યો છે. સંશોધકોનું માનવું છે કે, ભવિષ્યમાં જે આકરી સ્થિતિ આવવાની છે તેની આ શરૂઆત છે. તેઓ સ્પષ્ટ માને છે કે, ભવિષ્યમાં ગરમી વધવાની છે તે કોઈ અનુમાન નથી પણ વાસ્તવિકતા છે અને તેનો અણસાર અત્યારથી આવવા લાગ્યો છે. સંશોધન દરમિયાન લો, મિડિયમ અને હાઈ ઈમિશનનો સિનારિયો જોવા મળ્યો હતો. દરેક સ્થિતિમાં આ પેટર્ન ખૂબ જ સ્પષ્ટ અને મજબૂત જોવા મળી હતી. આ સંશોધન બાદ ખાસ ટકોર કરવામાં આવી છે કે, જેમ જેમ ગ્લોબલ વોર્મિંગની અસર વધશે તેમ તેમ સ્થિતિ વધારે આકરી થતી જશે. સંશોધકોએ જણાવ્યું કે, જે લોકો હવામાનના જૂના ડેટાના આધારે ધારણા બાંધતા હશે તેમની ધારણા ખોટી પડશે. અત્યારે જ હવામાનના વરતારામાં મોટાપાયે ફેરફાર નોંધાઈ રહ્યા છે. તેના કારણે આગામી સમયમાં ગરમી અથવા તો ઠંડીની શું સ્થિતિ રહેશે તેનું ચોક્કસ અનુમાન કાઢી શકાય તેમ જ નથી. ભૂતકાળની પેટર્ન એક જ બાબત જણાવે છે કે, ગ્લોબલ વોર્મિંગ જેટલું આકરું થશે તેટલી સ્થિતિ વધારે ખરાબ થશે.

બીજી તરફ સૂર્યનો પ્રકાશ ધરતીની સપાટી ઉપર આવે ત્યારે એનર્જીનો સૌથી મોટો સોર્સ હોય છે. તેમાં થનારા પરિવર્તનો સમગ્ર પૃથ્વીને અસર કરશે. આ ઉપરાંત વિશ્વભરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કુદરતી પ્રક્રિયાઓને પણ અસર કરશે. ખાસ કરીને ધ્રુવીય પ્રદેશો ઉપર એવા સમયમાં સૂર્યપ્રકાશ ઘટવાના વરતારા છે જ્યારે ગરમીની સીઝન હોય અને બરફ ઓગળવાની શરૂઆત થઈ ગયો. હવે જો બરફ ઓગળવાની સીઝન દરમિયાન જ ગરમી ઘટશે તો પોલર એમ્પ્લિફિકેશન પ્રોસેસને અસર પડશે. આગામી સમયમાં આર્કટિકમાં દુનિયાના અન્ય ત્રણ ભાગ કરતા ગરમીમાં વધારો થશે. તેમ છતાં સૂર્ય પ્રકાશની ઝડપ અને વાદળોની સ્થિતિ આ બાબત નક્કી કરશે. આ સંશોધનથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે, દુનિયાના કેટલાક વિસ્તારોમાં ગરમી ઘટવાથી ત્યાં ઠંડીનું પ્રમાણ વધશે અને કેટલાક વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ અસહ્ય રીતે વધી જશે. તેના કારણે રિવર ફ્લો, ગ્લેશિયરો, દરિયા, સોલાર પાવર આઉટપુટ વગેરેમાં પણ વ્યાપક તફાવત અને ફેરફાર જોવા મળશે. જાણકારોના મતે આ નવા ફેરફારોની અત્યારથી જ નોંધ લઈને તેના ઉપર કામ કરવામાં આવે તો નવો ડેટા બની શખે. આ તમામ ડેટાના આધારે નવું ફોરકાસ્ટ મોડલ બનાવી શકાય તેમ છે.

૧૯૮૦ બાદ જે પણ સુધારા જોવા મળ્યા તેને ધ્યાનમાં રાખીને આગામી સદી સુધી વાતાવરણ કેવું રહેશે તેનો અભ્યાસ કરી શકાય તેમ છે.

જાણકારોએ ચેતવણી ઉચ્ચારી છે કે, નોર્ધન મિડ લેટીટયૂડમાં આવેલા દેશોની સ્થિતિ ધ્રુવીય પ્રદેશો કરતા કફોડી થવાની છે. ખાસ કરીને આ વિસ્તારમાં નોર્થ અમેરિકા, યુરોપ અને એશિયાના મોટાભાગના પ્રદેશોનો સમાવેશ થાય છે. ખાસ કરીને ભારત ઉપર પણ તેની આડઅસરો અને ઘાતક અસરો જોવા મળશે.

અહીંયા ઘણા વખતથી વાતાવરણમાં અને ઋતુચક્રમાં ફેરફાર આવેલો છે ત્યાં હવે સૂર્યપ્રકાશના પ્રમાણમાં પણ ફેરફાર આવવાની શક્યતાઓએ લોકોની ચિંતા વધારી દીધી છે. આ વિસ્તારોમાં વાદળોનું સ્તર પાતળું હોવાથી અહીંયા ગરમી વધારે હોય છે. અહીંયા વાદળો ઓછા હોય છે અને જ્યાં હોય છે ત્યાં પાતળું સ્તર ધરાવે છે તેથી સૂર્યના કિરણો સીધા જ જમીન સુધી પહોંચી જાય છે.

આકાશમાં રહેલો ભેજ કેટલીક ગરમી શોષી લે છે તેમ છતાં આકાશ સાફ હોવાના કારણે અહીંયા તડકો વધી જાય છે અને ગરમીનું પ્રમાણ અસહ્ય રીતે વધી જાય છે. તેના પગલે સોલાર એનર્જી અને હીટ બંનેમાં વધારો થાય છે. આ વિસ્તારો જ્યારે સૂર્ય તરફ સરકે છે ત્યારે અહીંયા ગરમી અને તડકાનું પ્રમાણ અસહ્ય રીતે વધી જશે. સંશોધનમાં સામે આવ્યું છે કે, હાઈ એમિશન ધરાવતા વિસ્તારોમાં આર્કટિકમાં ગરમીમાં ૧૫ ટકાનો ઘટાડો આવી શકે છે. તેવી જ રીતે એન્ટાર્કટિકાની ગરમીમાં પણ સાત ટકાનો ઘટાડો નોંધાઈ શકે છે. બીજી તરફ મિડ લેટીટયૂડવાળા દેશોમાં ગરમી અને ઠંડાના તફાવતમાં ૨ થી ૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. ચિંતાજનક વાત એ છે કે, મોટાભાગના ક્લાઈમેટ મોડલ દ્વારા આવી જ પેટર્ન રજૂ કરવામાં આવી હતી.

# નિજદોષ દર્શન એ જ હરિ કૃપા જ્ઞાનથી ભક્તિ સુધીની યાત્રા વ્યાસ-નારદ સંવાદના અજવાળે કળિયુગનો ઉદ્ધાર માર્ગ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માનવજીવનની સૌથી મોટી વિડંબના એ છે કે આપણને બીજાનાં દોષ તરત દેખાય છે, પણ પોતાની ભૂલ શોધવા માટે આખી જિંદગી ઓછી પડે છે. આંખ બહાર જુએ છે, અંદર નહીં. જે ક્ષણે મનુષ્યને પોતાની મર્યાદા, પોતાનો અહંકાર અને પોતાનો દોષ દેખાવા લાગે, તે જ ક્ષણે સમજવું કે ઈશ્વરની અહેતુકી કૃપા વરસી છે.એ દર્શન જ કૃપાનું પહેલું સ્પંદન છે.એ જ કૃપાના પ્રથમ સ્પંદનની કથા છે.

મહર્ષિ વ્યાસ જેમને સાક્ષાત્ નારાયણના અવતાર કહ્યા છે, જેમણે વેદોનું વિભાજન કર્યું, અઢાર પુરાણો રચ્યાં, મહાભારત જેવો ઈતિહાસગ્રંથ આપ્યો, છતાં એમનું હૃદય અશાંત હતું. કેમ?કારણ કે શાસ્ત્રનું જ્ઞાન,યોગ ની ચર્ચા,કર્મ અને ધર્મનું વિસ્તૃત નિરૂપણ કરવા છતાં,એ બધાનાં મૂળમાં જે શ્રીકૃષ્ણપ્રેમ છે તેની સરવાણી વહેતી નહોતી. બુદ્ધિ તૃપ્ત થઈ,હૃદય તરસ્યું રહ્યું.નારદજીના આગમનથી વ્યાસજીને સમજાયું કે કેવળ જ્ઞાન મસ્તકને ભારે કરે, પણ હૃદયને ભીંજવે નહીં. હૃદય ભીંજાય તો જ ભક્તિ પ્રગટે, અને ભક્તિ વિના જ્ઞાન પણ અહંકારનું કારણ બને છે. જ્ઞાન દીવો છે, પણ પ્રેમના તેલ વિના એ દીવો પ્રગટતો નથી.

*જ્ઞાન, ધન અને માન: સુપાત્રની કસોટી આપણી પરંપરા એક સનાતન સત્ય શીખવે છે: જ્ઞાન, ધન અને માન સુપાત્રને મળે તો સુખ આપે, અનાધિકારીને મળે તો વિનાશ નોતરે. અનાધિકારીનું જ્ઞાન બીજાનાં છિદ્ર શોધવામાં વપરાય.તેની દૃષ્ટિ દોષદૃષ્ટિ બની જાય છે.તે શાસ્ત્ર ભણીને વાદ કરે,જીતવા મથે, સાબિત કરવા મથે.જ્યારે સાધકની સાધના ગુણદૃષ્ટિ કેળવવાની છે. જગતમાં દૂધ અને પાણી ભેળાં છે. હંસ દૂધ ગ્રહણ કરે, પાણી ત્યજે. સાધક પણ ગુણ ગ્રહણ કરે,દોષ ત્યજે. બ્રહ્માની સૃષ્ટિ જ ગુણદોષથી ભરેલી છે. સંપૂર્ણ નિર્દોષ તો એક ઈશ્વર જ છે. તેથી ઋષિઓ કહે છે:કોઈનો દોષ જોશો નહીં,કોઈનું પાપ બોલશો નહીં.આ ઉપદેશ કળિયુગમાં સંતત્વની પહેલી સીડી છે. જે બીજાનો દોષ જુએ છે તે પોતાનો સમય બાળે છે. જે પોતાનો દોષ જુએ છે તે પોતાનો ઉદ્ધાર સાધે છે.

*સંત મળે તો દોષ દેખાય

વ્યાસજી જેવા જ્ઞાનીને પણ પોતાની ભૂલ ન દેખાઈ. તેમણે સંતની ઝંખના કરી.સંકલ્પમાત્ર થી પ્રભુએ નારદજીને મોકલ્યા. આ ઘટના સૂચવે છે કે સત્સંગ વિના આત્મનિરીક્ષણ અશક્ય છે. આયનામાં મોઢું જોઈએ તો જ ડાઘ દેખાય.સંત એ આપણા જીવનનો આયનો છે.સંત આપણી સામે ઊભા રહીને આપણું પ્રતિબિંબ બતાવે. એ પ્રતિબિંબ ક્યારેક કડવું લાગે, પણ હિતકારી હોય છે.

નારદજી વ્યાસજીને ખટકા વિના કહે છે: તમે બધું લખ્યું, પણ શ્રીકૃષ્ણની પ્રેમલક્ષણા લીલા ન લખી. તમે ધર્મનો વિસ્તાર કર્યો, કર્મની ગતિ સમજાવી, મોક્ષનો માર્ગ બતાવ્યો.પણ જેનાથી હૃદય પીગળે,આંખ ભીની થાય, જીવ કૃષ્ણનો બને,એ પ્રેમની કથા બાકી રહી ગઈ.કળિયુગના જીવો કર્મજડ કે શુષ્ક જ્ઞાનથી તરશે નહીં.એમને તો મધ્યમમાર્ગ જોઈએ:પ્રેમમાર્ગ.આ યુગમાં તપ નહીં થાય,યજ્ઞ નહીં થાય,કઠોર વૈરાગ્ય નહીં સધાય.અહીં તો નામ જ આધાર છે. અને નામમાં પ્રીતિ હોય તો જ નામ ફળે.

*કળિયુગનો એકમાત્ર ઉપાય: શ્રીકૃષ્ણપ્રેમ નારદજીનો સંદેશ સ્પષ્ટ છે:કર્મ,યોગ,જ્ઞાન બધું જ શ્રીકૃષ્ણપ્રેમ વિના વ્યર્થ છે. પ્રભુને ધન નથી જોઈતું, પાંડિત્ય નથી જોઈતું,એ તો માત્ર નિષ્કપટ પ્રેમ માગે છે.જેમ આપણે તિજોરીનું રહસ્ય પ્રિય જન આગળ જ ખોલીએ, તેમ પ્રભુ પણ પોતાનું સ્વરૂપપ્રેમી ભક્ત આગળ જ પ્રગટ કરે છે. પ્રેમ એ ચાવી છે.એ ચાવી વિના હૃદયનું દ્વાર ઊઘડતું નથી.

આજે વિચિત્ર દશા છે.બૂટ મોજાં સાથે, પૈસા સાથે,પદ સાથે પ્રેમ કરનારો માણસ પોતાને જ્ઞાની માને છે.પુસ્તક વાંચીને લોકો બ્રહ્મજ્ઞાની થઈ જાય છે, પણ ગુરુસેવા કે બ્રહ્મચર્ય વિના એ જ્ઞાન પાંખું છે.એ જ્ઞાન ચોપડી પૂરતું રહે. આચરણમાં ઊતરે નહીં.શબ્દો મોઢે ચડે, પણ હૃદય અડે નહીં.તેથી જ નારદજી ચેતવે છે:વાતો બ્રહ્મ જ્ઞાનની અને પ્રેમ પૈસા સાથે? તો પરમાત્મા ન મળે.

*ભાગવતના પ્રાગટ્યનું બીજ

આ સંવાદ એ શ્રીમદ્ ભાગવત મહાપુરાણના સર્જનની પૂર્વ ભૂમિકા છે.વ્યાસજીની અશાંતિ દૂર કરવા નારદજીએ કહ્યું:એવી કથા લખો કે સાંભળનારને કનૈયો વહાલો લાગે,સંસાર પરથી સુગ ઊઠી જાય.બસ, અહીંથી જન્મ થયો પ્રેમશાસ્ત્રનો ભાગવતનો. જેમાં કર્મકાંડનું વિવરણ નથી,શુષ્ક જ્ઞાનનું પ્રતિપાદન નથી,માત્ર કૃષ્ણની લીલાનું ગાન છે. ગોપીનો પ્રેમ છે,યશોદાની મમતા છે,અર્જુનની શરણાગતિ છે.

કળિયુગમાં નામસંકીર્તન અને કથાશ્રવણ જ ઉદ્ધારનો સેતુ છે. ભાગવત કહે છે: કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા. હરિનામ સિવાય બીજો આરો નથી.પણ એ નામ દિલથી લેવાય તો.દિલમાં કૃષ્ણ માટે જગ્યા થાય તો.

આજે આપણે સૌ વ્યાસ છીએ. માહિતીથી ભરેલા, ડિગ્રીઓથી લદાયેલા,છતાં અશાંત. મોબાઈલમાં આખું જગત છે, પણ મનમાં શાંતિ નથી. સોશિયલ મીડિયાનો યુગ દોષદૃષ્ટિનો યુગ છે.આંગળી ચીંધવામાં આપણે એક સેકન્ડ નથી લગાવતા. કોમેન્ટ કરવી સહેલી છે,ક્ષમા આપવી અઘરી છે. પણ મારાથી ક્યાં ભૂલ થઈ એ સવાલ પૂછવાની હિંમત નથી.

નારદ સંવાદ આપણને રોકીને અંદર ઝાંખવાનું કહે છે. તે કહે છે: દલીલ છોડો, પ્રેમ કેળવો. બીજાને માપવાનું છોડો, પોતાને તપાસો. ભોગાસક્તિ તનને અને દ્રવ્યાસક્તિ મનને બગાડે છે. જ્યાં સુધી મારું મટીને તારું ન થાય, ત્યાં સુધી શાંતિ અશક્ય છે. અને તારું એટલે શ્રીકૃષ્ણનું. મારા ઘરનું,મારા પૈસાનું,મારા મતનું જ્યારે કૃષ્ણનું થાય ત્યારે ભાર હળવો થાય.

*દીવામાં પ્રેમનું તેલ પૂરો આ પ્રસ્તાવનાનો ઉદ્દેશ માત્ર વ્યાસ નારદ સંવાદને દોહરાવવાનો નથી, પણ દરેક વાચકના હૃદયમાં એક નારદ જગાડવાનો છે જે આપણને આપણી ભૂલ બતાવે. અને એક વ્યાસ જગાડવાનો છે જે ભૂલ સમજી ને કૃષ્ણપ્રેમની કથા રચવા તત્પર થાય. કારણ કે અંતે તો પ્રશ્ન એક જ છે:આપણે શાસ્ત્ર ભેગાંકરવા જન્મ્યાછીએકે શ્રીકૃષ્ણનેભેટવા? જ્ઞાનનો દીવો કરો,પણએ દીવામાં પ્રેમનું તેલ પૂરો.તો જ અંધારું મટશે.તો જ અશાંતિ શમે.તો જ જીવનમાં નિજદોષ દર્શન થશે, અને એ જ હરિ કૃપાની સાચી નિશાની છે. એ જ સત્ય અને આપણા જીવનનો મર્મ છે.અસ્તુ.

# પ્રયત્નાદ્યતમાણસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ, એ શ્લોકમાં શ્રીકૃષ્ણ ક્યાં પ્રયત્નની વાત કરે છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અમુક ખાસિયત યુગો યુગોથી માનવ નામની પ્રજાતિ સાથે જોડાયેલી છે! જેમકે ગુરુતાગ્રંથી અને લઘુતાગ્રંથી! એટલે કે કોઈ કોઈમાં અહમ્ કુટીને કુટીને ભર્યો હોય, એમ આસપાસનાં વર્તુળમાં પોતે કંઈક છે, થી શરૂ કરીને પોતે શ્રેષ્ઠ છે, અને પોતે જ દુનિયામાં મહાન છે, એવી વૈચારિક વૃત્તિ ધરાવે છે! જ્યારે કોઈ કોઈ વગર કારણે પોતે હિન છે! રાંક છે! દિન છે! એવું વિચારીને કોઈ સાથે કમ્પીટ કરતાં નથી! હાલાકી સ્પર્ધા કરવી હોય તો ખુદ સાથે જ કરવી જોઈએ! સ્પર્ધા અન્ય સાથે કરવાથી જ હું કંઈક વિશેષ છું, એવી ભાવના વધે છે, અને જે અન્યને તિરસ્કૃત કરનાર બને છે. જોકે આજનો આપણો મુદ્દો કંઈ ગ્રંથી સારી કે ખરાબ! એનું વિશ્લેષણ કરવાનો નથી, પરંતુ ઘણીવાર માનવી કોઈ પ્રયત્ન કર્યા વગર હાર માની લે છે! અને પાછળથી ઘણીવાર એવું થાય છે કે, મેં થોડો પ્રયત્ન કર્યો હોત તો હું સફળ થઈ શક્યો હોત; બસ થોડી હિંમત કરવાની જરૂર હતી! ખાસ કરીને આજની પેઢી કે જેને ડગલેને પગલે સ્પર્ધાનો સામનો કરવો પડે છે, અને કાયમ ડર રહે છે, કે ક્યાંક એ અસફળ રહેશે, તો જગ હસાઈનું કારણ બનશે!; અને આવું વિચારીને એ ઘણીવાર પ્રયત્ન જ નથી કરતાં, અથવા તો પરિણામ પહેલાં ડિપ્રેશનનો ભોગ બની આત્મહત્યા પણ કરે છે. જીવનમાં વધુ પડતાં મહત્વાકાંક્ષી હોવું પણ પતનનું કારણ બની શકે છે! અથવા તો પોતાની જાત પર વિશ્વાસ ન્હોય એ પણ યોગ્ય નથી! હકીકતમાં યોગ્યતા કેળવીને જ યોગ પંથે પ્રયાણ થાય છે, અને પછી યોગીની ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકાય છે! અને આજ વાત ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ભગવત્ ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં 45 માં શ્લોકમાં કહે છે, અને આજે મંગળવારે સદગુરુ કૃપાથી ગીતા જ્ઞાનનું ચિંતન કરીશું.

પ્રયત્નાદ્યતમાણસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ।
અનેક જન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્॥૪૫

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે યોગી સતત પ્રયત્ન કરતો રહે છે, તે પોતાનાં પાપો અને દોષોથી ધીમે ધીમે શુદ્ધ બને છે. અનેક જન્મોની સાધનાના સંચિત પુણ્ય અને અભ્યાસના બળથી તે અંતે પરમ ગતિ એવંમ મોક્ષને પ્રાપ્ત કરે છે. **પ્રયત્નાદ્યતમાણસ્તુ, શબ્દની સંધિ છૂટી પાડીએ તો પ્રયત્નાત્ + યતમાણ+ સ્તુ. પ્રયત્ન દ્વારા સતત કોઈ સાધનમાં રમમાણ રહેનાર, પરંતુ અહીં ભગવાને પાછળ યોગી શબ્દ પ્રયોજ્યો છે, એટલે અધ્યાત્મમાં રમમાણ! સર્વ પ્રથમ તો અધ્યાત્મ વિશે જિજ્ઞાસા થવી કે સ્વ તત્વ વિશેની ખોજ માટે વિચારવું એ પૂર્વ જન્મમાં કરેલ કોઈ યોગ કર્મનું જ ફળ છે, બાકી દુનિયા આખી જ્યારે તમારી ઈર્તગીર્ત ભોગમાં જ રમમાણ હોય, એ સમયમાં તત્વતઃ જ્ઞાનની જિજ્ઞાસા કોને થાય! અને આ વાત ભગવાન આગળનાં ત્રણ શ્લોકમાં કરે છે, અને એ પણ કહે છે કે જ્યાંથી સાધના છૂટી, એટલું જ્ઞાન એનું બીજા જન્મમાં સહજ હોય છે. જીવનમાં કોઈપણ લક્ષ્યને યેનકેન પ્રકારે પ્રાપ્ત કરવું એ આજનાં સમયની ખાસિયત છે, પણ લક્ષ્ય સારું હોવું એ પાછળનાં જન્મનો સંસ્કાર છે. **સંશુદ્ધકિલ્બિષઃ, સંશુદ્ધ + કિલ્બિષઃ એટલે કે જે પાપ કર્મથી સંશુદ્ધ થયેલો છે. આપણે જીંદગીભર મહેનત કરીને કરોડ રૂપિયા ભેગા કરીએ, અને એ ભેગાં કરવાં માટે કેટલાંય પાપ કરીએ છીએ, કારણ કે પૈસો પાપ કરાવે! લાભ, લોભ, લાલચ, અને એ રુપિયા ભોગવવાની લાલસા, આ ચાર 'લ' જ પાપનું કેન્દ્ર છે. પરંતુ કરોડ હોય કે બે કરોડ, એને અહીં જ મુકીને જવાનું છે! સાથે આવશે પેલી પાપની પોટલી! જેને વિશે આપણે વિચારતાં જ નથી! અને જેટલાં મુકીને જશો, એ વધુ હશે તો પરિવાર પાછો ચાર 'લ' ના ચક્રવ્યૂહમાં ફસાઈ પાપ કરશે! પરંતુ જો પાપની બદલે પુણ્ય કર્યું હશે તો એ પુણ્ય સાથે આવશે! બિલકુલ ફીક્સ ડિપોઝિટની જેમ સમયે એનકેશ કરી શકાશે! એટલે કે આવતે જન્મે કોઈ સંઘર્ષ વગરનું જીવન રહે, એવાં ઘરમાં જન્મ થાય છે, અને યોગ માર્ગે આગળ વધે છે. **અનેક-જન્મ-સંસિદ્ધઃ અનેક જન્મોની સાધનાથી પરિપક્વ બનેલો. સામાન્ય રીતે જેમ જેમ ઉંમર વધે એમ માનવી પરિપક્વ બને, કારણ કે એની બુદ્ધિ ધીરેધીરે સ્થિર થાય છે, અને સારા નરસાનો ભેદ પારખી શકે છે, બિલકુલ એ જ રીતે આ ભોગનાં યુગમાં જો કોઈ યોગ વિશે એટલે કે ઈશ્વર પ્રાપ્તિ વિશે દેખાડા પુરતું નહીં પણ ખરેખર વિચારે તો એ અનેક જન્મોની સિદ્ધ છે. **તતઃ + યાતિ+ પરાં ગતિ, એટલે કે ત્યારબાદ એ પરમ ગતિ એવંમ મોક્ષને પ્રાપ્ત કરે છે. પરાં ગતિ! એટલે કે પરમ તરફની ગતિ! પરમ એટલે ઈશ્વર, અને ઈશ્વર એટલે સત્ય! ઈશ્વર એટલે આનંદ, ઈશ્વર એટલે શાંતિ! આ રીતે ઈશ્વર તત્વને સમજીને શું આપણાં જીવનમાં સત્ય છે? શું આપણાં જીવનમાં સુખ નહીં પણ આનંદ છે? શું આપણાં જીવનમાં શાંતિ છે? આ પ્રશ્નોના જવાબ 'હાં ' હોય તો આપણી ગતિ પરમ ગતિ છે! અને ઉંમરનાં આ મુકામે સ્વયંને આ સવાલ નહીં પુછીએ તો ક્યારે પુછીશું? મૃત્યુ સમયે? તો શક્ય છે, આ જીવનમાં કર્યો એ સંઘર્ષ આવતાં જન્મે પણ કરવો પડે! કદાચ આથી પણ વધુ! ટૂંકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનનાં માધ્યમથી સંસારનાં તમામ ભોગી જીવને કહે છે, કે સ્થૂળ રૂપે તું અહીંથી કંઈ જ લઈ જઈ શકતો નથી! એટલે કે તારું ધનનું ઐશ્વર્ય, કે સાંસારિક પદ પ્રતિષ્ઠા, કે પછી પારિવારિક સંબંધો બધું જ એક દિવસ છૂટવાનું છે! વિષય વસ્તુ કે વ્યક્તિમાં ગમે તેટલો મોહ હોય,એ નષ્ટ થયાં વગર રહેશે નહીં!: પરંતુ જો તું એક ડગલું મારી તરફ આગળ વધીશ, તો આવનારી યાત્રા તારી એક ડગલાં પછીની રહેશે! બે ડગલાં ભરીશ તો એ મુજબ! આ એક ડગલું એટલે શું? મારાં દ્વારા જે કંઈ થયું એ બધું અંતે તારી ઈચ્છા શક્તિથી થયું, તું જ કર્તા છો! એવું જ્ઞાન થવું! અને પછી સહજ સ્વીકારી શકાય, તો એ બીજું ડગલું છે! કારણકે ઈશ્વર જ કર્તા છે, એ જાણવાં અને માનવાં છતાં સ્વીકારી શકાતું નથી, એ આધ્યાત્મિક બાધા છે! અને એનું કારણ આપણો અહમ્ છે! આ અહંકારને તુલસીએ 'ડમરુઆ' એટલે કે કેન્સરનાં રોગ સાથે સરખાવ્યો છે. આપણી વિશે કે સામેની વ્યક્તિ વિશેની ગ્રંથીઓ જ આપણાં જીવનની સૌથી મોટો અવરોધ છે! પછી એ સામાજિક સાંસારિક કે પારિવારિક વાત હોય! અને અધ્યાત્મમાં તો તન મન શુદ્ધિ વગર પ્રવેશ જ શક્ય નથી.

# પરબ કેસરિયા ને પાણી પિનારા નોનવેજના શૌકીન!

## ગાંધીનગરમાં જાહેરમાં પરબની આડમાં ધમધમતી નોનવેજની હાટડી પર સર્જિકલ સ્ટ્રાઇક, કમિશનરના આદેશથી આજથી ખાસ ઝુંબેશ શરૂ

**ગાંધીનગર, તા.22**

પાટનગર ગાંધીનગરના જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી વગર કોઈ ડરે ગેરકાયદેસર રીતે ઉભી થઈ ગયેલી નોનવેજની હાટડીઓ તેમજ લારી-ગલ્લાના દબાણો સામે આખરે ગાંધીનગર મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. મનપાના એસ્ટેટ વિભાગે મ્યુનિસિપલ કમિશનરના આદેશથી આજથી જ શહેરભરમાં ગેરકાયદેસર દબાણો પર 'સર્જિકલ સ્ટ્રાઈક' શરૂ કરી દીધી છે. અત્યાર સુધી કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું વહીવટી તંત્ર સત્તાધારી પક્ષના એક દિગ્ગજ નેતાની ટકોર બાદ અચાનક સફાળું જાગ્યું છે.




આ સમગ્ર વિવાદની શરૂઆત ગઈકાલે રાતે ગાંધીનગરના વ્યસ્ત એવા સરગાસણ ચાર રસ્તા પાસેથી થઈ હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહદારીઓની તરસ છીપાવવાના શુભ આશયથી ગાંધીનગર ભાજપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઠંડા પાણીની પરબો શરૂ કરવામાં આવી છે, જેના પર ભાજપના નેતાઓના ફોટા પણ લગાવવામાં આવ્યા છે.

જોકે, સરગાસણ ચાર રસ્તા નજીક આવેલી આવી જ એક ભાજપની પાણીની પરબના સામિયાણાની ઓથ હેઠળ છેલ્લા ઘણા સમયથી નોનવેજની હાટડી ધમધમી રહી હતી. નવાઈની વાત એ હતી કે લોકો આ ગેરકાયદેસર હાટડી પર નોનવેજ આરોગતા હતા અને બાજુમાં આવેલી ભાજપની પરબમાંથી જ ઠંડુ મિનરલ વોટર પીતા હતા. આ વિચિત્ર પરિસ્થિતિના કારણે સામાન્ય તરસ્યા રાહદારીઓ પરબનું પાણી પીવામાં ભારે ખચકાટ અને સંકોચ અનુભવી રહ્યા હતા.

સાંજ પડતાની સાથે જ આ સ્થળ પર નોનવેજ ખાનારાઓની ભારે ભીડ જામતી હતી, જેના કારણે મુખ્ય માર્ગ પર રોજબરોજ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. ફૂટપાથ પર જ ખુલ્લેઆમ તવા પર નોનવેજ વેચાતું હોવાથી અહીં અસામાજિક અને દારૂડિયા તત્વોનો જમાવડો પણ વધવા લાગ્યો હતો. સ્થાનિક રહીશો અને ખાસ કરીને મહિલાઓ માટે અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું હતું. આ બધું જ નજીકમાં આવેલી પોલીસ ચોકીની આંખ સામે થઈ રહ્યું હોવા છતાં સ્થાનિક પોલીસ તંત્રએ લાંબા સમય સુધી આંખ આડા કાન કર્યા હતા. રવિવારે રાત્રે આ સમગ્ર મામલો અને સ્થાનિક નાગરિકોની હાલાકીની ફરિયાદ શહેર ભાજપના એક દિગ્ગજ નેતા સુધી પહોંચી હતી. પક્ષની પાણીની પરબના 'કેસરિયા છાંયડા'ની આડમાં જ નોનવેજ વેચાતું હોવાની વિગતો સામે આવતા જ નેતાએ તુરંત રાત્રે મનપાના ઉચ્ચ અધિકારીઓને ટેલિફોનિક આદેશ આપી ગાઢ નિંદ્રામાંથી જગાડ્યા હતા. રાજકીય દબાણ આવતાની સાથે જ મનપાની એસ્ટેટ શાખા રાતોરાત દોડતી થઈ ગઈ હતી અને રવિવારે મોડી રાત્રે જ સરગાસણની આ નોનવેજ હાટડીને તાત્કાલિક અસરથી તોડી પાડી બંધ કરાવી દીધી હતી.

રાજકીય નેતાની નારાજગી બાદ આજે સોમવારે સવારે ઓફિસ ખુલતાની સાથે જ મ્યુનિસિપલ કમિશનરે એસ્ટેટ વિભાગના અધિકારીઓ સાથે એક ઈમરજન્સી બેઠક યોજી હતી. કમિશનરે કડક વલણ અપનાવીને શહેરમાં ગેરકાયદેસર રીતે ઉભી થઈ ગયેલી તમામ નોનવેજની હાટડીઓ સામે તાત્કાલિક કડક ઝુંબેશ શરૂ કરવા આદેશો જારી કર્યા છે.

મનપા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે, શાસક પક્ષે પોતે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હોવાથી, હવે આ ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. કોઈપણ સંજોગોમાં પાટનગરના જાહેર માર્ગો કે રહેણાંક વિસ્તારોમાં આવી નોનવેજની હાટડીઓ ફરી ઉભી રહેવા દેવામાં આવશે નહીં.




વિશ્વ યોગ દિવસની ઉજવણી........... મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં તારીખ:- 21/6/2026 ને રવિવારના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે સબ પોસ્ટ ઓફિસ ખાતે સવારે 9:00 કલાકે યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિવિધ ખાતાના કર્મચારીઓ જેવા કે સિંચાઈ વિભાગ તેમજ વેપારી વર્ગ પણ હાજર રહ્યો હતો. આ દિવસે સૌએ શરીર સ્વાસ્થ્ય માટે નિયમિત યોગ કરવા માટે સંકલ્પ લીધો હતો...........(ભરતભાઈ એ. પંડ્યા. દીવડા કોલોની.)

## મહારાણી કન્યા વિદ્યાલયના ગેટ બહાર કારમાં આગ ફાટી નીકળી

# જોતજોતામાં પાર્ક કરેલી કારના આગળના ભાગે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું, લોકોમાં દોડધામ મચી ગઈ

**વડોદરા, તા.22**

વડોદરામાં મહારાણી કન્યા વિદ્યાલયના મુખ્ય ગેટ બહાર પાર્ક કરેલી એક કારમાં આજે અચાનક આગ ફાટી નીકળી હતી. જેને પગલે આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કારમાં કોઈ બેઠેલુ ન હોવાથી જાનહાનિ થતા ટળી ગઈ હતી.



વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલી મહારાણી કન્યા વિદ્યાલયના પાછળના ભાગે દાંડિયા બજાર ત્રણ રસ્તા નજીક ગેટ બહાર પાર્ક કરેલી કારમાંથી એકાએક ધુમાડા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં કારના આગળના ભાગે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ગણતરીની મિનિટોમાં આખું બોનેટ આગની લપેટમાં આવી ગયું હતું.

આ ઘટનાને પગલે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો પણ ગભરાટ ફેલાઈ ગયો હતો. સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ બનાવ સમયે કારમાં કોઈ હાજર ન હોવાથી જાનહાનિ થતા ટળી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી અને ફાયર બ્રિગેડના જવાનો ગણતરીની મિનિટોમાં સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં કારના એન્જિનમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવામાં આવી રહ્યું છે. પોલીસે પણ ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

# એડવાન્સ પૈસા લીધા પછી પણ કારીગરની કરતૂત: સરગાસણમાં આડેધડ કલર લગાવીને ફ્લેટ ચિત્રી કાઢ્યો,1.08 લાખના મશીનો ચોરીને ફરાર

**ગાંધીનગર, તા.22**

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં કલરકામના બહાને ઘરમાં ઘૂસેલા અમદાવાદના એક શખ્સે ઘરમાલિકને આર્થિક ચૂનો લગાવ્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. મકાન માલિકે એડવાન્સમાં માંગેલા વધુ રૂપિયા આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા આ કારીગરે આખા ઘરમાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન પહોંચાડ્યું હતું. સાથે જ ઘરમાં રાખેલા 1.08 લાખના કિંમતી પ્રોફેશનલ મશીનો ચોરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સરગાસણના અતિશય સ્કાય ફ્લેટમાં નિકુંજભાઈ મહેશભાઈ પરમાર પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ રકનપુર ખાતે આવેલી નાઈન્ટી ડીગ્રી પ્રોજેક્ટ કંપનીમાં ઈન્ટિરિયર પ્રોજેક્ટ હેડ તરીકે ફરજ બજાવે છે. પોતાના નવા મકાનમાં કલરકામ તેમજ પોલિશ કામ કરાવવાનું હોવાથી નિકુંજભાઈએ તેમની જ કંપનીના એક પરિચિત વ્યક્તિ મારફતે અમદાવાદના વટવા ખાતે રહેતા પ્રેમપાલ કિશનલાલ નામના કારીગરનો સંપર્ક કર્યો હતો. બંને પક્ષો વચ્ચે મટિરિયલ સાથે કલરકામ કરી આપવાનું નક્કી થયું હતું.



જે અંતર્ગત ગત 24 એપ્રિલથી પ્રેમપાલે મકાનમાં કલરકામ શરૂ કર્યું હતું. આ કામ દરમિયાન મટીરીયલ લાવવાના જુદા જુદા બહાના હેઠળ પ્રેમપાલે અલગ-અલગ તારીખોએ કુલ 40,000 રૂપિયા એડવાન્સ પેટે મેળવી લીધા હતા. દરમિયાન ગત 23 મેના રોજ બપોરના સમયે કારીગર પ્રેમપાલે નિકુંજભાઈ પાસે વધુ 20,000 રૂપિયાની માંગણી કરી હતી. જોકે નિકુંજભાઈએ તે સમયે ઓફિસે હોવાથી સાંજે ઘરે આવીને પૈસા આપવાનું જણાવ્યું હતું. આ વાતથી નારાજ થયેલા પ્રેમપાલે ઘરમાં નુકસાન કરવાનું શરૂ કરી દીધું હતું. તે જ દિવસે સાંજે નિકુંજભાઈના પિતાએ ફોન કરીને જણાવ્યું કે, કલર કામ કરનાર પ્રેમપાલ ઘરમાં કલરકામ વ્યવસ્થિત કરવાને બદલે જ્યાં ત્યાં આડેધડ કલર લગાવીને મોટું નુકસાન કરીને ભાગી ગયો છે. આ સાંભળી નિકુંજભાઈ તાત્કાલિક ઘરે દોડી આવ્યા હતા.

તેમણે ઘરમાં તપાસ કરતા માલુમ પડ્યું હતું કે એડવાન્સ નાણાં લીધા હોવા છતાં કારીગરે ઘરની દીવાલો અને ફર્નિચર પર કલરના ડાઘા પાડીને આશરે 40,000 રૂપિયાનું નુકસાન કર્યું હતું. આ નુકસાન ઉપરાંત નિકુંજભાઈએ જ્યારે ઘરમાં અન્ય સામાનની તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. તેમની નોકરીના કામ માટે ઘરે લાવવામાં આવેલા કંપનીના કિંમતી પ્રોફેશનલ સાધનો પણ ગાયબ હતા. જેમાં 80 હજાર રૂપિયાની કિંમતનું એક કોર કટિંગ મશીન, 25 હજાર રૂપિયાની કિંમતનું ડ્રિલ મશીન અને 3 હજાર રૂપિયાની કિંમતનું ગ્રાઈન્ડર મશીન મળીને કુલ 1.08 લાખની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આ અંગે આખરે ઈન્ફોસિટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે વટવાના કારીગર પ્રેમપાલ સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વડોદરામાં નશાના કારોબાર સામે પોલીસની તવાઈ: ગાંજાના જથ્થા સાથે બે આરોપી ઝડપાયા, 2 આરોપી વોન્ટેડ જાહેર

**વડોદરા, તા.22**

વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે પોલીસ દ્વારા સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. શહેરને નશામુક્ત બનાવવા માટે એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચે બે અલગ-અલગ દરોડા પાડી ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. બંને કેસમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુના નોંધવામાં આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેર એસઓજીને મળેલી ચોક્કસ બાતમીના આધારે અકોટા વિસ્તારના દાંડિયાબજાર બ્રિજ નીચે આવેલા નવાવાસ વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. બાતમી મુજબ ઝુબેરભાઈ રબભાઈ પટેલ પોતાના રહેણાંક મકાનમાં ગાંજાનો જથ્થો સંતાડી રાખી છૂટક વેચાણ કરતો હતો. એન.ડી.પી.એસ. એક્ટની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરીને પોલીસે મકાનની તપાસ કરતા 75 હજાર રૂપિયાની કિંમતની 1 કિલો 501 ગ્રામ વજનનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી ગની નિઝામ શેખ સાથે મળીને ગાંજાની ખરીદી કરી તેનું ગેરકાયદે વેચાણ કરતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત એક મોબાઈલ ફોન



અને ડિજિટલ વજનકાંટો મળી કુલ રૂ. 80,150નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે સહઆરોપી ગની નિઝામ શેખ હાલ ફરાર છે. બીજી તરફ વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે માંજલપુરના જી.આઈ.ડી.સી. કોલોની વિસ્તારના પવનનગર ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. બાતમી મુજબ આફતાબઆલમ ઉર્ફે લંબુ અનવર અંસારી પોતાના રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર ગાંજાનો ધંધો ચલાવતો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે મકાનની તપાસ દરમિયાન પ્રથમ માળે આવેલા રૂમમાં કાપડના થેલામાં સંતાડેલો 496.60 ગ્રામ વજનનો ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. 24,800 હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. ઉપરાંત એક મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ગાંજાનો જથ્થો સુરતના અશ્વીનીકુમાર સ્મશાનઘાટ નજીક રેલવે પટરી પાસે મળેલા અજાણ્યા વ્યક્તિ પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હતું. આ આધારે પોલીસે પકડાયેલા આરોપી તેમજ ગાંજો સપ્લાય કરનાર અજાણ્યા શખ્સ સામે એન.ડી.પી.એસ. એક્ટની કલમ 8(સી), 20(બી) અને 29 મુજબ ગુનો નોંધ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આફતાબ આલમ અનવર અંસારી અગાઉ પણ બે વખત ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ ચૂક્યો છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી રૂ. 24,800નો ગાંજો અને મોબાઈલ ફોન કબજે કરીને વધુ તપાસ માટે કેસ માંજલપુર પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# જિલ્લામાં 22 જેટલી તાલીમમાં 849 ખેડૂતો અને પશુપાલક ભાઈ-બહેનોએ આધુનિક કૃષિ પદ્ધતિઓનું માર્ગદર્શન મેળવ્યું

**નડિયાદ, તા.22**

ખેડા જિલ્લાના મહુધા, કપડવંજ, ઠાસરા, કઠલાલ, માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ, ખેડા અને ગલતેશ્વર તાલુકામાં વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત જાગૃતિ અને ખેડૂત તાલીમ કાર્યક્રમોનું ૨૦ મી જુને ૨૦૨૬ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત કુલ ૨૨ જેટલી તાલીમ યોજાઈ હતી, જેમાં ૮૪૯ જેટલા ઉત્સાહી ખેડૂતો અને પશુપાલક ભાઈ-બહેનોએ પ્રત્યક્ષ ભાગ લઈ આધુનિક કૃષિ પદ્ધતિઓનું સચોટ માર્ગદર્શન મેળવ્યું હતું.



આ તાલીમ કાર્યક્રમો દરમિયાન ટીપીએમ, બીટીએમ, એગ્રી આસિસ્ટન્ટ,અધિકારીઓ દ્વારા જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા અને રાસાયણિક ખાતરોના અસંતુલિત વપરાશથી થતા નુકસાન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખેડૂતોને રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ વિશે સમજણ આપી, જમીનનું સ્વાસ્થ્ય જાળવી રાખવા અનુરોધ કરાયો હતો.

આ સાથે જ 'આત્મા પ્રોજેક્ટ' (ATMA) તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા અમલમાં મૂકાતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ જેવા કે-ફાર્મર રજીસ્ટ્રેશન, પીએમ કિસાન ઈ-કેવાયસી (e-KYC), અને 'કૃષિ પ્રગતિ' એપ્લિકેશનના ઉપયોગ અંગે ખેડૂતોને પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

# વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના બદલે તલવાર ત્રિશૂળ આપી ભવિષ્ય સાથે ચેડા

- **દેશના શિક્ષણમંત્રીને સરકારમાંથી કાઢી મૂકવા જોઈએ, કોંગ્રેસના પૂર્વમંત્રી ભરતસિંહ સોલંકીના ભાજપ સરકાર પર પ્રહાર**

**વડોદરા, તા.22**

દેશમાં NEETના પેપર લીક થવાના મામલે વડોદરા ખાતે કોંગ્રેસના પૂર્વ મંત્રી ભરતસિંહ સોલંકી દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. તેઓએ દેશના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા નહીં પરંતુ તેઓને સરકારમાંથી કાઢી મૂકવા જોઈએ તેવી માંગ કરી હતી. તેઓએ વર્તમાન સરકાર વિદ્યાર્થીઓમાં ભાવિ સાથે ચેડા કરી રહી હોવાના આક્ષેપ કર્યા હતા. કોંગ્રેસના આગેવાન ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા 10 વર્ષમાં 89 પેપર લીક થયા છે અને 48 પરીક્ષા પાછી લેવામાં આવી છે. તેઓએ ઉમેર્યું હતું કે, બાળકોના શિક્ષણ માટે કોંગ્રેસ સરકારે રાઈટ ટુ એજ્યુકેશનનો કાયદો બનાવ્યો હતો. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળે તે આશય હતો પરંતુ વર્તમાન સરકારે તો શિક્ષણને વેપાર અને ભ્રષ્ટાચારનું સાધન બનાવી દીધું છે. સરકાર વિદ્યાર્થીઓમાં ભવિષ્ય સાથે ચેડા કરી રહી છે.

કોંગ્રેસના આગેવાન ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે મસમોટી રકમ લેવામાં આવે છે ત્યારે સરકારે પેપર લીક થતા



વિદ્યાર્થીઓને વળતર આપવું જોઈએ. વારંવાર પેપર લીક થતા વચેટિયાઓ અને ભાજપના દલાલો પૈસા ખાઈ જાય છે. યુવાનોનું શિક્ષણ અને ભવિષ્ય ખરાબ થઈ રહ્યું છે અને સરકાર ધૃતરાષ્ટ્ર બની ગઈ છે. સરકાર જીએસટીના કરોડો રૂપિયા લેતી હોય તો આવા કિસ્સામાં વિદ્યાર્થીઓને વળતર આપવું જોઈએ. સરકાર જો રિઝર્વ બેંકમાંથી પૈસા લઈને અદાણી અંબાણી ને આપી શકતા હોય તો વિદ્યાર્થીઓને પણ વળતર આપવું જોઈએ.

ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ચીન ભારતથી આગળ છે તેનું કારણ એ છે કે તેઓને ટેક્નોલોજીનું જ્ઞાન આપવામાં આવે છે. પરંતુ ભારતમાં વિદ્યાર્થીઓને ટેક્નોલોજી શીખવવાના બદલે ત્રિશૂળ અને તલવાર આપી ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. તેના કારણે દેશ ચીનથી પાછળ છે. તેઓએ રામ મંદિરમાં દાનપેટીની ચોરી અંગે કહ્યું હતું કે સરકાર ભ્રષ્ટાચારને જ છાવરી રહી છે.

ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, NEETની પરીક્ષા રદ થતાં કેટલાય વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં આવી ગયા હતા. વડોદરામાં 10,000થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. દેશભરમાં આ પરીક્ષા રદ થયા બાદ 18 અને ગુજરાતમાં બે વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો હતો. સરકાર નિષ્ઠુર થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે.

# ભાવનગર રેગિંગ કાંડ, સાત સસ્પેન્ડેડ ડોક્ટરો ફરાર: લીડર વિરેન્દ્ર જાડેજા સહિતની ટોળકીને શોધવા પોલીસની બે ટીમ મેદાને, સિનિયરો 4 મહિનાથી જુનિયરને ત્રાસ આપતા

**ભાવનગર, તા.22**

ભાવનગરમાં ચકચાર મચાવનાર મેડિકલ કોલેજ રેગીંગ કાંડ મામલે 20 જૂને ફરિયાદ નોંધાતા આખરે 48 કલાક બાદ પોલીસે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. ત્યારે તમામ 7 સસ્પેન્ડેડ ડોક્ટરો મેડિકલ કોલેજની હોસ્ટેલ છોડી ફરાર થયા છે. ત્યારે તેને ઝડપી લેવા નિલમબાગ પોલીસે બે ટીમો બનાવી તેને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે. જ્યારે ફરિયાદીએ પોલીસને વીડિયો ફૂટેજ, મોબાઈલ સ્ક્રીન શોટ્સ સહિતના પુરાવા સોંપ્યા છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગર સરકારી મેડીકલ કોલેજના ઓર્થોપેડીક વિભાગમા મદદનીશ પ્રાધ્યાપક ડો.અજયભાઇ જસમતભાઈ સેંતાએ નિલમબાગ પોલીસ મથકમાં તા.20 જૂન 2026ના રોજ ડો.વીર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા, ડો.જયંત દેવાણી, ડૉ પ્રવીણ વર્મા, ડૉ ધર્મેન્દ્ર દયાળ, ડૉ. વિશાલ ડાભી, ડૉ. અમન વર્મા, ડૉ. દિવ્ય મોદી સામે ફરિયાદ નોંધાવી હતી. ગત તા.1 માર્ચથી 14 જૂન સુધી ભાવનગર સર.ટી હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે પ્રથમ વર્ષના 13 રેસીડન્ટ ડોકટરોને બીજા વર્ષના 7 રેસીડન્ટ ડોકટરોએ શારીરિક અને માનસિક ત્રાસ આપતાં હતાં.

તેને એકને એક વસ્તુ હજારથી વધુ વખત લખવા આપવી, આખી રાત ઓ.ટી.ડીપાર્ટમેન્ટ અને વોર્ડ બહાર ઉભા રાખી, ઓ.ટી. અને ડીપાર્ટમેન્ટમાં કુકડા અને મૂરઘા બનાવીને તેનો ફોટો અને વીડિયો ઉતારતાં હતાં. તેઓને સ્નાયુનો દુખાવો ના આવી જાય અને બેભાન ના થઈ જાય ત્યાં સુધી લાંબા સમય સુધી ઉભા રાખતાં હતાં. દિવસ દરમિયાન જમવા માટે કે સુવા માટેનો ફિક્સ કલાકોનો સમય ન આપી અને જુનિયર રેસિડેન્ટ ડોકટરોને કોઈપણ જગ્યાએ જમતા કે સુતા કોઇ રીતે જોઇ જાય અથવા તેને જાણ થાય તો જુનિયર ડોકટરોને બોલાવીને અલગ અલગ રીતે સજા કરતા હતાં.

જુનિયરોને ઓ.ટી.ડીપાર્ટમેન્ટ અને વોર્ડમા તેમજ જાહેરમાં અપશબ્દો બોલી તથા કોઈ ભુલ ધ્યાનમા આવે તો રાત્રે ત્રણ વાગ્યે રૂબરૂ બોલાવીને ઉઠક બેઠક કરાવીને માર મારવાની ધાક ધમકીઓ આપતા હતાં. તેમજ અલગ અલગ



પ્રકારની ધમકીઓ આપી 13 જુનિયર ડોક્ટરો સાથે અવાર-નવાર રેગીંગ કરતાં હતા. જે ફરિયાદના અનુસંધાને પોલીસે તમામ બીજા વર્ષના 7 સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે BNS એક્ટ 115(2), 352, 351(1), 296, 54 મુજબ ગુનો નોંધ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર સર.ટી હોસ્પિટલના ટ્રોમાં સેન્ટરમાં ફરજ બજાવતા પ્રથમ વર્ષના 13 રેસિડેન્ટ જુનિયર ડોક્ટરો દ્વારા તા.14 જૂનના રોજ મેડિકલ કોલેજના ઈ.કસ્ટબિન પોર્ટલ પર બીજા વર્ષના સીનિયર ડોક્ટરો દ્વારા હેરાન પરેશાન કરી રેગીંગ કરવામાં આવતું હોવાનું પુરાવા સાથે ફરિયાદ કરી હતી. તેમ છતાં મેડિકલ કોલેજના ડીન દ્વારા કોઈ ચોક્કસ પગલાં લેવામાં ન આવતા બાદમાં સમગ્ર મામલો ABVP, NSUI, રોગ કલ્યાણ સમિતિ, મેડિકલ એસોસીએશન ધ્યાને આવતા તેઓ દ્વારા આ સંદર્ભે ઉગ્ર રજુઆત અને કડક કાર્યવાહીની માંગો કરવામાં આવી હતી.

જેને લઈ જુનિયર ડોક્ટરોની ઓનલાઈન પોર્ટલ પર ફરિયાદ કર્યાના 4 દિવસ બાદ તા. 18 જુનના રોજ મેડિકલ કોલેજ દ્વારા એન્ટી રેગીગ કમિટીની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આશારે સાડા આઠ કલાક બાદ એન્ટી રેગીંગ કમિટી બેઠકે મોડી રાત્રીના બે વાગ્યે નિર્ણય કરી રેગીંગ કરનાર બીજા વર્ષના છ સિનિયર ડોક્ટરોને બે વર્ષથી લઈ છ માસ સુધી સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા હતા.

ભાવનગર સર.ટી હોસ્પિટલ ખાતે આવેલ ટ્રોમાં સેન્ટરમાં 13 જુનિયર રેસિડેન્ટ ડોક્ટરો સાથે થયેલ રેગીંગ મામલે હોસ્પિટલ પ્રશાસન દ્વારા 7 સામે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે બનાવ સંદર્ભે નિલમબાગ પોલીસ મથકના પી.આઈ. ડી.પી ઉનડકટે જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન ડો.વીર ઉર્ફે વિરેન્દ્રસિંહ જાડેજા રહે. ધ્રોલ જામનગર, ડો.જયંત દેવાણી રહે. વૈશાલીનગર ગણેશપુરા રાજેસ્થાન, ડૉ પ્રવીણ વર્મા રહે. આગ્રા-ઉત્તરપ્રદેશ, ડૉ ધર્મેન્દ્ર દયાળ રહે. કાળિયાબીડ ભાવનગર, ડૉ. વિશાલ ડાભી રહે. ખરકડી તા.ઘોઘા જી. ભાવનગર, ડૉ. અમન વર્મા, ડૉ. દિવ્ય મોદી રહે.ભરૂચનું નામ સામે આવ્યું છે. સાથે જેમાં વીર ઉર્ફે વીરેન્દ્ર જાડેજા જે લીડર હતો અને તેની નીચે અન્ય 6 ડોક્ટરો જે હતા તે મળી ને જુનિયર ડોક્ટરો સાથે રેગીંગ કરી રહ્યા હતા.

વધુમાં જણાવ્યું હતું કે, હાલ સાતેય સિનિયર ડોક્ટરોને પોલીસ દ્વારા નોટીસની બજવણી કરવા શોધખોળ કરતા તમામ ડોક્ટરો ફરાર છે. જેને લઈ તમામ સસ્પેન્ડેડ ડોકટરોની શોધખોળ કરવા નિલમબાગ પોલીસની બે અલગ-અલગ ટિમો દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હોવાનુ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જે સાતેય ડોક્ટરો સામે નોંધાયેલ ગુન્હો જે છે તેમાં 3 વર્ષની સજાની જોગવાઈ છે. જોકે જામીન પાત્ર ગુન્હો હોય ત્યારે સસ્પેન્ડડ ડોક્ટરોને નોટિસો આપીને પણ જામીનમુક્ત કરવામાં આવે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

# લોકોને કદાચ ખબર નથી...', ફાઈનલમાં તોફાની ઈનિંગ બાદ ટીકાકારો પર ભડક્યો હતો વૈભવ સૂર્યવંશી

**નવી દિલ્હી, તા.22**



ઈન્ડિયા-એ ક્રિકેટ ટીમે રવિવારે (21 જૂન) દામ્બુલાના રણગિરી દામ્બુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલ મેચમાં શ્રીલંકા-એ ટીમને 66 રને હરાવીને ટ્રાય સિરીઝ પર શાનદાર કબજો જમાવી લીધો છે. ભારતીય ટીમની આ ખિતાબી જીતના અસલી હીરો ઓપનર વૈભવ સૂર્યવંશી રહ્યા હતા. જેમણે પાવરપ્લેમાં જ મેચનું ચિત્ર બદલી નાખ્યું હતું. વૈભવે 324.14 ના સ્ટ્રાઈક રેટથી માત્ર 29 બોલમાં 94 રનની તોફાની ઈનિંગ્સ રમી હતી. જેમાં 10 ચોગ્ગા અને 8 ગગનચુંબી છગ્ગા સામેલ હતા. આ વિસ્ફોટક પ્રદર્શન બદલ વૈભવ સૂર્યવંશીને 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

ખિતાબી જીત બાદ 15 વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ પોતાની બેટિંગ શૈલી અને રણનીતિ અંગે ખુલીને વાત કરી હતી. વૈભવે જણાવ્યું હતું કે, બેટિંગ કરતી વખતે તે કોઈ મોટા દબાણમાં નહોતો અને તેનું ધ્યાન માત્ર શરૂઆતની 10 ઓવરનો મહત્તમ લાભ ઉઠાવવા પર હતું. તેણે સ્વીકાર્યું કે, શરૂઆતની મેચોમાં તેની યોજનાઓ સફળ નહોતી થઈ રહી, પરંતુ તેણે કોચ સાથે ચર્ચા કરી અને નેટ્સમાં તેના પર સખત મહેનત કરી હતી. આ આયોજન આખરે ફાઈનલ મેચમાં સફળ સાબિત થયું અને ટીમ માટે વિજયી ઈનિંગ્સ જોવા મળી હતી.

તાજેતરના દિવસોમાં ક્રિકેટ જગતમાં એવી ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી હતી કે પોતાની આક્રમક બેટિંગ માટે જાણીતો વૈભવ 50 ઓવરના ક્રિકેટ ફોર્મેટમાં લાંબી ઈનિંગ્સ કેવી રીતે રમી શકશે. આ સવાલો પર હસતાં હસતાં પ્રતિક્રિયા આપતા વૈભવે કહ્યું કે, તેણે આ સિરીઝમાંથી ઘણું શીખ્યું છે, પરંતુ તે અગાઉ પણ 50 ઓવરનું ક્રિકેટ ઘણું રમી ચૂક્યો છે, જેની લોકોને કદાચ માહિતી નથી. જુદી જુદી પિચો અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં રમવું પડકારજનક હતું, છતાં તેણે આ પડકારનો ભરપૂર આનંદ લીધો હતો.

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2026 માં પોતાના રેકોર્ડતોડ પ્રદર્શન બાદ વૈભવ સૂર્યવંશી સતત લાઈમલાઈટમાં છે. હવે આ ખિતાબી ઈનિંગ્સ બાદ તેના આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કરિયરનો નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. વૈભવ હવે આગામી સમયમાં ભારતીય ટીમ સાથે પહેલા આયર્લેન્ડ અને ત્યારબાદ ઈંગ્લેન્ડના પ્રવાસે જશે. રમતગમતના વિશ્લેષકોના મતે, આયર્લેન્ડના પ્રવાસ દરમિયાન જ વૈભવ સૂર્યવંશીનો ઈન્ટરનેશનલ ડેબ્યૂ થવાની પ્રબળ સંભાવના છે, જ્યાં ચાહકોને ફરી એકવાર તેની મોટી મેચ-વિનિંગ ઈનિંગ્સ જોવાની આશા રહેશે.

# વર્લ્ડ કપની 1000મી મેચમાં જાપાનનો ટ્યુનિશિયા સામે 4-0થી વિજય.....



**મોન્ટેરે, તા.22**

ફિફા વર્લ્ડ કપની ૧૦૦૦મી મેચમાં જાપાને ટ્યુનિશિયાને ૪-૦થી કારમો પરાજય આપ્યો હતો. આ જીતમાં અયાસે ઉએદાએ બે ગોલ કર્યા અને એક આસિસ્ટ કર્યો હતો. જ્યારે દાઈચી કામાદા અને જુન્યા ઈટોએ એક ગોલ કર્યો હતો. આ જીત સાથે જાપાન વર્લ્ડ કપની એક મેચમાં ચાર ગોલ કરનાર પ્રથમ એએફસી દેશ બની ગયો છે.

ફર્સ્ટ હાફમાં જાપાનની ટીમ ટ્યુનિશિયા પર હાવી રહી હતી. જાપાને મેચની શરૂઆતમાં જ આક્રમક રમત દર્શાવી હતી. મેચની ચોથી જ મિનિટે કીટો નાકામુરાના ક્રોસ પર દાઈચી કામાએ ગોલ કરી વર્લ્ડ કપમાં જાપાન તરફથી સૌથી ઝડપી ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. તે પછી અયાસે ઉએદાએ ૩૦મી મિનિટે ગોલ કરી જાપાનને ૨-૦થી આગળ કરી દીધું હતું.

સેકન્ડ હાફમાં પણ જાપાને પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. મેચની ૬૯મી મિનિટે જુન્યા ઈટોએ ગોલ કરી સ્કોર ૩-૦ કરી દીધો હતો. તે પછી ૮૩મી મિનિટે ઉએદાએ હેડર વડે પોતાનો બીજો અને ટીમનો ચોથો ગોલ કરી જાપાનને વિજય અપાવ્યો હતો. આ જીત સાથે જાપાન ગ્રૂપ એમાં નેધરલેન્ડ્સની સાથે ટોચના સ્થાને પહોંચી ગયું છે જ્યારે સતત બીજી હાર બાદ ટ્યુનિશિયાની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

ટ્યુનિશિયા ટુર્નામેન્ટમાંથી બહાર થનારી ત્રીજી ટીમ બની છે. આ પહેલાં હૈતી અને તુર્કિયે પણ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

# નેધરલેન્ડ્સે સ્વીડનને 5-1થી કચડી નાખ્યું : બ્રાયન બ્રોબે અને કોડી ગેક્પોના 2-2 ગોલ

**હ્યુસ્ટન, તા.22**



નેધરલેન્ડની ટીમે બ્રાયન બ્રોબીના શરૂઆતના બે ગોલ તથા કોડી ગૈક્પોના ૨ ગોલ તેમજ ક્રિસેન્સિયો સમરવિલેના અંતિમ સમયમાં કરેલા એક ગોલની મદદથી સ્વીડનને ૫-૧થી કારમો પરાજય આપ્યો હતો. જાપાન સામેની મેચ ૨-૨થી ડ્રો રહ્યા બાદ નેધરલેન્ડ્સની ટીમે મેમ્ફિસ ડેપેના સ્થાને ટીમમાં સામેલ કરાયેલા બ્રોબીએ મેચની ૫મી અને ૧૭ મિનિટમાં જ બે ગોલ કરી ટીમને ૨-૦ની લીડ અપાવી હતી. તે પછી બ્રેક બાદ સાત મિનિટની અંદર જ કોડી ગેક્પોએ બે ગોલ કરી નેધરલેન્ડ્સને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું. ગેક્પોએ મેચની ૪૭ અને ૫૪મી મિનિટે ગોલ કર્યા હતા.

ટ્યુનિશિયા સામેની મેચમાં ૫-૧થી જીત મેળવનારી સ્વીડનની ટીમ આ મેચને લઈ ઘણી ઉત્સાહિત હતી પરંતુ આ મેચમાં તેમણે બોલ પર કન્ટ્રોલ ગુમાવી દીધો હતો અને ડચ ટીમના હુમલાઓને રોકવામાં નિષ્ફળ રહી હતી. સ્વીડને ત્યારબાદ મેચની ૫૯મી મિનિટે સબસ્ટિટ્યુટ તરીકે મેદાને આવેલા એન્થની એલંગાએ ગોલ કર્યો હતો. તે પછી સ્વીડનની ટીમ એકેય ગોલ કરી શકી નહોતી અને નેધરલેન્ડ્સે મેચ ૫-૧થી જીતી લીધી હતી.

# ઈંગ્લેન્ડ પર ICC ની ચાબુક, WTC પોઈન્ટ કાપવાની સાથે ભારે દંડ પણ ફટકાર્યો

**નવી દિલ્હી, તા.2**

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2025-27 સાયકલ હેઠળ ઓવલના મેદાન પર રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. ન્યૂઝીલેન્ડ સામે શરમજનક હારનો સામનો કર્યા બાદ, હવે ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ પર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ની કડક કાર્યવાહીની ગાજ પડી છે. સ્લો ઓવર રેટના કારણે ICCએ ઈંગ્લેન્ડને માત્ર આકરો આર્થિક દંડ જ નથી ફટકાર્યો, પરંતુ તેના મહત્ત્વના પોઈન્ટ્સ પણ કાપી નાખ્યા છે. આ સજાના કારણે ઈંગ્લેન્ડની ફાઈનલમાં પહોંચવાની આશાને મોટો ઝટકો લાગ્યો છે.



ઓવલ ટેસ્ટ દરમિયાન નિર્ધારિત સમય કરતાં ઈંગ્લેન્ડની ટીમ 12 ઓવર પાછળ હોવાનું માલૂમ પડ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ ICC એલિટ પેનલ ઓફ મેચ રેફરીના એન્ડી પાયક્રોફ્ટે ઈંગ્લેન્ડ પર મેચ ફીના 50%નો દંડ લગાવ્યો છે. આ સાથે જ, સૌથી મોટો ફટકો આપતા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ટેબલમાંથી મહત્ત્વના 12 પોઈન્ટ્સ પણ બાદ કરી દીધા છે. આર્ટિકલ 2.22 (ખેલાડીઓ માટેની આચારસંહિતા): નિર્ધારિત સમયમાં જેટલી ઓવર ઓછી ફેંકવામાં આવે, તે દરેક ઓવર દીઠ ખેલાડીઓની મેચ ફીમાંથી 5%નો કાપ મૂકવામાં આવે છે. આર્ટિકલ 16.11.2 (WTC પ્લેઈંગ કન્ડિશન્સ): આ નિયમ મુજબ, સમયસર ઓવર પૂરી ન કરવા બદલ પ્રતિ ઓવર 1 ચેમ્પિયનશિપ પોઈન્ટ ગુમાવવો પડે છે. ઈંગ્લેન્ડ 12 ઓવર પાછળ હોવાથી તેના ખાતામાંથી 12 પોઈન્ટ્સ ઓછા કરી દેવાયા છે. બીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે 253 રનની કારમી હાર અને ત્યારબાદ ICCના આકરા વલણને કારણે ઈંગ્લેન્ડ પોઈન્ટ્સ ટેબલમાં સાતમા સ્થાને ધકેલાઈ ગયું છે. ટીમના ખાતામાં હવે માત્ર 38 પોઈન્ટ્સ જ બચ્યા છે. એટલું જ નહીં, આ પેનલ્ટીના કારણે ઈંગ્લેન્ડનો પોઈન્ટ પર્સન્ટેજ પણ 34.72%થી સીધો ઘટીને 26.38% થઈ ગયો છે. ક્રિકેટ નિષ્ણાતોના મતે, હવે ઈંગ્લેન્ડ માટે WTC ફાઈનલના દરવાજા લગભગ બંધ થઈ ગયા છે.

ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે ઓન-ફિલ્ડ અમ્પાયરો (એડ્રિયન હોલ્ડસ્ટોક અને નિતિન મેનન), થર્ડ અમ્પાયર રોડ ટકર અને ફોર્થ અમ્પાયર ગ્રાહમ લોયડ દ્વારા મૂકવામાં આવેલા આ આરોપો અને સજાનો સ્વીકાર કરી લીધો છે. રૂટે પોતાની ભૂલ સ્વીકારી લેતા આ મામલે કોઈ ઔપચારિક સુનાવણીની જરૂર પડી નહોતી.

3 મેચોની આ રોમાંચક ટેસ્ટ શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર આવી ગઈ છે. ઈંગ્લેન્ડે લોર્ડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ 115 રનથી જીતીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ ન્યૂઝીલેન્ડે ઓવલમાં વળતો પ્રહાર કરીને સિરીઝ જીવંત રાખી છે. હવે શ્રેણીની ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટ મેચ 25 જૂનથી નોટિંગહામમાં રમાશે. આ મેચ જ શ્રેણીનો અસલી વિજેતા નક્કી કરશે. જો આ મેચ ડ્રોમાં પરિણમશે, તો શ્રેણી પણ ડ્રો જાહેર થશે અને બંને ટીમો વચ્ચે પોઈન્ટ્સ વહેંચી દેવામાં આવશે.

# ગ્લેમરનાં 56 વર્ષ : જૅનિફર લોપેઝ હોલીવૂડની હીરોઈનો માટે પ્રેરણારૂપ

**મુંબઈ, તા.22**




56 વર્ષની ઉંમરે પણ તે પોતાના આત્મવિશ્વાસભર્યા વ્યક્તિત્વ, સંગીત, ફિલ્મો, ફેશન અને ફિટનેસ દ્વારા ચાહકોને પ્રેરિત કરે છે. તે સાબિત કરે છે કે જો વ્યક્તિમાં પ્રબળ પ્રેરણા અને મહત્ત્વાકાંક્ષા હોય, તો ઉંમર માત્ર એક આંકડો બની રહે છે. હોલીવૂડની જાજલ્યવાન અભિનેત્રી અને જેલોના હુલામણા નામની વિખ્યાત જેનીફર લોપેઝ દાયકાઓથી માત્ર એક સુપરસ્ટાર નથી, પરંતુ એક સાંસ્કૃતિક પ્રતિક છે, જેમનું "ગ્લેમરસ પ્રતિભા" ધરાવતું વ્યક્તિત્વ આકર્ષણ, મહત્ત્વાકાંક્ષા અને અવિરત મહેનતથી ઝળહળે છે. ન્યૂયોર્કના બ્રોન્ક્સ વિસ્તારમાં પ્યુઅર્ટોરિકન માતા-પિતાના ઘરે જન્મેલી જૅનિફર લોપેઝે "ઈન લિવિંગ કલર" શોમાં "ફ્લાય ગર્લ" ડાન્સર તરીકે શરૂઆત કરી હતી અને આજે તેઓ મનોરંજન જગતની સૌથી પ્રભાવશાળી મહિલાઓમાંની એક બની ગઈ છે. તેમની સફળતાની સફર દૃઢ નિશ્ચય અને કઠોર પરિશ્રમનું ઉત્તમ ઉદાહરણ છે. 56 વર્ષની ઉંમરે પણ તે પોતાના આત્મવિશ્વાસભર્યા વ્યક્તિત્વ, સંગીત, ફિલ્મો, ફેશન અને ફિટનેસ દ્વારા ચાહકોને પ્રેરિત કરે છે. તે સાબિત કરે છે કે જો વ્યક્તિમાં પ્રબળ પ્રેરણા અને મહત્ત્વાકાંક્ષા હોય, તો ઉંમર માત્ર એક આંકડો બની રહે છે.

જૅનિફર લોપેઝ વિશ્વભરના લાખો લોકો માટે પ્રેરણારૂપ છે માત્ર તેમની સફળતા નહીં, પરંતુ તેમના એવા વ્યક્તિત્વના ગુણો છે જે તેમની સફળતાને સતત આગળ ધપાવે છે. ટીકાઓનો સામનો કરવા છતાં, તેઓ ફિટનેસને કોઈ તાત્કાલિક ટ્રેન્ડ નહીં પરંતુ જીવનશૈલી તરીકે અપનાવે છે અને ફક્ત સંતોષ માનવાને બદલે સતત શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રયત્નશીલ રહે છે. જૅનિફર લોપેઝની સૌથી મોટી શક્તિ તેમની સ્થિતિસ્થાપકતા (Resilience) છે. જ્યારે પણ તેઓ ટીકા અથવા પડકારોનો સામનો કરે છે, ત્યારે તેને નિરાશાનું કારણ નહીં પરંતુ વિકાસ અને આત્મસુધારણાની તક તરીકે જુએ છે. ટીકાથી હતાશ થવાને બદલે, તેઓ તેને આગળ વધવા માટેની પ્રેરણા બનાવે છે. 56 વર્ષની ઉંમરે પણ તેઓ સતત પોતાને વધુ સારા બનાવવા પ્રયત્ન કરે છે અને અન્ય લોકોના શંકાસ્પદ અભિપ્રાયોને પોતાના સપનાઓના માર્ગમાં અવરોધ બનવા દેતા નથી.

જૅનિફર લોપેઝ સાબિત કરે છે કે ફિટનેસ માત્ર સુંદર દેખાવા માટે નથી, પરંતુ તે શિસ્ત અને માનસિક મજબૂતીનું પ્રતિબિંબ છે. 56 વર્ષની ઉંમરે પણ તેઓ અઠવાડિયામાં પાંચ દિવસ કસરત કરે છે, જેમાં વેઈટ ટ્રેનિંગ, ડાન્સ કાર્ડિયો અને કઠિન કોર એક્સરસાઈઝનો સમાવેશ થાય છે. તેઓ સંપૂર્ણ અને ઓર્ગેનિક ખોરાક લે છે, પૂરતું પાણી પીવે છે અને પ્રોસેસ્ડ ખોરાક તથા કેફીનથી દૂર રહે છે.

જૅનિફર લોપેઝ આત્મવિશ્વાસથી છલોછલ, આકર્ષક અને મજબૂત સ્ટેજ પ્રેઝન્સ ધરાવે છે. સંગીત, અભિનય, નૃત્ય અને ઉદ્યોગસાહસિકતા જેવા અનેક ક્ષેત્રોમાં તેમણે અસાધારણ સફળતા મેળવી છે. ઈન્ટરવ્યુમાં તેણે સ્વીકાર્યું છે કે તેમને નિષ્ફળતાનો ડર રહે છે અને હંમેશા સફળ થવાનું દબાણ અનુભવાય છે. પરંતુ આ જ ડર તેમને સતત આગળ વધવા અને પોતાની જાતને વધુ સારી બનાવવા પ્રેરિત કરે છે. વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાની તેમની ઈચ્છા પ્રસિદ્ધ છે. અભિનેત્રી અને વ્યવસાયિક મહિલા તરીકે સફળતા મેળવવા માટે તેમણે વર્ષો સુધી અવિરત મહેનત કરી છે. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન અનેક વખત પોતાને નવી રીતે રજૂ કરી છે – "જૅની ફ્રોમ ધ બ્લોક"ની સરળ છબીથી લઈને ગ્લેમર અને ભવ્યતાના પ્રતિક સુધી. જૅનિફર લોપેઝ સ્વભાવથી મૈત્રીપૂર્ણ, મિલનસાર અને લોકો સાથે જોડાવાનું પસંદ કરતી વ્યક્તિ છે. તેઓ આશાવાદી, સર્જનાત્મક છે અને સતત પોતાને નવી રીતે ઢાળે છે. તેનો ગ્લેમરસ રેડ-કાર્પેટ લૂક્સ હંમેશા ચર્ચામાં રહે છે, અને તેઓ સોશિયલ મીડિયા પર પોતાની ફિટનેસને લગતી વિવિધ બાબતો શેર કરીને ચાહકોને પ્રેરણા આપે છે. તેમનો પરફેક્શનિઝમ, કઠોર પરિશ્રમ, કાર્યનિષ્ઠા, હિંમત અને ઉદારતા તેમને સતત ચર્ચામાં રાખે છે – અને આ જ ગુણોની મદદથી તે સાચા અર્થમાં એક "ગ્લેમરસ પ્રતિભા" ધરાવતું વ્યક્તિ ઉભુ કરી શકી છે.

# માતા-પિતા છૂટા પડ્યા બાદ હું 'જવાબદાર' બની: દિયા મિર્ઝા

**મુંબઈ, તા.22**

સોહા અલી ખાન સાથે તેમના પોડકાસ્ટમાં વાત કરતાં દિયા મિર્ઝાએ પોતાના પિતાના તેમના જીવન પર પડેલા પ્રભાવ વિશે જણાવ્યું. તેમણે પોતાની કારકિર્દીના શિખર સમયે અભિનયમાંથી વિરામ લેવાના નિર્ણય અંગે પણ વાત કરી. દિયા મિર્ઝા એવા કલાકારોમાંની એક છે, જેઓ પોતાની લોકપ્રિયતા અને પ્રભાવનો ઉપયોગ સમાજ માટે મહત્વના મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવવા માટે કરે છે. વ્યક્તિગત જીવન હોય કે વ્યાવસાયિક પસંદગીઓ, તેઓ પર્યાવરણ અને વન્યજીવનના સંરક્ષણ માટે સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. સોહા અલી ખાન સાથેની વાતચીત દરમિયાન દિયાએ પોતાના માતા-પિતા છૂટા પડ્યા અને તેનાથી પોતામાં આવેલી જવાબદારી વિશે વાત કરી. સોહા અલી ખાનના પોડકાસ્ટમાં અભિનેત્રી અને નિર્માતા દિયા મિર્ઝાએ પોતાના જીવનના અત્યંત વ્યક્તિગત પાસા વિશે ચર્ચા કરી. તેમણે બાળપણમાં શીખેલા એક મહત્વપૂર્ણ પાઠને યાદ કરતાં જણાવ્યું કે કેવી રીતે તેમના પિતાએ



નૈતિક મૂલ્યોને આર્થિક સુરક્ષા કરતાં વધુ મહત્વ આપ્યું હતું.

આ અનુભવથી જવાબદારી અને નૈતિકતા અંગેની તેમની સમજ કેવી રીતે વિકસિત થઈ તે વિશે તેમણે કહ્યું: "મારા માતા-પિતાના અલગ થવાનું એક કારણ એ હતું કે મારા પિતાના વિચારો તેઓ કયા પ્રોજેક્ટ પર કામ કરશે તે બાબતે ખૂબ જ મજબૂત હતા."

રેહના હૈ તેરે દિલ મેની અભિનેત્રીએ વધુમાં જણાવ્યું કે તેમના પિતા, જે ઔદ્યોગિક પ્રદર્શન ડિઝાઈનર હતા, એક ખૂબ જ ઊંચા વેતનવાળી નોકરી સ્વીકારવા તૈયાર નહોતા થયા જ્યારે તેમને ખબર પડી કે જે ફેક્ટરી માટે તેમને ડિઝાઈન બનાવવાનું કહેવામાં આવ્યું હતું તે નજીકની નદીમાં પ્રદૂષિત ગંદુ પાણી છોડતી હતી. પૈસાની જરૂર હોવા છતાં તેમણે તે કામ સ્વીકાર્યું નહોતું.

દિયાએ યાદ કરતાં કહ્યું: "મને યાદ છે કે મારા માતા-પિતાની સૌથી ઉગ્ર દલીલોમાંથી એક આ મુદ્દે થઈ હતી. મારા પિતાએ કહ્યું, 'ના, હું આ કામ નહીં કરું.' અને મારી માતાએ કહ્યું, 'પછી બિલ કોણ ચૂકવશે? તેની સ્કૂલની ફી ભરવાની છે, બીજા ઘણા ખર્ચા છે. આપણી પાસે 'ના' કહેવાનો વિકલ્પ નથી.' ત્યારે મારા પિતાએ કહ્યું, 'ના, પરંતુ આપણી પાસે હંમેશા પસંદગી જરૂર હોય છે.'"

તેમણે વધુમાં જણાવ્યું કે પોતાના પાલક પિતા સાથે તેમણે બાળપણનો મોટો સમય બહાર પ્રકૃતિની વચ્ચે વિતાવ્યો હતો. સેઈલિંગ, ટ્રેકિંગ અને આસપાસની કુદરતી દુનિયાની શોધખોળ કરતાં. પોડકાસ્ટ દરમિયાન આગળ વાત કરતાં દિયાએ પોતાના જીવનના એક મહત્વપૂર્ણ તબક્કા વિશે પણ જણાવ્યું, જ્યારે વ્યાવસાયિક સફળતા છતાં તેમને સંતોષ મળતો ન હતો. તે સમયને યાદ કરતાં તેમણે કહ્યું કે "મેં 2005માં થોડી પીછેહઠ કરવાનો નિર્ણય લીધો. જે સમયને સામાન્ય રીતે કારકિર્દીનો શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે.

# 'કોકટેલ 2'માં કૃતિ સેનનના એવા સીન કે મચ્યો હોબાળો, લોકોએ ઉઠાવ્યા સવાલ!

**મુંબઈ, તા.22**

શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાના સ્ટારર 'કોકટેલ 2' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. ફિલ્મને દર્શકો અને વિવેચકો (ક્રિટિક્સ) તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. પરંતુ આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક અલગ જ ચર્ચા છેડાઈ ગઈ છે. ફિલ્મમાં કૃતિ સેનનના કેટલાક ગ્લેમરસ અને ક્લોઝઅપ સીન્સને લઈને લોકો સવાલો ઉઠાવી રહ્યા છે. કેટલાક લોકોનું કહેવું છે કે જો 'પેદ્દી'માં જાહ્નવી કપૂરના કેટલાક શોટ્સને લઈને આપત્તિ વ્યક્ત



કરવામાં આવી હતી, તો 'કોકટેલ 2'ના કેટલાક સીન્સ પર પણ સમાન દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. આ કારણે ફિલ્મ રિલીઝ થવાની સાથે જ સોશિયલ મીડિયા પર ઓબ્જેક્ટિફિકેશન (વસ્તુ તરીકે રજૂ કરવા) અને પ્રેઝન્ટેશનને લઈને ચર્ચા તેજ થઈ ગઈ છે.

'કોકટેલ 2' રિલીઝ થયા બાદ એક્સ (Twitter) સહિત અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દર્શકોએ કૃતિ સેનનના કેટલાક સીન્સને લઈને પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. અનેક યુઝર્સે ફિલ્મમાં ઉપયોગમાં લેવાયેલા કેટલાક કેમેરા એંગલ અને શોટ્સ પર સવાલ ઉઠાવ્યા. ખાસ કરીને અભિનેત્રીના ક્લોઝઅપ બિકીની શોટ્સને લઈને લોકો આપત્તિ વ્યક્ત કરી રહ્યા છે. કેટલાક લોકોનું માનવું છે કે ફિલ્મના કેટલાક ભાગોમાં પાત્રને રજૂ કરવાની રીત ચર્ચાનો વિષય બની શકે છે, જ્યારે અન્ય દર્શકોએ તેને વાર્તા અને પાત્રની જરૂરિયાત ગણાવી હતી.

# નોરા ફતેહીનો ફીફા વર્લ્ડ કપ 2026 પરફોર્મન્સ બાદ દબદબો

**મુંબઈ, તા.22**

ગૂગલ પર આ વર્ષે સૌથી વધુ સર્ચ કરાયેલી બોલિવૂડ હસ્તી તરીકે પ્રિયંકા ચોપરા કે આલિયા ભટ્ટનું નામ નહીં, પરંતુ એક ખ્યાતનામ ડાન્સરનું નામ સામે આવ્યું છે. હા, અમે વાત કરી રહ્યા છીએ નોરા ફતેહીની, જેણે ફીફા વર્લ્ડ કપ 2026 ના ઓપનિંગ સેરેમનીમાં શાનદાર પરફોર્મન્સ આપીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી છે. બોલિવૂડની જાણીતી ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહી આજે માત્ર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થઈ ગઈ છે. પોતાના ગ્લેમરસ ડાન્સ અને આગવી સ્ટાઈલને કારણે નોરા હંમેશા ચર્ચામાં રહે છે. આ વચ્ચે તેણે વધુ એક સફળતા હાંસલ કરી છે. ગૂગલ પર સૌથી વધુ સર્ચ થનારી બોલિવૂડ સ્ટાર હવે નોરા બની ગઈ છે. નોંધનીય છે કે, નોરાએ 12 જૂને ફીફા વર્લ્ડ કપ 2026 માં શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું, ત્યારથી લોકો ઈન્ટરનેટ પર તેના ગીતો, ફિલ્મો અને અંગત જીવન વિશે જાણવા માટે આતુર છે. નોરા ફતેહીની લોકપ્રિયતા માત્ર બોલિવૂડ સુધી સીમિત નથી. ફીફા વર્લ્ડ કપ 2026 માં તેના શાનદાર પ્રદર્શન બાદ તેણે વિશ્વભરના દર્શકોના દિલ જીતી લીધા છે. સોશિયલ મીડિયાથી લઈને ગૂગલ સુધી તમામ જગ્યાએ તેની ખૂબ ચર્ચા થઈ રહી છે, જેના કારણે તે અત્યારે સૌથી વધુ ચર્ચામાં રહેલા સિતારાઓમાંથી એક બની ગઈ છે. ગૂગલ ટ્રેન્ડ્સના આંકડા મુજબ, નોરા સૌથી વધુ સર્ચ કરવામાં આવેલી બોલિવૂડ હસ્તી બની છે. આ સિદ્ધિ હાંસલ કરી તેણે પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ અને દીપિકા પાદુકોણ જેવી મોટી એક્ટ્રેસને પણ પાછળ છોડી દીધી છે. દુનિયાભરના લોકો નોરા વિશે વધુ જાણવા માટે ગૂગલ પર સર્ચ કરી રહ્યા છે, જે તેની વૈશ્વિક લોકપ્રિયતાનો પુરાવો છે. અહેવાલો અનુસાર, 12 જૂન 2026 ના રોજ ફીફા વર્લ્ડ કપ 2026 ના ઉદ્ઘાટન સમારોહમાં નોરા ફતેહીના પરફોર્મન્સ બાદ તેની લોકપ્રિયતામાં અચાનક ભારે ઉછાળો જોવા મળ્યો છે. તેના પ્રદર્શનના વીડિયો અને તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થતા જ સોશિયલ મીડિયા પર તેની ખૂબ ચર્ચા શરૂ થઈ ગઈ હતી. ચાહકોએ તેના પરફોર્મન્સના વિડીયો શેર કર્યા અને કોમેન્ટ્સ પર રિએક્શન પણ આપ્યા હતા. આ મોટી સફળતા બાદ નોરાએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ પણ શેર કરી હતી.



# ચાંદી આજે ₹5,826 મોંઘી, ₹2.37 લાખ પર પહોંચી: સોનાનો ભાવ ₹1,694 વધ્યો, 10 ગ્રામ 24 કેરેટ સોનું ₹1.46 લાખ થયું

નવી દિલ્હી, તા.22



સોના અને ચાંદીના બજારમાં ફરી એકવાર જોરદાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ૨૨ જૂનના રોજ કિંમતોમાં મોટો ઉછાળો આવતા રોકાણકારો અને ગ્રાહકો બંનેનું ધ્યાન આ તરફ ખેંચાયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે આઈબીજેએ (IBJA) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજા આંકડાઓ અનુસાર, ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ પાંચ હજાર આઠસો છવ્વીસ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો છે. આ ધરખમ વધારા સાથે હવે એક કિલો ચાંદીની કિંમત બે લાખ સાડત્રીસ હજાર રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે આ અગાઉના ગુરુવારે જ બજારમાં ચાંદીનો ભાવ બે લાખ બત્રીસ હજાર રૂપિયા પ્રતિ કિલોની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

માત્ર ચાંદી જ નહીં પરંતુ સોનાના ભાવમાં પણ જોરદાર તેજી નોંધાઈ છે. ચોવીસ કેરેટ શુદ્ધતા ધરાવતા દસ ગ્રામ સોનાના ભાવમાં એક હજાર છસો ચોરણું રૂપિયાનો મોટો ઉછાળો આવ્યો છે, જેના કારણે સોનાનો ભાવ વધીને એક લાખ છેતાલીસ હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામ થઈ ગયો છે. આ તેજી પહેલાના એક દિવસ અગાઉ સોનાની કિંમત આશરે એક લાખ ચુંમાલીસ હજાર રૂપિયા નોંધાઈ હતી. જોકે, આ વધારા છતાં સોનું તેના સર્વોચ્ચ શિખર એટલે કે ઓલ ટાઈમ હાઈ રેટ કરતાં હજુ પણ ઘણું સસ્તું મળી રહ્યું છે. ચાલુ વર્ષ દરમિયાન સોના અને ચાંદીના ભાવોમાં સતત અણધાર્યા ઉતાર-ચઢાવ આવતા રહ્યા છે. એક નજર કરીએ તો વર્ષ બે હજાર પચીસના અંતિમ દિવસે એટલે કે એકત્રીસ ડિસેમ્બરે સોનાનો ભાવ એક લાખ તેત્રીસ હજાર રૂપિયા હતો, જે આગામી મહિનાની ઓગણત્રીસ જાન્યુઆરીએ વધીને એક લાખ છોતેર હજાર રૂપિયાની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો હતો. તે ઓલ ટાઈમ હાઈ સપાટીની સરખામણીએ જોવામાં આવે તો વર્તમાન સમયમાં સોનાના ભાવમાં આશરે ત્રીસ હજાર રૂપિયા જેટલો ઘટાડો નોંધાયો છે.

બીજી તરફ ચાંદીની વાત કરીએ તો ગત વર્ષના અંતે એટલે કે એકત્રીસ ડિસેમ્બર બે હજાર પચીસના રોજ તેનો ભાવ બે લાખ ત્રીસ હજાર રૂપિયા હતો, જે ચાલુ વર્ષની ઓગણત્રીસ જાન્યુઆરીના રોજ ત્રણ લાખ છયાસી હજાર રૂપિયાના પોતાના અત્યાર સુધીના સૌથી સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. તે ઓલ ટાઈમ હાઈ કિંમતથી વર્તમાન ભાવની સરખામણી કરીએ તો ચાંદી અત્યાર સુધીમાં આશરે એક લાખ ઓગણપચાસ હજાર રૂપિયા જેટલી સસ્તી થઈ ચૂકી છે.

બજારમાં ચાલી રહેલી આ ઉથલપાથલ વચ્ચે જ્યારે પણ તમે કોઈ જ્વેલર્સ પાસે સોનાની ખરીદી કરવા માટે જાઓ ત્યારે કેટલીક અત્યંત મહત્વની બાબતોનું વિશેષ ધ્યાન રાખવું અનિવાર્ય બને છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે બીઆઈએસ (BIS) નો સત્તાવાર હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. આ હોલમાર્ક એક ખાસ આલ્ફાન્યૂમેરિક કોડના સ્વરૂપમાં હોય છે, જે સોનાની શુદ્ધતા અને તે કેટલા કેરેટનું છે તેની સચોટ માહિતી આપે છે. આ ઉપરાંત ખરીદી કરતા સમયે સોનાના સાચા વજનની સાથે તે દિવસના ચોક્કસ ભાવોને ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્રોતો પરથી ક્રોસ ચેક કરી લેવા જોઈએ, કારણ કે ચોવીસ કેરેટ, બાવીસ કેરેટ અને અઢાર કેરેટના હિસાબે સોનાના દરો અલગ-અલગ નક્કી થતા હોય છે.

તેવી જ રીતે ખરીદવામાં આવતી ચાંદી અસલી છે કે નકલી તેની ઓળખ કરવા માટે ઘરેલુ સ્તરે કેટલાક સરળ પ્રયોગો કરી શકાય છે. સૌપ્રથમ ચુંબકનો ટેસ્ટ કરીને જાણી શકાય છે કે જો ચાંદી અસલી હશે તો તે ચુંબક તરફ બિલકુલ આકર્ષાશે નહીં કે ચોંટશે નહીં. આ સિવાય બરફનો ટેસ્ટ પણ ખૂબ અસરકારક છે, જેમાં ચાંદીના ટુકડા પર બરફ રાખતાની સાથે જ અસલી ચાંદીની વધુ થર્મલ કંડક્ટિવિટીના કારણે બરફ ખૂબ જ ઝડપથી પીગળવા લાગે છે. અસલી ચાંદીની કોઈ ચોક્કસ કે અણગમતી ગંધ હોતી નથી, જ્યારે જો તે નકલી હોય તો તેમાંથી કોપર એટલે કે તાંબા જેવી ધાતુની ગંધ આવવા લાગે છે. અંતમાં તમે ચાંદીને કોઈ સાફ સફેદ કપડાથી ઘસીને પણ ચકાસી શકો છો, કારણ કે અસલી ચાંદીને હવામાં ઓક્સિડેશન થવાના કારણે ઘસવાથી સફેદ કપડા પર કાળા રંગના ડાઘા જોવા મળે છે, જે તેની અસલી હોવાની પાકી ખાતરી આપે છે.

# સેન્સેક્સ 291 પોઈન્ટ વધીને 77,094 પર બંધ: નિફ્ટીમાં પણ 89 પોઈન્ટનો ઉછાળો રહ્યો

મુંબઈ, તા.22



ભારતીય શેરબજારમાં આ સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે એટલે કે સોમવારે ફરી એકવાર રોકાણકારોનો ઉત્સાહ પાછો ફરતો જોવા મળ્યો છે અને બજારમાં લીલા નિશાન સાથે મજબૂત તેજી નોંધાઈ છે. આજના ટ્રેડિંગ સેશનના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ બસ્સો એકાણું અંકના નોંધપાત્ર વધારા સાથે સિત્તેર હજાર ઓગણસો ચેન્નાઈના સ્તરે સફળતાપૂર્વક બંધ થયો હતો. સેન્સેક્સની સાથે-સાથે નેશનલ સ્ટોક એક્સચેન્જનો મુખ્ય ઈન્ડેક્સ નિફ્ટી પણ પાછળ રહ્યો નહોતો અને તેમાં પણ એંસી નવ અંકની શાનદાર તેજી જોવા મળી હતી, જેના કારણે તે ચોવીસ હજાર એકસો બે ની સપાટી વટાવીને બંધ થવામાં સફળ રહ્યો હતો. આજના સમગ્ર કારોબાર દરમિયાન ખાસ કરીને મીડિયા અને ફાર્મા ક્ષેત્રના શેરોમાં રોકાણકારો તરફથી સૌથી વધુ પ્રમાણમાં ચોખ્ખી ખરીદી જોવા મળી હતી, જેણે બજારના સેન્ટિમેન્ટને મજબૂત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જો વૈશ્વિક સ્તરે એશિયન બજારોની સ્થિતિ પર નજર કરીએ તો ત્યાં આજના દિવસે એક મિશ્ર પ્રકારનો કારોબાર જોવા મળ્યો હતો, જ્યાં કેટલાક બજારો વધારા સાથે તો કેટલાક ઘટાડા સાથે બંધ થયા હતા. સાઉથ કોરિયાનો મુખ્ય ઈન્ડેક્સ કોસ્પી બાસઠ પોઈન્ટ એટલે કે શૂન્ય ટકા દશાંશ ઓગણસિત્તેર ટકાના વધારા સાથે નવ હજાર એકસો પંદરના લેવલ પર પહોંચ્યો હતો. જ્યારે જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો, જે એક હજાર એકસો ચાર પોઈન્ટ અથવા એક ટકા દશાંશ પંચાવન ટકા વધીને બોતેર હજાર ત્રણસો ચોપ્પનના અત્યંત ઊંચા સ્તરે બંધ થયો હતો. આ તેજીથી વિપરીત હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં નબળાઈ જોવા મળી હતી અને તે એકસો છપ્પન પોઈન્ટ એટલે કે શૂન્ય ટકા દશાંશ પાંસઠ ટકાના ઘટાડા સાથે ત્રેવીસ હજાર સાતસો ઓગણસિત્તેરના સ્તરે સરકી ગયો હતો. આ અગાઉના ગુરુવારે વૈશ્વિક સંકેતો આપતા અમેરિકી બજારોમાં પણ એકંદરે સારો સુધારો જોવા મળ્યો હતો, જેમાં ડાઉ જોન્સ બોતેર અંક એટલે કે શૂન્ય ટકા દશાંશ ચૌદ ટકા વધીને એકાવન હજાર પાંચસો પાંસઠ પર બંધ થયો હતો. આ સાથે જ ટેક્નોલોજી આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ચારસો છન્નુ પોઈન્ટ એટલે કે એક ટકા દશાંશ એકાણું ટકાના જબરદસ્ત ઉછાળા સાથે છવ્વીસ હજાર પાંચસો અઢાર પર રહ્યો હતો, જ્યારે એસ એન્ડ પી પાંચસો ઈન્ડેક્સ એંસી પોઈન્ટ એટલે કે એક ટકા દશાંશ શૂન્ય આઠ ટકાના વધારા સાથે સાત હજાર પાંચસો એકના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો.

બજારની આ તેજી પાછળ વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ (FII) ની ખરીદીનો પણ મોટો ટેકો મળ્યો છે, જેમણે શુક્રવારના ટ્રેડિંગ સેશનમાં બજારમાં ચાર હજાર આઠસો ઓગણસાઠ કરોડ રૂપિયાની મોટી ખરીદી કરી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડીઆઈઆઈ (DII) એ એક હજાર એકસો સાઠ કરોડ રૂપિયાની વેચવાલી નોંધાવી હતી. છેલ્લા કેટલાક દિવસોના વલણને જોવામાં આવે તો છેલ્લા આઠ દિવસોમાં ડીઆઈઆઈએ ત્રણ હજાર નવસો ઓગણીસ કરોડની અને એફઆઈઆઈએ ત્રણ હજાર એકસો છાસી કરોડની ખરીદી કરી છે, જ્યારે છેલ્લા ત્રીસ દિવસના લાંબા ગાળામાં ડીઆઈઆઈએ નેવું હજાર આઠસો ઓગણસાઠ કરોડની જંગી ખરીદી કરી હોવા છતાં એફઆઈઆઈ તરફથી છાસઠ હજાર સાતસો ઓગણસા કરોડ રૂપિયાની મોટી વેચવાલી જોવા મળી હતી.

# ડોટ કોમ ક્રેશ કરતાં AI બબલ વધુ ખતરનાક હોઈ શકે: દામોદરનની ચેતવણી; જો AI બૂમમાં ઘટાડો થશે તો સંભાળવું અશક્ય

ન્યૂયોર્ક, તા.22



દુનિયાભરની દિગ્ગજ ટેક કંપનીઓ અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ (AI) ની વૈશ્વિક રેસમાં એકબીજાથી આગળ નીકળી જવા માટે આંધળી દોટ લગાવી રહી છે. આ ટેકનોલોજી પાછળ અત્યાર સુધીમાં ટ્રિલિયન એટલે કે લાખો કરોડ ડોલરનું આંધળું રોકાણ કરવામાં આવ્યું છે, જેને માનવ ઈતિહાસના સૌથી મોટા તકનીકી અને આર્થિક રોકાણોમાંનું એક ગણવામાં આવી રહ્યું છે. પરંતુ બજારના આ અતિશય ઉત્સાહ વચ્ચે કોર્પોરેટ જગતમાં 'ડીન ઓફ વેલ્યુએશન' તરીકે આખી દુનિયામાં અત્યંત આદરપૂર્વક જાણીતા ન્યૂયોર્ક યુનિવર્સિટીના ફાઈનાન્સ પ્રોફેસર અશ્વથ દામોદરને એક બહુ મોટી અને ચોંકાવનારી ચેતવણી આપી છે. ભારતીય-અમેરિકન મૂળના આ પ્રખ્યાત પ્રોફેસરનું સ્પષ્ટપણે માનવું છે કે ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માર્કેટમાં જે મોટું કરેક્શન એટલે કે કડાકો આવવાનો છે, તે વર્ષ બે હજારના ઐતિહાસિક 'ડોટ-કોમ ક્રેશ' કરતાં પણ ઘણો વધારે પીડાદાયક અને નુકસાનકારક સાબિત થઈ શકે છે. એક જાણીતી યુટ્યુબ ચેનલને આપેલા પોતાના વિશેષ ઈન્ટરવ્યુમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક બજારનો ઈતિહાસ સાક્ષી રહ્યો છે કે જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી કે વસ્તુને લઈને લોકો અને કંપનીઓમાં જરૂર કરતાં વધુ પડતો ઉત્સાહ અથવા અતિશય અપેક્ષાઓ ઊભી થાય છે, ત્યારે તેની પાછળ એક મોટો આર્થિક ઘટાડો કે મંદી આવવી બિલકુલ નિશ્ચિત હોય છે. એઆઈના ક્ષેત્રમાં પણ આવી જ ભયાનક મંદી આવવાની પૂરેપૂરી આશંકાઓ સેવાઈ રહી છે, જેની સૌથી ખરાબ અસર માત્ર અમેરિકાના શેરબજાર એટલે કે વોલ સ્ટ્રીટ સુધી જ સીમિત નહીં રહે, પરંતુ આ વખતે સમગ્ર માનવ સમાજ અને સામાન્ય જનતાને પણ તેની બહુ મોટી કિંમત ચૂકવવી પડી શકે છે. આ ક્ષેત્રમાં થઈ રહેલા અતિશય રોકાણના કારણે ભવિષ્યમાં ભારે દેવું, લોન ડિફોલ્ટ અને પ્રાઈવેટ કેપિટલનું મોટું સંકટ ઊભું થઈ શકે છે જે છેલ્લે સામાન્ય માણસના ખિસ્સા પર જ સીધો પ્રહાર કરશે. પ્રોફેસર અશ્વથ દામોદરને વર્ષ બે હજારના ડોટ-કોમ બબલ અને વર્તમાન સમયના એઆઈ બબલ વચ્ચેનો પાયાનો તફાવત સમજાવતા કહ્યું હતું કે ડોટ-કોમના જમાનામાં કંપનીઓ પાસે માત્ર વેબસાઈટ્સ, સોફ્ટવેર અને ઈન્ટરનેટ આધારિત આઈડિયા કે વિચારો જ હતા, જેમાં વાસ્તવિક જમીની ખર્ચ ખૂબ મર્યાદિત હતો. તેની સરખામણીમાં આજના સમયમાં એઆઈ પાછળ ઈતિહાસનો સૌથી મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જેની સરખામણી આશરે સો વર્ષ પહેલાંના ઓટોમોબાઈલ એટલે કે કાર ઉત્પાદનના વ્યવસાયની શરૂઆત સાથે જ કરી શકાય. અત્યારે વિશાળકાય ડેટા સેન્ટર્સ, અત્યાધુનિક સેમિકન્ડક્ટર ચિપ્સ, અસાધારણ કમ્પ્યુટિંગ પાવર અને અતિશય ભારે ઉર્જાનો વપરાશ કરતી સિસ્ટમ્સ ઊભી કરવા પાછળ અઢળક નાણાં વહાવી દેવામાં આવ્યા છે અને મૂડીનું આ વિરાટ કદ જ આજના સમયનો સૌથી મોટો આર્થિક ખતરો બની ગયું છે. પોતાના વિશ્લેષણમાં પ્રોફેસર દામોદરને વર્ષ બે હજાર આઠની વૈશ્વિક આર્થિક મંદીના કડવા પાઠોને પણ યાદ કર્યા હતા. જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ બે હજાર આઠ જેવી સદંતર બેંકિંગ મંદીની કોઈ ભવિષ્યવાણી નથી કરી રહ્યા, પરંતુ તે સમયની મંદીનો મુખ્ય બોધપાઠ એ હતો કે જ્યારે પણ બજારમાં ધિરાણકર્તાઓ એટલે કે લોન આપનારાઓ હદ કરતાં વધુ આગળ વધીને સસ્તા વ્યાજ દરે આડેધડ પૈસા વહેંચવાનું શરૂ કરે છે, ત્યારે જ્યારે બજારમાં સુધારો કે મંદી આવે છે.

# બ્રોકરેજ હાઉસે ડીકોડ કરી રિલાયન્સની AGM: જિયો IPOથી કમાણીનો રસ્તો ખુલશે, ન્યૂ એનર્જી અને AIથી ગ્રોથ મળશે

નવી દિલ્હી, તા.22



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL)ના શેરમાં આજે કારોબાર દરમિયાન 2%થી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. કંપનીનો શેર 1,345ના સ્તરે પહોંચી ગયો છે. શુક્રવારે યોજાયેલી 49મી વાર્ષિક સામાન્ય સભા (AGM) પછી, ઘણા મોટા બ્રોકરેજ હાઉસે તેના ભવિષ્યના રોડમેપ અને જિયો ઈન્ફોકોમના IPO માટે સેબી (Sebi) પાસે દાખલ કરાયેલા ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) અંગે તેમનો એનાલિસિસ રિપોર્ટ બહાર પાડ્યો છે. નોમુરા બ્રોકરેજ મુજબ, જિયોની લિસ્ટિંગથી રિલાયન્સની અંદર ડિજિટલ બિઝનેસની વેલ્યુ અનલોક થશે. આ એવા નવા રોકાણકારો માટે એક ઉત્તમ એન્ટ્રી પોઈન્ટ સાબિત થશે જેઓ ફક્ત ટેલિકોમ બિઝનેસમાં રોકાણ કરવા માંગે છે. નોમુરાએ રિલાયન્સના શેર પર તેની 'બાય' રેટિંગ જાળવી રાખી છે અને ટાર્ગેટ પ્રાઈસ 1,640 નક્કી કરી છે. નોમુરાએ તેના રિપોર્ટમાં જણાવ્યું કે 'રિલાયન્સ ઈન્ટેલિજન્સ' હવે પ્લાનિંગના ફેઝમાંથી નીકળીને એક્ઝિક્યુશનના ફેઝમાં આવી ગયું છે. જામનગરમાં બની રહેલા સોવરેન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) હબમાં નાણાકીય વર્ષ 2026ના અંત સુધીમાં પ્રથમ 120 મેગાવોટ (MW) ક્ષમતાને ટાર્ગેટ કરવામાં આવી રહી છે. આ રિલાયન્સ માટે શરૂઆતી ફેઝનું એક મોટું કેપેક્સ રોકાણ છે. એમકે ગ્લોબલ અનુસાર, ઓઈલ-ટુ-કેમિકલ્સ (O2C) સેગમેન્ટમાં વૃદ્ધિનો આગલો તબક્કો હાઈ-વેલ્યુ કેમિકલ્સ અને મટિરિયલ્સમાં રોકાણથી આવશે. દહેજમાં 3 mmtpa ક્ષમતાનો PTA પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે, જેનાથી પોલિએસ્ટર વેલ્યુ ચેઈનમાં રિલાયન્સની સ્થિતિ મજબૂત થશે.

જ્યારે નાગોથણેમાં 1.2 mmtpa ક્ષમતાનો PVC પ્રોજેક્ટ ભારતની આયાત પર નિર્ભરતા ઘટાડશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કન્સ્ટ્રક્શન અને કન્ઝ્યુમર સેગમેન્ટની સ્થાનિક માંગને પૂરી કરશે. એમકે ગ્લોબલે શેર પર 1,680ના ટાર્ગેટ પ્રાઈસ સાથે બાય રેટિંગ આપ્યું છે.

એન્ટિક સ્ટોક બ્રોકિંગે જણાવ્યું કે કંપનીએ આગામી 5 વર્ષમાં તેના કન્સોલિડેટેડ અર્નિંગ બિફોર ઈન્ટરેસ્ટ, ટેક્સ, ડેપ્રિસિયેશન એન્ડ એમોર્ટાઈઝેશન (EBITDA) ને બમણાથી વધુ કરવાનો લક્ષ્ય રાખ્યો છે. એનો અર્થ એ છે કે નાણાકીય વર્ષ 2031 સુધીમાં આ EBITDA 4.2-4.5 ટ્રિલિયન સુધી પહોંચી શકે છે. આવું થવા પર રોકાણ કરેલી મૂડી પર વળતર (ROCE) બમણું થઈ શકે છે, જેનાથી શેરનું રી-રેટિંગ થશે.

એન્ટિક સ્ટોક બ્રોકિંગનું માનવું છે કે જિયોના IPO પછી આ વર્ષે 10 GW ઈન્ટિગ્રેટેડ સોલર પ્રોજેક્ટ અને 40 GW બેટરી પ્લાન્ટ ચાલુ થવાથી બજારમાં રિલાયન્સનું રી-રેટિંગ સતત ચાલુ રહેશે.

આ પછી કચ્છમાં સોલર + બેટરી અને હાઈડ્રોજન પ્રોજેક્ટ્સ પણ શરૂ થશે. બ્રોકરેજે 1,670 ના ટાર્ગેટ સાથે બાય રેટિંગનું પુનરાવર્તન કર્યું છે.

મોતીલાલ ઓસવાલ ફાઈનાન્સિયલ સર્વિસિસ અનુસાર, રિલાયન્સ જિયો કંપનીનો સૌથી મોટો ગ્રોથ ડ્રાઈવર બની રહેશે અને ડિજિટલ સેગમેન્ટ રિલાયન્સના કુલ ઈન્ક્રીમેન્ટલ EBITDA માં લગભગ 80% ફાળો આપશે.

નાણાકીય વર્ષ 2026-28 ની વચ્ચે વાયરલેસ ટેરિફમાં વધારો (નાણાકીય વર્ષ-2027 ના બીજા ક્વાર્ટરમાં 15% નો વધારો), વાયરલેસ માર્કેટ શેરમાં વૃદ્ધિ અને હોમ્સ તથા એન્ટરપ્રાઈઝ સેગમેન્ટના વિસ્તરણથી 18% નો EBITDA CAGR જોવા મળી શકે છે. મોતીલાલ ઓસવાલે અનુમાન લગાવ્યું છે કે રિલાયન્સનો કન્સોલિડેટેડ EBITDA અને PAT નાણાકીય વર્ષ 2026-28 દરમિયાન 9-10% CAGR થી વધશે. ડિજિટલ સર્વિસિસમાં કેપેક્સનો પીક ફેઝ હવે પૂરો થઈ ગયો છે, તેથી નાણાકીય વર્ષ 2026-28 માટે વાર્ષિક કન્સોલિડેટેડ કેપેક્સ 1.25 ટ્રિલિયન રહેવાનો અંદાજ છે. આનાથી લગભગ 1 ટ્રિલિયનનો મજબૂત ફ્રી કેશ ફ્લો (FCF) જનરેટ થશે અને કન્સોલિડેટેડ નેટ ડેટ (દેવું) માં ઘટાડો થશે. બ્રોકરેજે 1,655 નો ટાર્ગેટ પ્રાઈસ આપ્યો છે. નુવામા અનુસાર, ન્યૂ એનર્જી બિઝનેસથી નાણાકીય વર્ષ 2027 થી નાણાકીય પ્રદર્શનમાં મોટો ફાળો મળવાનું શરૂ થઈ જશે. ચાલુ થઈ ગયેલા સોલર મોડ્યુલ/સેલ પ્લાન્ટ્સની ક્ષમતા વધારીને 20GW કરવામાં આવી રહી છે, જેનાથી નાણાકીય વર્ષ 2026 ના પ્રોફિટ આફ્ટર ટેક્સ (PAT) માં 5% નો વધારો થઈ શકે છે.

રિલાયન્સ ઈન્ટેલિજન્સ (RI) અને રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ (RCPL) કંપનીના નવા ગ્રોથ એન્જિન હશે. નુવામાએ 1,765નો ટાર્ગેટ પ્રાઈસ આપ્યો છે, પરંતુ સાથે જ ચેતવણી આપી છે કે વૈશ્વિક માંગમાં સુસ્તી અથવા ક્ષમતામાં વધારાથી રિફાઈનિંગ અને કેમિકલ માર્જિન પર અસર પડી શકે છે.

ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ એક શરૂઆતી સત્તાવાર દસ્તાવેજ હોય છે જેને કોઈ પણ કંપની પોતાનો IPO લાવતા પહેલા માર્કેટ રેગ્યુલેટર સેબી (SEBI) પાસે જમા કરાવે છે. તેમાં કંપનીના બિઝનેસ, નાણાકીય સ્થિતિ અને રિસ્ક ફેક્ટર્સની પૂરી ડિટેલ હોય છે. EBITDA નો મતલબ અર્નિંગ બિફોર ઈન્ટરેસ્ટ, ટેક્સ, ડેપ્રિસિએશન એન્ડ અમોર્ટાઈઝેશન હોય છે, જે કંપનીની કોર ઓપરેટિંગ પ્રોફિટેબિલિટી દર્શાવે છે. CAGR (કમ્પાઉન્ડેડ એન્યુઅલ ગ્રોથ રેટ) નો ઉપયોગ એક નિર્ધારિત સમયગાળામાં વાર્ષિક સરેરાશ રોકાણ અથવા કમાણીની વૃદ્ધિ માપવા માટે કરવામાં આવે છે.

# 14 ફૂડ બ્રાન્ડ્સને FSSAIની નોટિસ: મેંદાને ઓર્ગેનિક ગણાવ્યો, શેરડીના રસને 'નો એડેડ સુગર' ગણાવ્યો, ભ્રામક દાવાઓ પર જવાબ માંગ્યો

મુંબઈ, તા.22

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ એટલે કે એફએસએસએઆઈ (FSSAI) દ્વારા દેશભરમાં ગ્રાહકોના સ્વાસ્થ્ય અને તેમના અધિકારોની રક્ષા માટે એક બહુ જ મોટું અને કડક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત દેશની ચૌદ જેટલી જાણીતી ફૂડ બ્રાન્ડ્સને ભ્રામક દાવાઓ કરવા, લેબલિંગના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવા અને ગ્રાહકો તરફથી મળેલી ગંભીર ફરિયાદોના આધારે કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. નિયમનકારી સંસ્થાએ આ તમામ બ્રાન્ડ્સ અને કંપનીઓને વહેલી તકે પોતાની ભૂલો સુધારીને યોગ્ય સુધારાત્મક પગલાં લેવાનો કડક આદેશ આપ્યો છે, અન્યથા કાયદેસરની કડક કાર્યવાહીની ચેતવણી પણ ઉચ્ચારી છે.

આ કાર્યવાહીમાં સૌથી પહેલું નામ પ્લક્ક મેંગો ફ્રુટ જ્યુસનું આવે છે, જેના પેકેજિંગ પર ગ્રાહકોને આકર્ષવા માટે કોઈ વધારાની ખાંડ ઉમેરવામાં આવી નથી તેવો દાવો કરાયો હતો, પરંતુ જ્યારે તેની અંદરના ઘટકોની બારીકાઈથી તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે તેમાં એકાવન ટકા મેંગો પલ્પની સાથે ઓગણપચાસ ટકા જેટલો તો માત્ર શેરડીનો રસ જ ઉમેરેલો હતો. આવી જ રીતે નેચરલ પનીર નામની બ્રાન્ડે પણ પોતાના પેકેજિંગ પર ગેરકાયદેસર રીતે નેચરલ શબ્દનો પ્રયોગ કર્યો હતો, જે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સના નિયમોની વિરુદ્ધ હોવાનું સામે આવ્યું છે. ગૌર હેલ્ધી ફૂડના સિલ્કન ટોફુ નામના ઉત્પાદન પર સો ટકા શાકાહારી હોવાના દાવા સાથે કોઈ ચોક્કસ આંકડાકીય માહિતી આપ્યા વગર જ વિટામિન્સથી ભરપૂર હોવાની ભ્રામક વાત લખવામાં આવી હતી, એટલું જ નહીં પરંતુ તેના પર કેન્સર વિરોધી ગુણો હોવા જેવા તબીબી પ્રતિબંધિત દાવાઓ પણ છાપવામાં આવ્યા હતા. માસ્ટરચોફ ફૂડ્સના રામેન નૂડલ્સ પણ આ તપાસના ઘેરામાં આવ્યા છે, જ્યાં કંપની સો ટકા કુદરતી અને એકદમ તાજા બનેલા હોવાની સાથે પ્રીમિયમ ઓર્ગેનિક લોટમાંથી આ નૂડલ્સ બન્યા હોવાનું પ્રમોશન કરતી હતી, પરંતુ હકીકતમાં તે સામાન્ય મેંદામાંથી જ તૈયાર થતા હોવાનું ઘટકોની યાદી પરથી પકડાઈ ગયું હતું.

બાળકોમાં અત્યંત લોકપ્રિય એવી ફેરરો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની કિન્ડર જોય પ્રોડક્ટ પણ આ યાદીમાં સામેલ છે, જે પોતાના પેકેટ પર મિલ્ક સોલિડ્સથી ભરપૂર હોવાની મોટી-મોટી વાતો કરતી હતી, પણ એફએસએસએઆઈની નોટિસ મુજબ આ ચોકલેટ કન્ફેક્શનરી આઈટમમાં દૂધના તત્વોનો હિસ્સો મુખ્ય કે પ્રમુખ સ્થાને બિલકુલ નહોતો. તે જ રીતે પ્રોટીન સપ્લિમેન્ટ બનાવતી મેડિઝન લેબ્સની એટમ પીડબલ્યુઆર વે એક્સએલ પ્રોડક્ટ પર શુદ્ધ અને હેલ્ધી હોવાના દાવા કરાયા હતા અને સરળ પાચન તેમજ ઝડપી રિકવરી જેવા ફાયદાઓ ગણાવ્યા હતા, જેના સમર્થનમાં કંપની કોઈ પણ પ્રકારના વૈજ્ઞાનિક પુરાવા રજૂ કરી શકી નથી. દેશના તેલ બજારમાં મોટું




નામ ધરાવતા સફોલા ટોટલ હાર્ટ પ્રો કુકિંગ ઓઈલના પેકેટ અને તેની જાહેરાતોમાં હૃદયના ચિત્રો અને હાર્ટ પ્રો જેવા લોભામણા શબ્દો વાપરીને હૃદય માટે ફાયદાકારક હોવાનો સંકેત આપવાનો પ્રયાસ કરાયો હતો, જેની માટે કંપની પાસે કોઈ પૂર્વ મંજૂરી નહોતી, આથી તેમની પાસે ગુડ ફેટ્સ બેલેન્સ અને લોસોર્બ જેવા દાવાઓના વૈજ્ઞાનિક પુરાવા માંગવામાં આવ્યા છે. ઓરવિલે કંપનીના માઉન્ટેન બાવર્ચી બુરાંશ સ્ક્વોશના લેબલ પર નિયમ મુજબ બુરાંશ પલ્પની સાચી ટકાવારી જાહેર કરવામાં આવી નહોતી અને તેના પર પણ ગેરકાયદેસર રીતે ઔષધીય ફાયદાઓ લખેલા હતા.

બીજી તરફ, નેક્સા ઈન્ડસ્ટ્રીઝના આલ્કલાઈન ન્યુટ્રિઅન્ટ વોટર સામે એટલે લાલ આંખ કરવામાં આવી છે કારણ કે ભારતના ખાદ્ય સુરક્ષાના કાયદા હેઠળ આવી કોઈ કેટેગરી કે નામ માન્ય જ નથી અને તેના પર પણ સ્વાસ્થ્યના ખોટા દાવા કરાયા હતા. રો પ્રેસેરીના આલ્ફોન્સો મેંગો ફ્રુટ ડ્રિંકમાં આગળના ભાગે માત્ર કુદરતી ખાંડ હોવાનું દર્શાવાયું હતું, પરંતુ પાછળની સામગ્રી તપાસતા ખબર પડી કે તેમાં ફ્રુક્ટોઝને અલગથી ઉપરથી ઉમેરેલી ખાંડ તરીકે ભેળવવામાં આવ્યું હતું. ઈન્સિપ્રો ગોલ્ડ પાઉડર વેનિલા નામના સપ્લિમેન્ટમાં સો ટકા હાઈડ્રોલાઈઝ્ડ વ્હે પ્રોટીન અને ન્યુરો ન્યુટ્રિઅન્ટ્સ હોવાના તમામ દાવા શંકાના દાયરામાં આવ્યા છે. જ્યારે હિમાલયન ઓર્ગેનિક્સ કોરિયન જિનસેંગ નામના હેલ્થ સપ્લિમેન્ટમાં એનર્જી અને પર્ફોર્મન્સ વધારવાનો દાવો ભ્રામક સાબિત થયો છે અને તેની એક દિવસની ખોરાકની માત્રા પણ નિયમનકારી મર્યાદા કરતાં ઘણી વધારે હોવાનું પકડાયું છે.

ખાદ્ય પદાર્થોના ગુણધર્મો સિવાય ગ્રાહકોની સીધી ફરિયાદોના આધારે પણ મોટી બ્રાન્ડ્સ પર કાયદાનો કોરડો વીંઝાયો છે, જેમાં પ્રખ્યાત બિકાનેરવાલા આઉટલેટનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પર સ્વચ્છતાના નિયમોના ધજાગરા ઉડતા હોવાની એક ફરિયાદ મળી હતી જેમાં દુકાનના ચાલુ સમય દરમિયાન જ એક કર્મચારી કિચન અને સર્વિસ એરિયામાં બેસીને જમતો દેખાયો હતો, જેના પગલે કંપનીને તાત્કાલિક ધોરણે આ મામલાની તપાસ કરીને કર્મચારીઓની પર્સનલ હાઈજીન અંગેની નવી એસઓપી (SOP) અને એક્શન ટેકન રિપોર્ટ જમા કરાવવા આદેશ અપાયો છે. આ ઉપરાંત, પરમ ડેરી લિમિટેડ પણ ભારે વિવાદમાં સપડાઈ છે, કારણ કે આઈઆરસીટીસી (IRCTC) ની કેટરિંગ સર્વિસ દ્વારા સપ્લાય કરવામાં આવતા આ કંપનીના દહીં અને રબડીમાંથી ફૂગ નીકળી હોવાની મુસાફરોએ ફરિયાદો કરી હતી, જેથી રેગ્યુલેટરે બજારમાં એક્સપાયર થયેલો સામાન વેચાતો અટકાવવા માટે કંપની પાસેથી તેમના ઈન્વેન્ટરી મેનેજમેન્ટ અને પ્રોડક્ટ સોર્સિંગની તમામ વિગતો માંગી છે.

આ સમગ્ર કડક કાર્યવાહી પાછળ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ એટલે કે એફએસએસ એક્ટ ૨૦૦૬ જવાબદાર છે, જે ભારતીય બજારમાં વેચાતી દરેક ખાવા-પીવાની વસ્તુઓની સુરક્ષા અને ગુણવત્તા જાળવી રાખવા માટેનો સર્વોચ્ચ કાયદો છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ એ છે કે કોઈ પણ નાની કે મોટી કંપની પોતાના આર્થિક નફા માટે ગ્રાહકોની આંખમાં ધૂળ નાખીને તેમને ગેરમાર્ગે દોરી શકે નહીં. જો કોઈ બ્રાન્ડ પ્રોડક્ટની આગળના આકર્ષક લેબલ પર મોટી વાતો લખે અને પાછળ આપેલા અસલી ઘટકોમાં કંઈક બીજું જ ભેળસેળ વાળું નીકળે, તો તે ગ્રાહકોના અધિકારોનું સીધું ઉલ્લંઘન ગણાય છે અને દેશનો કોઈ પણ નાગરિક તેની વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી શકે છે. આ ગંભીર નિયમોના ભંગ બદલ કાયદામાં કંપનીઓ પર લાખો રૂપિયાનો ભારે દંડ ફટકારવાથી લઈને તેમનું ફૂડ બિઝનેસ લાયસન્સ હંમેશા માટે રદ કરવા સુધીની અત્યંત કડક સજાની જોગવાઈઓ સામેલ છે.

# ₹5ના વધારા સાથે મિનિમમ ભાડું 25₹ પહોંચ્યું, પ્રતિ કિલોમીટરના હવે 15ની જગ્યાએ 20₹ થશે

**અમદાવાદ, તા.22**

વધતા જતા CNGના ભાવના કારણે હવે રિક્ષા ચાલકોને પણ ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે. અમદાવાદ રિક્ષા ચાલક એસોસિયેશનની ગાંધીનગર ખાતે ટ્રાન્સપોર્ટ કમિશનર કચેરીએ બેઠક મળી હતી. જેમાં રિક્ષાચાલકોને ભાડામાં વધારો કરવાની છૂટ આપવામાં આવી છે. રિક્ષાનું મિનિમમ ભાડું 20 રૂપિયા હતું જેમાં 5 રૂપિયાનો વધારો કરીને 25 રૂપિયા કરવામાં આવ્યું છે.

રિક્ષા ચાલકો પ્રતિ કિલોમીટરે 15 રૂપિયા લેતા હતા જેમાં 5 રૂપિયાનો વધારો કરીને 20 રૂપિયા કરવામાં આવ્યા છે. અંદાજે ત્રણ વર્ષ બાદ રિક્ષા ચાલકોને ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી છે.

પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે મહિનામાં CNGના ભાવમાં 6 રૂપિયા જેટલો વધારો ઝીંકી દેવામાં આવ્યો હતો. જેથી CNGના ભાવ 88ને પાર પહોંચી ગયા છે. જેના કારણે સૌથી વધુ રિક્ષા ચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં કોઈપણ વધારો કરવામાં આવ્યો નહોતો. તેમજ અનેક રજૂઆત છતાં ભાડામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં ન આવતા હવે રિક્ષા ચાલક એક્તા યુનિયને જાતે જ ભાડામાં વધારો કરવાની જાહેરાત કરી દીધી હતી.

CNGના ભાવમાં સતત વધારો થતા રિક્ષા ચાલકોએ જાતે ભાડામાં વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. અનેક વખત વાહન વ્યવહાર કમિશનરને ભાડામાં વધારો કરવા માટે રજૂઆત કરી હતી. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી ભાડામાં કોઈપણ પ્રકારનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો નહોતો. જેથી હવે આખરે કંટાળીને રિક્ષા ચાલક એકતા યુનિયને રિક્ષા ચાલકોને વધારા સાથેનું ભાડું વસૂલવા છૂટ આપી દીધી હતી. તેની સાથે સાથે રિક્ષા ચાલક એક્તા યુનિયને એક કિલોમીટર દીઠ 20 રૂપિયા ભાડું વસૂલવા માટે અને મીનીમમ ભાડું 50 રૂપિયા સુધી લેવાની છૂટ આપવા માટે સરકારને રજૂઆત પણ કરી હતી.

જેને લઈને હવે વાહન વ્યવહાર કમિશનર કચેરીએ વચગાળાનો રસ્તો અપનાવ્યો છે. રિક્ષા ચાલક એકતા યુનિયન સાથે બેઠક યોજી હતી. જેમાં ટ્રાન્સપોર્ટ કમિશનર, અમદાવાદ RTO અધિકારી, રિક્ષા ચાલક વેલફેર એસોસિયેશનના પ્રમુખ, સ્માર્ટ સિટી ડ્રાઈવર યુનિયનના પ્રમુખ અને નિષ્ણાંતો સાથે બેઠક મળી હતી. જેમાં સર્વસંમતિથી ભાડામાં વધારો કરવાની મંજૂરી આપવામાં આવી



છે. જોકે રિક્ષા ચાલક એકતા યુનિયને રજૂઆત કરેલી બે માંગણીઓમાંથી માત્ર એક જ માંગણી સ્વીકારવામાં આવી છે.

રિક્ષા ચાલકોની રજૂઆતના આધારે અને CNGના વધતા જતા ભાવના કારણે એક કિલોમીટર દીઠ 15 રૂપિયા ભાડું લેવામાં આવતું હતું જેમાં પાંચ રૂપિયાનો વધારો કરી 20 રૂપિયા સુધી ભાડું લેવાની છૂટ આપવામાં આવી છે. જો કે તેની સામે મીનીમમ ભાડું 50 રૂપિયા સુધી વધારવા માટે સરકારને રજૂઆત પણ કરી હતી. પરંતુ અત્યારે મિનિમમ ભાડુ 20 રૂપિયા લેવામાં આવે છે તે વધારીને 25 રૂપિયા સુધી લેવાની છૂટ આપવામાં આવી છે. જેથી હવે ભાડામાં વધારો થતા મુસાફરોને નવા ભાવ સાથે ભાડું ચૂકવવું પડશે.

અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન પ્રમુખ વિજય મકવાણા સાથે અમદાવાદ ઓટો રિક્ષા વેલફેર એસોસિએશન પ્રમુખ રાજભાઈ શિર્કે અને સ્માર્ટ સિટી યુનિયન પ્રમુખ પંકજભાઈ સોની, આ સાથે જ અમદાવાદના આરટીઓ સાહેબ શ્રી તેમજ અમદાવાદથી ડીસીપી ચિરાગભાઈ પટેલ સાહેબ તેમજ ટ્રાફિક કમિશનર સાહેબ શ્રીના અધ્યક્ષસ્થાને આજે મીટિંગ કરવામાં આવી.

અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું કે રિક્ષા ચાલકો ભાડાને લઈ છેલ્લા ઘણા સમયથી હેરાન-પરેશાન હતા. છેલ્લા ચાર વર્ષથી રિક્ષામાં ભાડા વધારો કરવામાં નહોતો આવ્યો અને એક બાજુ મોંઘવારીએ માજા મૂકી હતી, આ તમામ પ્રશ્નોને લઈને વારંવાર રજૂઆત અમારા થકી કરવામાં આવી હતી. એના માટે અમને બોલાવવામાં આવ્યા હતા અને આજે આખરી બેઠક થઈ તેમાં નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને જે મિનિમમ ભાડું 20 હતું એના 25 કરવામાં આવ્યા છે અને પ્રતિ કિલોમીટર જે 15 હતા એના 20 કરવામાં આવ્યા છે.

# 'માધ્યમિક કક્ષાએ ડ્રોપઆઉટ રેશિયો 16.9%, જ્યારે સેકન્ડરીએ 20%': શાળા પ્રવેશોત્સવ પહેલા AAPનો પ્રહાર

**અમદાવાદ, તા.22**

ગુજરાત સરકાર દ્વારા 23થી 25 જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રવક્તા ડો. કરન બારોટે રાજ્યમાં વધતા ડ્રોપઆઉટ રેશિયો અને શિક્ષણની ગુણવત્તાને લઈને સરકાર સામે અનેક સવાલો ઉઠાવ્યા છે. બારોટે કહ્યુ- એક તરફ વાઈબ્રન્ટ ગુજરાતની વાત કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી રહી છે અને ડ્રોપઆઉટ દર વધી રહ્યો છે.





શિક્ષણનું બજેટ વધવા છતાં વિદ્યાર્થીઓને જે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવું જોઈએ તે મળી રહ્યું નથી. માધ્યમિક કક્ષાએ ડ્રોપઆઉટ રેશિયો 16.9%, જ્યારે સેકન્ડરીએ 20% છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રવક્તા ડો. કરન બારોટે જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવ માત્ર એક દિવસના કાર્યક્રમ સુધી સીમિત બની ગયો છે. ધોરણ-1માં બાળકોના પ્રવેશ સમયે ફોટા, વીડિયો અને રીલ્સ બનાવીને પ્રચાર કરવામાં આવે છે, પરંતુ એ જ બાળકો ધોરણ-10 સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે કે નહીં તેની દેખરેખ સરકાર રાખતી નથી. વધુમાં તેઓએ જણાવ્યું કે, શિક્ષણમાં માત્ર પ્રવેશ અપાવવો પૂરતો નથી. શાળાઓમાં શિક્ષકોની ઉપલબ્ધતા, પૂરતા વર્ગખંડ, સ્વચ્છ શૌચાલય, વિદ્યાર્થીઓની નિયમિત હાજરી અને શિક્ષણની ગુણવત્તા જેવા મુદ્દાઓ પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

# અમદાવાદમાં યુવકે પૈસા માંગતા સાથે કામ કરતા મિત્રએ છરીના ઘા મારી જાહેરમાં હત્યા કરી

**અમદાવાદ, તા.22**



અમદાવાદના ભારે ટ્રાફિકવાળા રિલીફ રોડ પર ગઈકાલે(21 જૂન) ધોળા દિવસે હત્યા થઈ હતી. આરોપી અને મૃતક સાથે કામ કરતા હતા. મૃતકે આરોપી પાસેથી 700 રૂપિયા માંગ્યા હતા જે ન આપીને આવેશમાં આવી આરોપીએ મૃતકને એક બાદ એક છરીના ઘા મારી હત્યા કરી દીધી હતી. કારંજ પોલીસે ગુનો નોધી આરોપીની અટકાયત કરી છે.

રવિવારે સાંજના સમયે રિલીફ રોડ પર જયશંકર રાજપૂત નામના યુવકની હત્યા કરવામાં આવી હતી.જયશંકરને છરીના ઘા મારીને જાહેરમાં હત્યા કરવામાં આવી હતી.બનાવની જાણ થતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી.જયશંકરના મૃતદેહને પીએમ માટે મોકલી આસપાસના લોકોના નિવેદન નોંધી સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. સાકીબ સલીમ શેખ નામના વ્યક્તિએ જયશંકરની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે મૃતક જયશંકર અને આરોપી સાકીબ શેખ સાથે છૂટક મજૂરી કરતા હતા.ગઈકાલે(21 જૂન) જયશંકરે સાકીબ પાસેથી 700 રૂપિયા માંગ્યા હતા.સાકીબે પૈસા આપવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો.ઝઘડો ઉગ્ર થતા સાકીબે જાહેરમાં જયશંકરને છરીના ઘા માર્યા હતા.સાકિબની પોલીસે અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

હાટકેશ્વરમાં જયશંકર રાજપૂત પરિવાર સાથે રહેતો હતો. તેને ઘણા સમયથી રૂપિયાની લેતી-દેતી બાબતે વટવાના શાકીબ સલીમ શેખ સાથે માથાકૂટ ચાલતી હતી. રવિવારે સલીમ શેખે જયશંકરને રૂપિયાની વાતચીત કરવા માટે પથ્થરકૂવા પાસે બોલાવ્યો હતો. જેથી જયશંકર ત્યાં પહોચ્યો હતો. જ્યાં બંને વચ્ચે રૂપિયાની બાબતે ફરીથી બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. આ દરમિયાન ઉશ્કેરાયેલા સલીમે પેન્ટના ખિસ્સામાંથી છરી કાઢીને જયશંકરને ઉપરાછાપરી ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

# બગોદરા-વટામણ હાઈવે પર કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપાયું, 34 લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

**અમદાવાદ, તા.22**

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના બગોદરા-વટામણ હાઈવે પર ચાલતા હાઈવે રોબરી અને કેમિકલ ચોરીના એક બહુ મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે મેમર ગામની સીમમાં આવેલી એક હોટલના કમ્પાઉન્ડમાં મોડી રાત્રે દરોડો પાડીને કેમિકલ ચોરી કરતા બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ટેન્કર અને કિંમતી કેમિકલ સહિત કુલ 34,40,650 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



મળતી માહિતી અનુસાર, કંડલા બંદરથી અત્યંત જ્વલનશીલ 'મિક્સ ઝાયલીન' કેમિકલ ભરીને એક ટેન્કર સુરત તરફ જઈ રહ્યું હતું. આ દરમિયાન બગોદરા-વટામણ હાઈવે પર આવેલી 'જય માતાજી હોટલ'ના કમ્પાઉન્ડમાં ટેન્કરને ઊભું રાખી, તેના વાલ્વનું સીલ તોડીને કેમિકલ ચોરી કરવામાં આવી રહ્યું હોવાની માહિતી LCBને મળી હતી. કેમિકલ અત્યંત જ્વલનશીલ હોવાથી કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે પોલીસે એફ.એસ.એલ. (FSL) અને ફાયર ફાઈટરની ટીમને સાથે રાખીને મોડી રાત્રે દરોડા પાડ્યા હતા.

પોલીસ જ્યારે હોટલના કમ્પાઉન્ડમાં પહોંચી ત્યારે ટેન્કરમાંથી કેમિકલ કાઢીને પ્લાસ્ટિકના મોટા કેરબાઓમાં ભરવાની કામગીરી ચાલતી હતી. પોલીસે ઘટનાસ્થળેથી ટેન્કરના ડ્રાઈવર અહેમદ ટીંબલિયા અને ચોરીનું કેમિકલ ખરીદવા/કાઢવામાં મદદ કરનાર જયરાજ રાઠોડ નામના બે આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. જો કે, આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને હોટલ સંચાલક દીપક ચૌહાણ પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો, જેને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે.

બગોદરા પોલીસે ઘટનાસ્થળેથી અલગ-અલગ વસ્તુઓ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેમાં 28.64 લાખ રૂપિયાની કિંમતનું 'મિક્સ ઝાયલીન' કેમિકલ, કેમિકલ ભરેલું ટેન્કર, પ્લાસ્ટિકના કેરબા અને મોબાઈલ ફોન સહિત કુલ 34,40,650 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. હાઈવે પર આ પ્રકારે જ્વલનશીલ કેમિકલની ચોરી કરીને સામાન્ય માનવ જિંદગી જોખમાય તે રીતે ચાલી રહેલા આ જોખમી કારોબાર બદલ બગોદરા પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા (B.N.S.) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કૌભાંડ કેટલા સમયથી ચાલતું હતું, અગાઉ કેટલા લીટર કેમિકલની ચોરી થઈ ચૂકી છે અને આ નેટવર્કમાં અન્ય કયા મોટા માથાઓ સંડોવાયેલા છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.


શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર
સમગ્ર શિક્ષા Samagra Shiksha

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ



પ્રગતિનો પ્રવેશોત્સવ



તારીખ: 23 થી 25 જૂન, 2026

નિપુણ ગુજરાત અભિયાન
પાયાની સક્ષમ સાક્ષરતા થકી નિપુણ બાળક

રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા
State Curriculum Framework (SCF)

શાળા ગુણવત્તા મૂલ્યાંકન
School Quality Assessment And Assurance Framework (SQAAF)

શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની પ્રગતિના મહત્ત્વપૂર્ણ પગલાં

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત રાજ્યની સરકારી શાળાઓમાં 22,000થી વધુ નવા વર્ગખંડો, 1 લાખ થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સ, 21,000 થી વધુ કમ્પ્યૂટર લેબ્સ અને 2,900 STEM લેબ્સની સ્થાપના.
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો દ્વારા 37,000થી વધુ દીકરીઓને નિવાસી શિક્ષણ સુવિધાનો લાભ.
- 11 લાખથી વધુ દીકરીઓને નમો લક્ષ્મી યોજના અને 1.50 લાખથી વધુ વિદ્યાર્થીઓને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ.
- જ્ઞાનસેતુ, જ્ઞાનસાધના અને જ્ઞાનશક્તિ યોજનાઓ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણનો લાભ.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ 2025-26 દરમિયાન 23.5 લાખ પરીક્ષાર્થીઓ માટે 27 પરીક્ષાઓનું સફળ આયોજન.
- પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા, QR કોડ માર્કશીટ અને ઓનલાઈન વેરિફિકેશન જેવી આધુનિક સુવિધાઓનો અમલ.
- RTE અધિનિયમ હેઠળ ધોરણ-1 માં 25% બેઠકો પર વિનામૂલ્યે પ્રવેશથી લાખો બાળકોને શિક્ષણનો અધિકાર.
- મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના દ્વારા વિદ્યાર્થીઓને પોષણયુક્ત આહારની સુવિધા.
- રાજયની 1762 સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 16 જેટલા અલગ - અલગ સેક્ટરમાં વ્યાવસાયિક શિક્ષણ ઉપલબ્ધ.
- PM SHRI શાળાઓ દ્વારા ભવિષ્યના રાષ્ટ્ર નિર્માતાઓ માટે ગુણવત્તાસભર અને આધુનિક શિક્ષણ વ્યવસ્થા.
- શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક યોજના દ્વારા ઉત્કૃષ્ટ શિક્ષકોને સન્માન અને પ્રોત્સાહન.
- ધોરણ-10 અને 12 માટે 'Best of Two Exam'થી પરિણામ સુધારવાની અનોખી તક.
- સાક્ષરતા અને નિરંતર શિક્ષણ કાર્યક્રમ દ્વારા નિરક્ષરોને શિક્ષણ સાથે જોડવાનો પ્રયાસ.
- નિપુણ ગુજરાત અભિયાન અને રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખાની નવી દિશાના માધ્યમથી ગુણવત્તાપૂર્ણ શિક્ષણ.
- 360° હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (HPC) દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર.
- ધોરણ-10માં સ્ટાન્ડર્ડ અને બેઝિક ગણિતના વિકલ્પથી વિદ્યાર્થીઓના પરીક્ષા સંબંધિત તણાવમાં ઘટાડો.













"કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ એ સુશિક્ષિત અને વિકસિત ગુજરાતનો મજબૂત આધાર છે."
– હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર